


# પવિત્ર ભૂમિ ઇઝરાયલનો પ્રવાસ

લેખક : છોટુભાઈ જી. પરમાર



The main altar of the Basilica of the Transfiguration



The Church of Nativity

10BGP1

# પવિત્ર ભૂમિ
# ઈઝરાયલનો
# પ્રવાસ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખકઃ છોટુભાઈ જી. પરમાર

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

**પ્રકાશક :**

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન : ૨૬૪૪૫૨૮૧

લેખક : છોટુભાઈ જી. પરમાર

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૭
નકલ : ૧૦૦૦
કિંમત : રૂ. ૩૫/-

મુદ્રક :

**સ્કીનડોટ પ્રિન્ટર્સ**
૬૪, કામા કોમર્શિયલ કોમ્પલેક્ષ,
મિરઝાપુર કોર્ટ સામે, મિરઝાપુર, અમદાવાદ-૧.
ફોન નં. : ૬૫૪૪૬૬૨૯

# પ્રકાશકના બે બોલ

માનવીજીવન એક પ્રવાસ છે. પ્રવાસી તરીકે માનવીજીવન સતત આગળ વધ્યા કરે છે. આ જીવનમાં અનેક અનુભવો આપણને થાય છે. તેમાંના ઘણા અનુભવો ઉત્તેજન આપનારા હોય છે.

શ્રી છોટુભાઈ પરમારે "પવિત્રભૂમિ ઈઝરાયલનો પ્રવાસ" નામનું પુસ્તક લખીને ખરેખર મોટી સેવા કરેલ છે.

જેઓને પવિત્રભૂમિ જવાની તક મળે છે તેઓ ખરેખર આશીર્વાદ પામ્યા છે. એવા આશીર્વાદના ભાગીદાર બનેલા છોટુભાઈ પરમારે આશીર્વાદ વહેંચવાનો પ્રયાસ કર્યો છે. તેથી તેઓ આપણાં સહુના અભિનંદનના અધિકારી છે.

પુસ્તકને વાંચતા વાંચતા એવું લાગે છે કે તમે પણ લેખકની સાથે ચાલી રહ્યા છો. છોટુભાઈ પરમારને તેઓના પરિશ્રમને માટે અભિનંદન આપતા આભાર માનીએ છીએ.

વાચકોની સમક્ષ આ અલગ પ્રકારના પુસ્તકને મૂકતાં આનંદ અનુભવું છું. આશા છે આપ આ પુસ્તકને વધાવી લેશો.

આ પુસ્તકના પ્રકાશન પેટે જુદા જુદા દાતાઓ તરફથી રૂા. ૧૫૦૦૦/- (પંદર હજાર રૂપિયા) મળેલ છે. તે પ્રત્યેક દાતાઓનો હૃદયના ઊંડાણથી આભાર માનું છું.

પ્રેમભાવથી,
**રેવ. ડૉ. હેમંતકુમાર પરમાર**
સેક્રેટરી

સાહિત્ય સેવા સદન
એલિસબ્રીજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.
માર્ચ - ૨૦૦૭

**"પવિત્રભૂમિ ઈઝરાયલનો પ્રવાસ" માટે નીચે મુજબનાં દાન મળેલ છે.**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી જયરાજ એસ. મોગરિયા, નડિયાદ | ૧૦૦૦-૦૦ |
| ૨. | શ્રી જોનભાઈ જી. પરમાર, નડિયાદ | ૧૦૦૦-૦૦ |
| ૩. | સુબેદાર બી.એસ. પરમાર, નડિયાદ | ૧૫૦૦-૦૦ |
| ૪. | શ્રી અને શ્રીમતી નટુભાઈ તથા ઉષાકિરણબહેન ક્રિશ્ચિયન, અમદાવાદ | ૫૦૦૦-૦૦ |
| ૫. | અસ્મિતા અભિવર્ધક સાહિત્ય અભિયાન, નડિયાદ | ૨૫૦૦-૦૦ |
| ૬. | પ્રિન્સિપાલ શાંતાબહેન આર. રાઠોડ, જલગાંવ | ૩૦૦૦-૦૦ |
| ૭. | શ્રી નવિનભાઈ સી. જેમ્સ, નડિયાદ | ૧૦૦૦-૦૦ |

# અમારો ઈઝરાયેલનો પ્રવાસ-૨૦૦૨

આ કાર્ય યહોવાથી થયું છે, તેમાં આપણે આનંદોત્સવ કરીએ ગીતશાસ્ત્ર (બાઈબલ)

આપણા મહાન તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તની અસીમ કૃપાથી, તેમના જન્મ, મરણ, પુનરુત્થાન તથા તેમના જીવનકાળ દરમિયાન કરેલા ચમત્કારોની, પવિત્રભૂમિ - દેશ જોવાની કૃપા અમ ૩૨ વ્યક્તિઓને તેના સાંનિધ્યમાં જઈ પ્રત્યક્ષ જોવા અને જાણવાની કૃપા આપી તેનો ટૂંક અહેવાલ આપતાં આનંદ અનુભવીએ છીએ. રેવ. પૉલ. વી. ગોહિલ સાહેબ (વડોદરા) અને શ્રી અનિલ સી. ક્રિશ્ચિયન અમદાવાદની આગેવાની હેઠળ આખો પ્રવાસ સફળ અને આશીર્વાદિત બની રહ્યો તેમાં ૨૫ વર્ષથી ૮૧ વર્ષ સુધીનાં ભાઈ-બહેનો સામેલ હતાં તેમનાં નામો નીચે મુજબ છે.

અમારો પ્રવાસ તા. ૨૩-૦૫-૨૦૦૨ સવારે ગુજરાત એક્સપ્રેસ દ્વારા મુંબઈ અને મુંબઈથી તા. ૨૪-૦૫-૦૨ રાત્રે ૧૨-૧૫ વાગે વિમાન માર્ગે તેલઅવીવ સાથે શરૂ થયો. તા. ૨૪-૦૫-૦૨ રોજ ત્યાંના સવારના ૮:૦૦ કલાકે તેલઅવીવ ઊતર્યા બંને એરોડ્રામની ઈમીગ્રેશન વિધિ પતાવી બહાર નીકળ્યા બાદ અમારા માટે લકઝરી બસ તૈયાર હતી. તેની મારફતે અમારો પ્રવાસ શરૂ થયો.

તા. ૨૪-૦૫-૨૦૦૨ સૌથી પ્રથમ જોપ્પા બંદર જોયું જ્યાંથી યુના વહાણ મારફતે તાર્સીસ નાસી ગયો હતો. હાઈફા શહેર જોયું. કર્નેલ્યસનું ઘર જોયું. ત્યાંથી નાથાનિયામાં રહી નાસ્તો કર્યો, કાંઈસારિયા, નાઝારેથ જોયું. રોમન થિયેટર જોયું, કાર્મેલપર્વત પર એલિયાની ગુફા જોઈ. ત્યાર બાદ મોરિયા પહાડ જોયો. નાઝરેથમાં ઈસુ, યુસફ, મરિયમનું ઘર જોયું. મરિયમનો ઝરો જોયો, ત્યાંથી કાના ગામમાં જ્યાં ઈસુએ પ્રથમ ચમત્કાર કર્યો તે ચર્ચ અને જીયા જોયા.

તા. ૨૫-૦૫-૦૨ ગાલીલના તિબેરીયસના કિનારે હોડીમાં ભક્તિસભા ચલાવી. જ્યાં ઈસુએ ૧૫૩ માછલી શિષ્યોને પકડાવી. કીબુત્સ જોયું. કાપર નાહુમમાં, ધન્યતાનો પહાડ જોયો જ્યાં ઈસુએ ૫૦૦૦ને જમાડ્યાં હતા. ત્યાંથી સિનેગોગ જોઈ. ઈસુના રૂપાંતરનો પહાડ જોયો

તા. ૨૬-૦૫-૦૨ મૃત સરોવર જોયું. ત્યાં નહાયા. તેમાં ડૂબાતું નથી, ગીલગોવા પર્વત ગુફા જ્યાં દાઉદ અને શાઉલ સંતાયા હતા તે જોયું. અને એલિયાએ કડવું પાણી મીઠું બનાવ્યું તે જોયું. ત્યાં ગેથસેમાની વાડી - સામે રુદનની દીવાલ, મરિયામ માગ્દાલેન ચર્ચ વગેરે જોઈ તા. ૨૭-૦૫-૦૨ કાલવરીની ટેકરી જોઈ - ત્યાં પ્રભુભોજન પાળવામાં આવ્યું. - રેવ. પૉલગોહિલ સાહેબે પ્રભુભોજન પળાવ્યું. - જૂનું યરૂશોલમ, પક્ષઘાતીને સાજો કરવામાં આવ્યો તે સ્થળ બેથસેદાનો કુંડ, ડોમ ઑફ ધ રોક મસ્જિદ મોરિયા પહાડ પર ઈસ્હાકનું બલિદાન તે જગ્યા દૂરથી સિયોન પર્વત જોયો. - વાયા ડોલારસા, દુઃખનો માર્ગ તેમાં ૧૪ મુખ્ય સ્થળો દર્શાવ્યા છે તે જોયું. - આ ચૌદ સ્થળ દાઉદથી ઈસુ સુધી ૧૪ દર્શાવે છે. - ઈસુનો ન્યાય કરવામાં આવ્યો તે જગ્યા જોઈ - સિમોનકુરેનીએ વધસ્તંભ ઊંચક્યો તે જોઈ. રુદનની દીવાલ આગળ બધાએ પ્રાર્થના કરી ત્યાંથી ઉપલી મેડી જ્યાં ઈસુએ શિષ્યોને પ્રાર્થના કરતા શીખવ્યું તે ગુફા જોઈ - દાઉદની કબર જોઈ - હીટલરે ૬૦ લાખ યહૂદીઓને મારી નાંખ્યા તેની યાદમાં મોટું મ્યુઝિયમ તે જોયું.

તા. ૨૮-૦૫-૦૨ મોરિયા પહાડ, જ્યાં દેવે ઈબ્રાહિમને - ઈસ્હાક માટે બલિદાનની જગ્યા બતાવી. અસલ ખોપરીની જગ્યા જોઈ ત્યાં પ્રભુભોજન પાળવામાં આવ્યુ.

તા. ૨૯-૦૫-૦૨ બેથલેહેમથી મૃત સરોવર થઈ - કેરો, ગયા, રસ્તામાં સુએજ કેનાલ, નેગેબદેશ, એનગેડીની ખીણ, મસાદાનો કિલ્લો, ૯૬૭ યહૂદી જાતે મરી ગયા તે જગ્યા જોઈ - સદોમ - ગમારોહ, લોટની વહુ ખારનો થાંભલો થઈ ગઈ તે પહાડો જોયા, - તિમ્ના શહેર વગેરે જોઈ ઇજિપ્ત તરફ ગયા.

તા. ૩૦-૦૫-૦૨ તાબાગેટથી ઈમીગ્રેશન પતાવી - સેંટ કેથરીનનો મઠ જોયો. અહીં મૂસાને દર્શન થયું તે જગ્યા જોઈ - રાહેલનો કૂવો જોયો. મુસાએ ઈથ્રોની દીકરીઓને છોડાવી તે જગ્યા જોઈ.

તા. ૩૧-૦૫-૦૨ ઇજિપ્ત પહોંચી નાઈલનદી, પિરામિડો જોયા ૩ મુખ્ય છે. કલીનીક્સનું મોટામાં મોટું સ્ટેચ્યું જોયું. પપાઈ રસ તથા પરફ્યુમ ફેકટરીઓ જોઈ - ત્યાંનું કોપટીક ચર્ચ જોયું. - સહારાનું રણ જોયું. એ રાત્રી રોકાણ ઇજિપ્તમાં કર્યા બાદ - ઈઝરાયેલ પરત આવ્યા.

## ૨૦૦૨ના પ્રવાસમાં જોડાયેલા ભાઈ-બહેનોની યાદી

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વિકટરભાઈ જે. મેકવાન | - ગાંધીનગર CNI |
| ૨ | શ્રી છોટાલાલ જે. મેકવાન | - મણિનગર મેથોડિસ્ટ |
| ૩ | શ્રી આલ્બર્ટભાઈ ઝાઝરકીયા | - ભાવનગર CNI |
| ૪ | શ્રીમતી સુમતિબહેન એ. ઝાઝરકીયા | - ભાવનગર CNI |
| ૫ | વાયોલેટ એસ. જાદવ | - મણિનગર મેથોડિસ્ટ |
| ૬ | કમળાબહેન ઓબેદભાઈ ક્રિશ્ચિયન | - મણિનગર મેથોડિસ્ટ |
| ૭ | સુમિત્રાબહેન એલ. ક્રિશ્ચિયન | - આણંદ - મેથોડિસ્ટ |
| ૮ | વિજયાબહેન શાંતિલાલ પાંડવ | - ગાંધીનગર બેરશેબા |
| ૯ | શ્રી અનિલ સી. ક્રિશ્ચિયન | - મણિનગર મેથોડિસ્ટ |
| ૧૦ | શ્રીમતી કુસુમબહેન અનિલ ક્રિશ્ચિયન | - મણિનગર મેથોડિસ્ટ |
| ૧૧ | શ્રી અંબાલાલ મેકવાન | - વડોદરા મેથોડિસ્ટ |
| ૧૨ | શ્રીમતી શાંતાબહેન એ. મેકવાન | - વડોદરા મેથોડિસ્ટ |
| ૧૩ | શ્રી જયાનંદ યોહાનભાઈ ક્રિસ્ટી | - વડોદરા CNI |
| ૧૪ | શ્રીમતી ગ્રેસબહેન જે. ક્રિશ્ચિયન | - વડોદરા CNI |
| ૧૫ | શ્રી નટુભાઈ કે. મેકવાન | - મણિનગર મેથોડિસ્ટ |
| ૧૬ | શ્રીમતી કીરપાબહેન એન. મેકવાન | - મણિનગર મેથોડિસ્ટ |
| ૧૭ | શ્રી કુસુમબહેન જે. પરમાર | - આણંદ - સા. આર્મી |
| ૧૮ | ફ્રેન્ક સંગીતા - નિકોલસભાઈ | - આણંદ સા. આર્મી |
| ૧૯ | શ્રી મધુભાઈ પટેલ | - અમદાવાદ - અલાયન્સ |
| ૨૦ | અરુણાબહેન એમ. પટેલ | - અમદાવાદ - અલાયન્સ |
| ૨૧ | વિલ્યમભાઈ બારીયા | - ઝાલોદ CNI |
| ૨૨ | શશીકાન્તા વી. બારીયા | - ઝાલોદ CNI |
| ૨૩ | શ્રી જેમ્સ એસ. કટારા | - ઝાલોદ CNI |
| ૨૪ | શ્રીમતી શુશીલાબહેન જે. કટારા | - ઝાલોદ CNI |
| ૨૫ | શ્રી છોટુભાઈ જી. પરમાર | - નડિયાદ મેથોડિસ્ટ |
| ૨૬ | શ્રી એલિઝાબેથ એ. મેકવાન | - અમદાવાદ મેથોડિસ્ટ |
| ૨૭ | શ્રી સિયોનાબહેન એ. મેકવાન | - અમદાવાદ મેથોડિસ્ટ |
| ૨૮ | કુ. લીઝા પૉલ ગોહિલ | - વડોદરા - મેથોડિસ્ટ |
| ૨૯ | રેવ. પૉલ વી. ગોહિલ | - વડોદરા - મેથોડિસ્ટ |
| ૩૦ | શ્રી સ્તેફન એલ. ક્રિશ્ચિયન | - મણિનગર R.C |
| ૩૧ | પ્રોફેસર કાન્તીલાલ પરમાર | - નડિયાદ R.C |
| ૩૨ | શ્રીમતી લુસીયાબહેન કે. પરમાર | - નડિયાદ R.C |

**શ્રી છોટુભાઈ જી. પરમાર, નડિયાદ**



નોંધ : આ ગૃપ ફોટો ઈસુનું જન્મ સ્થળ જે ચર્ચ ઓફ નેટીવીટીને નામે વિશ્વમાં પ્રખ્યાત છે અને આજે પણ આ ચર્ચ અસ્તિત્વ ધરાવે છે. યરૂશાલેમ પર વારંવાર યુધ્ધો કરીને ઘણાં ચર્ચો તોડી પાડવામાં આવ્યા . આ ઐતિહાસિક અને ચમત્કારીક ચર્ચ આજે પણ ઈસુના જન્મની સાક્ષી પૂરે છે.

# પવિત્ર ભૂમિ ઈઝરાયેલનો પ્રવાસ-૨૦૦૪

**સંકલનકાર : શ્રી છોટુભાઈ પરમાર**

પ્રભુબાપની અસીમ કૃપાથી ઈઝરાયેલની પવિત્રભૂમિમાં આણંદ-અમદાવાદ, નડિયાદ, વડોદરા, સુરત, વ્યારાનાં ૨૭ ભાઈબહેનો સુખરૂપ જઈને, આવી શક્યા. રેવ. પૉલ વી. ગોહિલ અને શ્રી એ. ડી. મેકવાનની રાહબરી હેઠળ યોજાયેલ આ પ્રવાસ અત્યંત સફળ ને આશીર્વાદિત રહ્યો. શ્રી છોટુભાઈ જી. પરમાર પણ તેમાં જોડાયા હતા. તેઓ નડિયાદથી ૪ મિત્રોને સાથે લાવ્યા હતા.

તેલ-અવીવ, તીબેરિયસ, કાના, નાઝરેથ, હાઈફા (કાર્મેલ પર્વત), તાબોર પર્વત (રૂપાંતરનો પહાડ), કાપરનાહૂમ, યરદન નદી, મૃત-સરોવર, કુમરાન, બેથલેહેમ, યરૂશાલેમ, બેથાની, ઈલાટ, બેરશેબા યરેખો, કાઈસારિયાનાં બાઈબલમાં દર્શાવેલ બધાં અગત્યનાં સ્થળો, જેવાં કે ઉપલી મેડી, દાઉદની કબર, જૈતુન પર્વત, વાયાડોલો રસા (વધસ્તંભનો માર્ગ) ઈસુની કબર, ગેથસેમાને, રુદનની દીવાલ, કિદ્રોન નાળું. ગેહેન્ના, સ્વર્ગારોહણનું સ્થળ, બેથેસ્દાનો, કુંડ, ઈસુનું જન્મસ્થળ, ગલગથ્થા, ભરવાડોનું ખેતર, બાપ્તિસ્માસ્થળ (યરદન નદી), ધન્યતાનો પહાડ તબધા (૫૦૦૦ને જમાડ્યા હતા તે સ્થળ) ગાલીલ સરોવર (બોટીંગ) સદોમ-ગમોરાહનો પ્રદેશ એનગેદી વગેરે સ્થળો જોયાં. લાજરસની કબર ત્યાંથી ટાબા બોર્ડર થઈ સિનાય પર્વત ગયા. જ્યાં બળતું ઝાડવું, સેન્ટ કેથરિન મઠ, કેરો શહેર (ઈજિપ્ત=મિસર) જોયાં. કેરોમાં પિરામિડ, સ્ફીન્કસ, કેરોનું મ્યુઝિયમ જેમાં તુતાનખામન રાજાનું ૫૦૦ કિલો સોનું છે. સોનાનાં આભૂષણો, શબપેટીઓ વગેરે સોનાનાં છે તે, ઈજિપ્તનાં મમી, પપીરાપત્રની ફેકટરી (જેમાં ચર્ચપત્રો/ઓળિયાં પછી બાઈબલ લખાયું હતું તે) પરફ્યુમ ફેકટરી વગેરે જોયાં. બધાં મળી લગભગ ૬૫ થી ૭૦ જેટલાં સ્થળો જોયાં.

ઈશ્વરકૃપાએ ૬૦થી ઉપરની ઉંમરના ઘણાં સિનિયર સિટીઝન્સ (૮૪ સુધીનાં) વડીલો હોવા છતાં કોઈને કોઈ બીમારી/તકલીફ નડ્યાં નથી, બધાં હેમખેમ ને સલામત હતાં. મિલાન (ઈટાલી)ના એરપોર્ટ પર જતાં-આવતાં અલ-ઇટાલીઆ એરલાઈન્સના વિમાન દ્વારા અમે ગયાં ને આવ્યાં. બધી મળી આશરે ૨૫૦૦૦ કિલોમીટરથી વધુ મુસાફરી થઈ. મિસરથી આવતાં રસ્તામાં સુએઝ કેનાલ પણ જોઈ મૃત સરોવરમાં તર્યા.

જ્યાં ડૂબાતું નથી. સૂતાં સૂતાં વાંચી શકાય છે તેવું તે ખારું પાણી છે. તેનો અનુભવ પણ કર્યો. રોજ ગીતો-સ્તોત્રો, ગાતાંગાતાં મુસાફરી કરતાં રહ્યાં જે જે સ્થળોએ ગયા ત્યાં ત્યાં બાઈબલનાં વચનો ને તે સ્થળોને લગતાં વાંચ્યા ને તેની પૂરી સમજ માહિતી અંગ્રેજી-ગુજરાતીમાં આપી.

આવેલા તમામ ૩૦ પ્રવાસીઓએ ત્રણ ખંડો (૧) એશિયા (૨) આફ્રિકા (૩) યુરોપનો પ્રવાસ આનંદથી માણ્યો - અનુભવ કર્યો અને જોયો.

પ્રભુકૃપાથી અત્યાર સુધીમાં ગુજરાતમાંથી એકાદ હજાર જેટલા ભાઈબહેનો જ ઈઝરાયેલ ગયાં હશે. તેથી પ્રભુ કૃપા આપે તો જેમ અમને તક મળી અને આપને પ્રભુ તક આપે તો એકવાર બીજું કંઈ નહિ તો ઈઝરાયેલ પ્રભુની પવિત્ર ભૂમિ જોવાનું રખે ચૂકતા અમને ૩૦ જણને આ તક મળવાથી ઈશ્વરપિતાને હજારો વાર વંદન કરીએ છીએ. આભારસ્તુતિનાં અર્પણો ચઢાવીએ છીએ અને મહિમા આપીએ છીએ.

**બેઠેલામાં જમણેથી** (૧) શ્રી જયંતભાઈ (અમદાવાદ) (૨) શ્રીમતી રૂખીબહેન (અમદાવાદ) (૩) શ્રીમતી શાંતિબહેન (અમદાવાદ) (૪) શ્રી સાયમનભાઈ (અમદાવાદ) (૫) શ્રી સુશીલાબહેન (નડિયાદ) (૬) શ્રી સૂરજબહેન (નડિયાદ) (૭) શ્રી કલેરાબહેન (નડિયાદ) (૮) શ્રી પ્રિસ્કીલાબહેન (વડોદરા)

**પ્રથમ ઊભેલામાં** (૧) શ્રીમતી ચંચળબહેન (વડોદરા) (૨) ભગત મારીયાઆઈડા (વડોદરા) (૩) શ્રીમતી મીનામારજોરી (અમદાવાદ) (૪) શ્રી ફ્રેન્કલીનભાઈ (અમદાવાદ) (૫) રેવ. પૉલ ગોહિલ (વડોદરા) (૬) શ્રી નવીનચંદ્ર (અમદાવાદ) (૭) શ્રીમતી આનંદીબહેન (અમદાવાદ) (૮) શ્રીમતી મારીયાબહેન (વડોદરા) (૯) શ્રીમતી ગુણવંતીબહેન (નડિયાદ) (૧૦) શ્રી છોટુભાઈ પરમાર (નડિયાદ)

**બીજી લાઈનમાં** (૧) શ્રીમતી અરવિંદાબહેન (આણંદ) (૨) રેવ. પી.ટી. (વડોદરા) (૩)શ્રી ગીલ્બર્ટભાઈ (નડિયાદ) (૪) શ્રી ઈમાનુએલભાઈ (અમદાવાદ) (૫) શ્રી અંબાલાલભાઈ (વડોદરા) (૬) શ્રી ઑલીવર હેરી (વડોદરા) (૭) શ્રી ક્લીઓપાસ (સુરત) (૮) શ્રી યુનાભાઈ (કરંજવેલ) (૯) શ્રી વિનોદભાઈ (પાંખરી) (૧૦) ગાઈડ મહંમદ (ઈઝરાયેલ) (૧૧) એજન્ટ - વિન્ફ્રેડ (૧૨) Mrs. Judy Fernandis (૧૩) Miss. Venona Fernandis (ગોવા).

**શ્રી છોટુભાઈ જી. પરમાર, નડિયાદ**



નોંધ : આ ગૃપ ફોટો ઈસુએ તેમના શિષ્યોને "ઓ આકાશમાંના અમારા બાપ" એ પ્રાર્થના કરતાં શીખવ્યું તે આ જગ્યા છે. આ પ્રાર્થના વિશ્વની ૮૦ ભાષાઓમાં તક્તી પર લખવામાં આવી છે. જેમાં ગુજરાતી ભાષામાં પણ આ પ્રાર્થના લખેલી જોવા મળે છે. તે જગ્યાએ ગુજરાતીઓ તરીકે આ ગૃપફોટો લેવામાં આવે છે.

# પવિત્ર ભૂમિના પ્રવાસ અંગે અભિપ્રાય

સાહિત્યમાં અનેકવિધ વિવિધતા છે. જેમાં કાવ્યો, નિબંધ, લેખો વિગેરે જેમાં પ્રવાસવર્ણનો એ સાહિત્યનો પ્રકાર છે. પ્રવાસ કર્યો હોય જ્યાં ગયા હોય તેનું તાદશ્ય વર્ણન કરવું રજે રજ, ઝીણામાં ઝીણી વિગતોનું વર્ણન કરવું તેનો ઈતિહાસ પશ્ચાદભૂમિકા, તે સ્થળની આજુબાજુ સંકળાયેલા લોકો વિગતો વિગેરેને વિષે જણાવવું તે પ્રકારનું વર્ણન એટલે પ્રવાસવર્ણન. જે દ્વારા વાંચક જ્યાં પહોંચી શકતો નથી તે સ્થળનું વર્ણન શબ્દોની ગુંથણી કરીને તે સ્થળે વાચક પોતે ફરી રહેલો છે, તેવી અનુભૂતિ કરાવવી એ નાનીસૂની વાત નથી.

પવિત્રભૂમિ ઈઝરાયેલનાં પ્રવાસોમાં ફરવા જવું, જોવું એ લહાવો ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં એક કર્મચારી શ્રી છોટુભાઈ જી. પરમારને પ્રાપ્ત થયો છે. તેના સફળ સ્વરૂપ પ્રભુએ તેમને પ્રેરણા આપી અને પવિત્રભૂમિના પ્રવાસનું વર્ણન વિગતવાર કરી ખ્રિસ્તી સમાજનાં લોકોના હાથમાં પહોંચે તેવી ભાવનાથી તેમણે સુંદર વર્ણન કર્યું છે. તેની હસ્તપ્રત મને બતાવી. જે વાંચી ગયો. તેમાં તેમણે સરળ શબ્દોમાં જે આલેખ્યું છે તે યોગ્ય ગણાતા ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી દ્વારા પ્રસિધ્ધ કરવાની સંમતિ આપવામાં આવી.

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી દ્વારા બહુ જૂજ પ્રવાસવર્ણન કરતાં પુસ્તકો છે. ઘણાં બધા નાણાં તથા સમયના અભાવે આપણે ઈઝરાયેલ જઈ શકીએ તેમ નથી તેમને ઘરે બેઠા આ પુસ્તક દ્વારા ઈઝરાયેલની માહિતી મળી શકશે, જેનાથી અવર્ણનીય આનંદ પ્રાપ્ત થશે. એવી મારી આશા અને ખાતરી છે.

આ પ્રવાસ વર્ણનમાં પવિત્ર બાઇબલમાં આલેખાયેલાં સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. જેમાં ઐતિહાસિક અને નક્કર હકીકતો આપેલી છે. તે વિશે ખાસ નોંધ લેવામાં આવી છે. બાઇબલના અભ્યાસી અને જાણકાર જ આવી ચોક્સાઈથી વર્ણન કરી શકે.

ગુજરાતના અને ગુજરાત બહારના ખ્રિસ્તી સમુદાયના લોકો ચોક્કસ આ પુસ્તકને આવકારશે. તેમાં બે મત નથી. માહિતીસભર પુસ્તક આપવા બદલ શ્રી છોટુભાઈ જી. પરમાર ખરેખર અભિનંદનને પાત્ર છે. સ્વખર્ચે જઈને ઘણાંની આંખો આગળ ઈઝરાયેલ ખડું કરેલું છે.

આ પુસ્તક પરત્વે બે બોલ લખવા બદલ મારી પસંદગી કરી તેથી તેમનો આભારી છું. આ પુસ્તકની હસ્તપ્રત તેમજ પ્રથમ પ્રૂફરીડિંગ કરવાની તક મળેલ છે.

આવનાર વર્ષોમાં પ્રભુ તેમનો ઉપયોગ કરી અન્ય પુસ્તકો આપતા રહેશે જે દ્વારા પ્રભુને મહિમા મળે એજ શુભેચ્છા સહ.

**રેવ. ઈમાનુએલ એસ. કાન્ત**
ડિસ્ટ્રીક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ (વડોદરા)
બિઝનેસ આસિસ્ટંટ,
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
અમદાવાદ

ડિસ્ટ્રીક્ટ બંગલો,
હિલ મેમોરિયલ સ્કૂલ પાસે,
ફતેહગંજ, વડોદરા-૨.

# પવિત્ર ભૂમિના પ્રેરક પ્રવાસવર્ણન પરત્વે અભિપ્રાય

પ્રભુકૃપાએ સ્વપ્રયત્ને સાહિત્યસેવામાં પ્રગતિ કરી રહેલા શ્રી છોટુભાઈ જી. પરમારે અંકિત કરેલું સ્વયં અવલોકિત પ્રવાસવર્ણન ધર્મ પ્રત્યેની ધગશ અને ધખનાનું પરિણામ છે.

પવિત્ર ભૂમિને નામે પ્રખ્યાતિ પામેલા ઈઝરાયલ પ્રદેશના મૂળ પેલેસ્ટાઈનની ધરતી જગદુધ્ધારક પ્રભુ ઈસુ મસીહની શિશુ અવસ્થાનું પારણું બનેલી છે અને તેમના ચરણરજથી પુલકિત થયેલી છે. તેનો પ્રવાસ કરીને એ દર્શનને પોતાના સમાજ અને મંડળી સમક્ષ અભિવ્યક્ત કરવાની શ્રી છોટુભાઈની તાલાવેલી આ પુસ્તક દ્વારા વર્તાય છે.

તેમનું નામ છોટુ છે પણ વિવિધ સેવાક્ષેત્રોમાં તેમનું નામ મોટું છે. મહુધા નામના નાનકડા ગામના વતની તરીકે અને પરિશ્રમ દ્વારા પ્રગતિ પામી રહેલા વિસાત વિનાના સેવક તરીકે ઓળખાવે છે. એ એમની નમ્રતાનું સૂચક છે. ખરેખર તો મહુધા નાનું ગામ નથી. એ નગર છે. હવે તાલુકાનું મથક બનેલું છે. અહીંથી ઘણા વિદ્વાન અને ધાર્મિક ધર્મસેવકો મંડળીની સેવામાં પ્રાપ્ત થયેલા છે. શ્રી છોટુભાઈ તેમાંના એક છે.

‘જે કંઈ કામ તારે હાથ લાગે તે મન લગાડીને કર,’ મહાજ્ઞાની સોલોમનનું એ સૂત્ર શ્રી છોટુભાઈએ આચરી બતાવેલું છે. સમાજ, મંડળી, ટ્રાકટ એન્ડ બુક સોસાયટી, સાહિત્યવિતરણ, પ્રકાશનમાં મન લગાડીને કામ કરવામાં તેમણે પ્રગતિનાં ક્ષેત્રો સર કરેલાં છે.

આ પ્રવાસવર્ણનમાં સ્થળોની વિગતો સાથે પવિત્ર બાઈબલમાં દર્શાવેલી તેની જે ઐતિહાસિક અને ધાર્મિક મહત્તા દર્શાવેલી છે તેનો ઉલ્લેખ કરાયેલો છે. બાઈબલનો અભ્યાસ કરેલો હોય એ લેખક આવો ઉલ્લેખ કરી શકે. આવું આલેખન કરવામાં શ્રી છોટુભાઈના પ્રવાસનો આશય પ્રભુ ઈસુને મહિમા અને માન આપવાનો છે એનો ખ્યાલ વાચકને આવે છે.

આ અગાઉ તેઓશ્રીએ 'પરિશ્રમની કેડીએ' શીર્ષકથી વિચારો અને પ્રસંગોની લેખમાળાના ત્રણ સંપુટો પ્રકાશિત કરેલા છે; એ લોકાભિમુખ થયેલાં છે.

આ પુસ્તક દ્વારા તેઓ સાહિત્યના એક નવા સ્વરૂપ પ્રવાસવર્ણનમાં સફળતાપૂર્વક આગળ વધેલા છે. તેમાં શક્ય એટલાં વર્ણન, માહિતી અને અવલોકનને તેમણે આવરી લીધલાં છે. પુસ્તકના વાંચનથી વાચકોને ઈઝરાયેલમાં વિહરતા હોવાની અનુભૂતિ થશે અને એ પવિત્ર દર્શન દ્વારા આત્માથી અને સચ્ચાઈથી ભક્તિ કરવાનું આત્મિક ભાથું પ્રાપ્ત થશે એવી અપેક્ષા અસ્થાને ગણાશે નહિ.

સુજ્ઞ વાચકશ્રીઓ આ પુસ્તકને આવકારશે એવી ખાતરી છે. આવું સુંદર, માહિતીસભર પુસ્તક આપવા બદલ શ્રી છોટુભાઈ ગુજરાતની ખ્રિસ્તી જનતાના અભિનંદનના અધિકારી છે. તેઓને ધન્યવાદ!

પવિત્ર ભૂમિના પ્રવાસના આવા પ્રેરક પુસ્તક પરત્વે બે બોલને બદલે વધારે લખાણ લખવાનું શ્રેય પ્રાપ્ત થવા બદલ હું પ્રભુનો આભાર માનું છું. તે સાથે લેખક શ્રી છોટુભાઈનો પણ આભારી છું.

તેઓશ્રી વિવિધ સ્વરૂપે અન્ય પુસ્તકો આપતા રહે એવી શુભેચ્છા અને પ્રાર્થના વ્યક્ત કરું છું.


3/A નૂતન આદર્શ સોસાયટી, - **ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી**

સ્ટેશન પાછળ, નડિયાદ-૩૮૭૦૦૨

# પવિત્ર ભૂમિ ઈઝરાયેલનો અદ્‌ભુત પ્રવાસ

પ્રભુબાપનો પુષ્કળ આભાર કે જેમની કૃપાથી ઈઝરાયેલ ૪ (ચાર) વખત ટુર લઈ જવાની તક મળી જેમાં છેલ્લી બે ટૂરનું આયોજન કર્યું તે બંનેમાં શ્રી છોટુભાઈ જી. પરમાર ટૂરમાં જોડાયા હતા. તે બંને ઈઝરાયેલના પ્રવાસ દરમ્યાન તેમને જે પ્રેરણા મળી તેનું રસપ્રદ વર્ણન આ પુસ્તકમાં મૂક્યું છે ને ત્યાંનાં મીઠાં યાદગાર સંભારણાં ટાંક્યાં તે ખરેખર પ્રશંસાપાત્ર ને સચોટ છે. અગાઉ શ્રી પ્રતાપભાઈ કોન્ટ્રાક્ટર અને રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન સાહેબે તેમણે ઈઝરાયેલનો પ્રવાસ ખેડ્યો તે પછી પુસ્તકો લખ્યાંને ગુજરાતી ખ્રિસ્તી આલમને ઈઝરાયેલ દેશ કેવો છે, ત્યાં જોવાલાયક સ્થળો કયા છે, ત્યાં જવાથી કેવી ગજબની લાગણીઓ અનુભવાય છે તેનું વર્ણન આપ્યું હતું. શ્રી મફતલાલ પટેલ અને સચ્ચિદાનંદે પણ તેમનાં લેખોમાં અને પુસ્તકોમાં ઈઝરાયેલના જે ભારોભાર વખાણ કર્યાં છે તે યોગ્ય જ છે. એમાં ઉમેરો કરતાં શ્રી છોટુભાઈ જી. પરમારે જે પુસ્તક લખ્યું તે મોટી સિદ્ધિ ગણાય. તેમને મારાં હાર્દિક અભિનંદન પાઠવતાં હું આનંદ અનુભવું છું. આ અગાઉ તેમણે લખેલાં અન્ય પુસ્તકો જેવાકે ‘પરિશ્રમની કેડીએ’ ભાગ -૧, ભાગ-૨ અને ભાગ-૩ એ પુસ્તકો કરતાં ઈઝરાયેલના પ્રવાસનું પુસ્તક અનોખું છે. કારણ તેમણે પોતે આ પ્રવાસ ખેડ્યો છે. આશા છે કે આ પુસ્તકને ગુજરાતી સાહિત્યપ્રેમી અને બાઈબલચાહક અને ખ્રિસ્તી મંડળીઓના સભ્યો/ભાઈબહેનો વધાવી લેશેને બહોળો ઉપયોગ કરશે. તેમણે જે પ્રેમથી, ભાવનાથી, મહેનત કરીને જાતે ખર્ચ કરીને આ પુસ્તક લખ્યું છે તે ત્યારે જ સાર્થક ગણાશે કે જ્યારે વાચકવર્ગ એને વાંચે, સમજપૂર્વક વાંચેને ઈઝરાયેલ વિષે જાણે અને પ્રભુ તેમને દોરે તો ઈઝરાયેલ જઈ પોતે એ અનુભૂતિ પામે. ઈસુ જે રસ્તે ચાલ્યા (વાયા ડોલારસા) તેમનાં પગલાંમાં પગ મૂકે. ઈસુને ઓળખે તે જીવનો સોંપે. બદલાણ પામે ને નવાં બને એ જ પ્રાર્થના.

ફરીથી છોટુભાઈને હું અભિનંદન પાઠવું છું. મારી શુભેચ્છાઓ અને પ્રાર્થનાઓ તેમના આ ઉમદા સાહસ સાથે છે. પ્રભુ આ પુસ્તકના પ્રકાશનને આશીર્વાદિત કરો. પ્રાર્થના - અભિનંદન - શુભેચ્છા સહ.

**રેવ. પૉલ. વી. ગોહિલ**

ડિસ્ટ્રીક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ,

મેથોડિસ્ટ વિલેજ સેન્ટર. રેલ્વે સ્ટેશન પાસે, કઠલાલ, જિ. ખેડા

# સમર્પણ

મારા ઉછેરમાં જેમનો અમૂલ્ય ફાળો રહેલો છે તેવા વહાલાં દાદીમા, અને વહાલાં માતપિતા કે જેઓએ મને પ્રભુના પ્રેમમાં ઉછેર્યો એટલું જ નહિ પણ સાથે પ્રભુની દ્રાક્ષાવાડીમાં સેવા માટે અલગ કર્યો. તેમ જ મારાં ધર્મપત્ની અને બંને દીકરાઓ કે જેઓએ મારી પડખે ઊભા રહીને અત્યાર સુધી મદદ કરી સાથે પ્રભુના પવિત્રદેશ ઈઝરાયેલમાં બે વખત જવા માટે મદદ કરી સાથે સાથે મારી સેવામાં તેઓ મદદરૂપ બન્યા છે. તેમના અમૂલ્ય સાથસહકારના ફળસ્વરૂપે મારા જીવનનું શ્રેષ્ઠ પુસ્તક "પવિત્રભૂમિ અને ઈઝરાયેલના પ્રવાસનું વર્ણન" જીવનના કિંમતી નજરાણા તરીકે તેઓને અર્પણ કરુ છું.

**શ્રી છોટુભાઈ જી. પરમાર**

## લેખકના બે બોલ

હું કોણ? અને મારી શી વિસાત? કે હું પવિત્ર દેશ, પવિત્ર ભૂમિ અને પવિત્ર ઈશ્વરનાં પરાક્રમી કામો વિશે લખું. એક સામાન્ય કુટુંબમાં જન્મેલો અને મહુધા જેવા નાના ગામમાં મારો ઉછેર થયો પરંતુ જેમ લખવામાં આવ્યું છે કે નાઝરેથમાંથી શું સારું નીકળી શકે? એ જ રીતે મારા જેવા સામાન્ય મનુષ્ય પર ઈશ્વરની મહાન કૃપામાં મહુધા જેવા નાના ગામમાંથી પ્રભુએ પસંદ કરી તારણના અનુભવમાં લાવી શરૂઆતમાં મંડળીમાં, સમાજમાં ઉપયોગ કર્યો અને યોગ્ય સમયે **ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,** અમદાવાદમાં સાહિત્ય દ્વારા સુવાર્તાપ્રચારના કાર્યમાં પસંદ કરી તા. ૦૭-૦૮-૧૯૮૦માં તેની દ્રાક્ષાવાડીમાં મજૂર તરીકે પસંદગી આપી. ત્યારથી આજ સુધી અનેકવિધ આશીર્વાદોના ભાગીદાર બનવાની પ્રભુએ કૃપા આપી. એટલું જ નહીં પણ સમયની સંપૂર્ણતાએ મારા અને જગતના ઉદ્ધારનાર ઈસુનો જન્મ પેલેસ્ટાઈન દેશના **બેથલેહેમ** ગામમાં થયો. તેમનો ઉછેર **નાઝરેથ**માં થયો તેઓ **"નાઝારી"** કહેવાયા અને સેવાની શરૂઆત તેમણે ૧૨ વર્ષની ઉંમરે પ્રભુના ઘરમાંથી એટલે કે "યરુશાલેમ" થી કરી અને આસપાસના વિસ્તારોમાં ફરીને સર્વ દુઃખી, નિરાધાર અને પાપમાં કચડાયેલાઓને તેમાંથી મુક્ત કરવા એમનું સંપૂર્ણ જીવન સમર્પિત કરીને ક્રૂસ પર બલિદાન આપ્યું. ત્યાંથી તેમણે સ્વર્ગારોહણ કર્યું. હવે પછી બીજીવાર પૃથ્વી ઉપર તેમના લોકને લેવા સારુ પૃથ્વી પર પાછા આવશે. આ બધાં જ સ્થળો પ્રત્યક્ષ જોવાની, જાણવાની, ફરવાની તક મળતાં ઈઝરાયેલ જેવા પવિત્ર દેશમાં પ્રભુ મને લઈ ગયા અને ૧૦ દિવસના સમય દરમિયાન જે જોયું, જે જાણ્યું અને જે અનુભવ્યું તે આ નાના પુસ્તકમાં કંડારવાની પવિત્ર આત્માની જે દોરવણી મળી તે માટે પ્રભુનો આભાર માનું છું. **ઈઝરાયેલ**ના પ્રવાસનું આ નાનું પુસ્તક ગુજરાતની તમામ મંડળીઓ અને ભાઈ-બહેનો સમક્ષ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે ત્યારે મારું હૃદય ખરેખર આનંદથી ઊભરાઈ જાય છે.

પવિત્ર ભૂમિ ઇઝરાયેલનો પ્રવાસ મારા માટે બિલકુલ અશક્ય બાબત કહેવાય, પરંતુ આ સમયે મારાં ધર્મપત્ની શ્રીમતી મિલ્કાહનો આભાર માનું છું. પ્રવાસ માટે મેં જે લોન લીધી હતી તે બધી તેમણે તેમના પગારમાંથી ભરપાઈ કરી દીધી અને પરિણામે ઇઝરાયેલનો પ્રવાસ મારા માટે શક્ય બન્યો. તેમની ઉદારતા માટે હૃદયના ઊંડાણથી આભાર માનું છું. સાથે મારા બન્ને દીકરાઓ અર્પણ અને આશિષનો આભારી છું કે તેઓએ મને પ્રવાસમાં જવા માટે ખૂબ ઉત્તેજન અને સહકાર આપ્યાં

તેથી કુટુંબનો ઋણી છું. સાથે મારા માતા-પિતા અને દાદીમાનો પણ હું આભારી છું કે તેમણે મને શિક્ષણ આપ્યું અને પ્રભુની વાડીમાં સેવા કરવા અલગ કર્યો. પરિણામે આજે ગુજરાતભરમાં મારી સેવાની કદર લોકો દ્વારા કરવામાં આવે છે માટે કુટુંબનાં વહાલાંઓનો હું ખૂબ આભારી છું.

જેમ ગીદીયોને કહ્યું, જો મનાશ્શામાં મારું કુટુંબ સૌથી ગરીબ છે, ને મારા બાપના ઘરમાં હું સૌથી નાનો છું. તેમ હું પણ સામાન્ય ગરીબ કુટુંબમાં જન્મેલો. મારાં માતપિતા ખેતમજૂર અને ઈંટો પાડનાર હતાં. એવા સામાન્ય કુટુંબમાં જન્મેલા મારા જેવા પામર મનુષ્યની શું વિસાત કે હું પ્રભુના પવિત્ર દેશમાં જઈ શકું? પરંતુ જે અશક્ય બાબત ઈશ્વરે મારા હકમાં શક્ય કરી અને એ મહાન આશીર્વાદના ભાગીદાર બનવાની તક પ્રભુએ પૂરી પાડી. પરિણામે આ નાનું પુસ્તક લખી શક્યો છું. મારી આશા અને પ્રાર્થના છે કે આ પુસ્તકથી ઘણાંને આત્મિક લાભ પ્રાપ્ત થાય.

જો કે આ પુસ્તકમાં ઘણી બધી ત્રુટિઓ હશે. તેમાં બધી વિગતો કદાચ આવરી ન પણ લેવાઈ હોય તેથી આ પુસ્તક કદાચ અપૂર્ણ લાગે તેમ છતાં જેઓને હજી સુધી ઇઝરાયેલ જવાની તક સાંપડી નથી તેઓને આ પુસ્તક વાંચવાથી તેવો આભાસ થાય કે અમે પણ આ પ્રવાસમાં જોડાયા છીએ એવી ચોક્કસ ખાતરી અને પ્રતીતિ સાથે તેમ જ બનતી તમામ કાળજી રાખી આ પુસ્તક ખ્રિસ્તી સમાજને અર્પણ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું. આ અગાઉ મારાં ત્રણ પુસ્તકો પરિશ્રમની કેડીએ ભાગ ૧, ૨ અને ૩ ગુજરાતની ખ્રિસ્તી જનતા સમક્ષ મૂકી શક્યો છું તેને સારો આવકાર અને પ્રતિસાદ મળ્યો છે. હાલમાં ભાગ ૧ અને ભાગ ૨ લગભગ ખલાસ થઈ ગયા છે તેનું પુનઃમુદ્રણ કરવાની પણ મારી ઇચ્છા છે. આપ સર્વના મારા પ્રત્યેના પ્રેમ લાગણી માટે આભાર વ્યક્ત કરતાં આ એક નવું પુસ્તક આપ સમક્ષ રજૂ કરતાં ખૂબ જ આનંદ અનુભવું છું.

આ પુસ્તકની હસ્તપ્રત વાંચી સુધારા વધારા કરી ઉત્તમ સલાહ અને દોરવણી આપનાર રેવ. ઈમાનુએલ એસ. કાન્ત અને ડૉ. એસ. ડી. આસ્થાવાદીનો આભાર માનું છું. આ પુસ્તકની હસ્તપ્રત કોમ્પ્યુટર પર તૈયાર કરવામાં મદદ કરનારા શ્રી નિલેશ જોનભાઈ સોલંકીનો હું ખાસ આભાર માનું છું. આ પુસ્તક પ્રસિદ્ધ કરનાર ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સેક્રેટરી અને કાર્યવાહક સમિતિ અને સ્ટાફનાં સર્વ સાથી ભાઈ-બહેનોનો હું ખૂબ આભારી છું.

# ઈઝરાયેલના પ્રવાસ માટે અજમાવી જોવાં જેવાં સૂચનો

"જીવનમાં કમાવાની શક્તિ આપનાર એ ઈશ્વર છે માટે પૃથ્વી પરના જીવનમાં જેટલું કમાવાય તેટલું કમાઓ, જેટલું બચાવી શકાય તેટલું બચાવો, અને જેટલું દાનમાં આપી શકાય તેટલું દાન આપો. બાઈબલ કહે છે : તમારી આવકનો દશમો ભાગ ઈશ્વરને આપો. જો આપણે દશમો ભાગ ઈશ્વરને ન આપી શકીએ તો કંઈ નહીં પણ એ નાણાં પોતાના માટે વાપરવા એ પણ સારું છે. એટલે ભક્ત સુલેમાન પણ કહે છે કે "હે જીવ, ખા, પી અને આનંદ કર" અને જો આપણે આનંદના ભાગરૂપે જીવનમાં એક વખત ઈઝરાયલનો પ્રવાસ કરી શકીએ તો કેવું સારું! બીજું કે કુટુંબમાં ઈશ્વર જે બાળકરૂપી ધન આપે છે તેમના ઉછેરમાં, શિક્ષણમાં, લગ્નમાં અને બીજા પ્રસંગોમાં લાખો રૂપિયા એમની પાછળ ખર્ચ કરીએ છીએ. આ જરૂરી ખરું, પણ આ બધા ખર્ચાઓની સાથે ઈઝરાયેલના પ્રવાસનો ખર્ચ પણ કરી શકીએ તો કેવું સારું! કુટુંબમાં સંતાનોનાં લગ્નોમાં ભવ્ય પાર્ટીઓ અને ઝાકમઝોળમાં લાખો રૂપિયા ખર્ચ કરીએ છીએ એમાં આ ખર્ચનો પણ સમાવેશ કરી શકીએ તો કેવું સારું! લાખો રૂપિયા એજન્ટોને આપી સંતાનોને પરદેશમાં મોકલવામાં ખર્ચ કરવામાં પાછી પાની કરતા નથી. એવા ખર્ચાની સાથે પ્રવાસના ખર્ચને પણ સાંકળી શકાય. બાઈબલ કહે છે કે પૃથ્વી પર તમારું દ્રવ્ય એકઠું ન કરો, કે જ્યાં કીડા અથવા કાટ તેનો નાશ કરે. એના બદલે આવા પ્રવાસનું આયોજન કરી એ નાણાં વાપરીએ એ યોગ્ય છે. પૃથ્વી પરનું જીવન ક્ષણિક છે એ જાણવા છતાં લાખો રૂપિયાનાં મકાનો અને ફલેટો પાછળ ખર્ચ કરીએ છીએ. સાથે એમાં પુષ્કળ રાચરચીલું, ફર્નિચર અને અનેકવિધ સુવિધાઓ પાછળ પુષ્કળ નાણાંનો ખર્ચ કરીએ છીએ. એની સામે આવા પ્રવાસનું આયોજન કરીને એ ખર્ચ એમાં સામેલ કરીએ એ હિતાવહ છે. કહેવત છે કે, "જીવ્યા કરતાં જોયું ભલું" એ આધારે ચોક્કસ આયોજન સાથે જીવનમાં એક વખત આવા પ્રવાસનું આયોજન થાય એ ઈચ્છનીય છે. **ઈઝરાયેલના** પ્રવાસ દરમિયાન ગોવાનું એક ખ્રિસ્તી કુટુંબ અમને મળ્યું હતું. એમની સાથે વાત કરતાં માલૂમ પડ્યું કે તેઓ દર

વર્ષે કુટુંબ તરીકે ગોવાથી ઈઝરાયેલના પ્રવાસે બે વખત આવે છે. અને ક્રમ છેલ્લા પાંચ વર્ષથી તેમણે જાળવી રાખ્યો હતો. તો આપણે શું, જીવનમાં એક વખત આવા પ્રવાસે ન જઈ શકીએ? ઘણાં પાસે પુષ્કળ નાણાં હોવા છતાં તેઓ વાપરી શકતા નથી. આ એક નક્કર સત્ય છે. ગુજરાતમાંથી અત્યાર સુધી માંડ માંડ ૪૦૦ વ્યક્તિઓ ઈઝરાયેલના પ્રવાસે ગઈ હશે એવું છેલ્લા પ્રવાસ દરમિયાન જાણવા મળ્યું હતું આપણે ઘણી વખત મકાન બાંધવા, લગ્નો કરવા, બાળકોને ભણાવવા, ઘરમાં વાહનો લાવવા અને રાચરચીલું વસાવવા ઘણી વખત બૅંકમાંથી લોન લઈ લાંબા વર્ષો સુધી તેના હપતા ભરીએ છીએ. તો શું એ શક્ય નથી કે આવા પ્રવાસ માટે જીવનમાં એક વખત લોન લઈને પણ પવિત્ર ભૂમિ ઈઝરાયેલનો પ્રવાસ કરી શકીએ? એના માટે લેખક જીવતોજાગતો દાખલો છે. આ બધાં સૂચનો માત્ર અજમાવી જુઓના ધોરણે આપવામાં આવ્યાં છે. બીજું એક ખાસ અગત્યનું કે આપણા ખ્રિસ્તી સમાજમાં અને મંડળીઓમાં જેમ જેમ ઈશ્વરે ભૌતિક આશીર્વાદો આપ્યા છે તેમ તેમ ઈશ્વરથી દૂર જવાનાં પાપો પણ વધેલાં જોવા મળે છે અને જે પૈસા તેઓ કમાય છે તેનો દુર ઉપયોગ કરતા જોવા મળે છે. અને દુનિયાની બદીઓમાં અને નાણાંનો બેફામ રીતે ઉપયોગ કરવામાં આવે છે. જેવી કે, ચુટકી, પાન-મસાલા, ડ્રગ્સ, દારૂ-બીડી, શારીરિક વાસના, આ જગતનાં બીજાં પ્રલોભનોની પાછળ પુષ્કળ નાણાં અયોગ્ય રીતે વાપરે છે. આમાં જે ક્ષણિક આનંદ છે તેની પાછળ આંધળી દોટ મૂકે છે. સંભવ છે કે મારું કહેવું કડવું લાગે પણ આ એક નગ્ન સત્ય છે. આ ઉપરથી બીજાનો ન્યાય કરવા કે નીચા પાડવાનો મારો આશય નથી, પરંતુ આત્મખોજ કરવાથી ખબર પડશે કે જીવનમાં હજારો અને લાખો રૂપિયા આવી નકામી બાબતોમાં ખર્ચી નાખવામાં આવે છે. આ બધામાંથી એક કે બે કુટેવ છોડીને જે નાણાં બચે એનો સારા ઉપપોગ તરીકે પણ અજમાવવા જેવી બાબત સારી છે.

ઉપરનાં સૂચનોમાંથી એક બે પણ અજમાવવામાં આવે તો મારી ચોક્કસ ખાતરી છે કે આ જીવનની મુસાફરીમાં એક વખત તો પવિત્ર દેશ ઈઝરાયેલમાં જઈ શકવા માટેનો આર્થિક માર્ગ ખુલ્લો થશે.

# અનુક્રમણિકા


૧ જોપ્પા ........................................ ૧
૨ હાઈફા ........................................ ૧
૩ કાઈસારિયા ........................................ ૨
૪ સંત પિતરનું ચર્ચ ........................................ ૪
૫ કાર્મેલ પર્વત ........................................ ૬
૬ બહાઈ મંદિર ........................................ ૮
૭ નાઝરેથ શહેર ........................................ ૯
૮ મરિયમનો ઝરો ........................................ ૧૦
૯ કાના ગામ ........................................ ૧૧
૧૦ તિબેરિયસ ........................................ ૧૧
૧૧ કિબુત્સ શહેર ........................................ ૧૩
૧૨ કાપરનાહુમ ........................................ ૧૩
૧૩ તબઘા ગામ ........................................ ૧૪
૧૪ તાબોર પર્વત ........................................ ૧૬
૧૫ હેર્મોન પર્વત ........................................ ૧૭
૧૬ યરદન પર્વત ........................................ ૧૭
૧૭ બેથશીલ ........................................ ૧૯
૧૮ યરેખો ........................................ ૨૧
૧૯ મૃત સરોવર ........................................ ૨૨
૨૦ કુમરાન ........................................ ૨૩
૨૧ યરુશાલેમ ........................................ ૨૬
૨૨ ગેથસેમાની વાડી ........................................ ૨૬
૨૩ હેરોદનો દરવાજો ........................................ ૨૯
૨૪ સ્તેફનનો દરવાજો ........................................ ૨૯
૨૫ સિંહનો દરવાજો ........................................ ૨૯
૨૬ બેથશેદાનો કુંડ ........................................ ૩૦
૨૭ દુઃખનો માર્ગ (વાયા ડોલારસા) ........................................ ૩૧
૨૮ પવિત્ર કબરનું ચર્ચ ........................................ ૩૪
૨૯ રુદનની દીવાલ ........................................ ૩૬
૩૦ ઉપલી મેડી ........................................ ૩૬

૩૧ ઇઝરાયલનું મ્યુઝિયમ ........ ૩૮
૩૨ એનકરીમ શહેર ........ ૪૦
૩૩ બેથલેહેમ ........ ૪૧
૩૪ પિટર નોસ્ટર ........ ૪૪
૩૫ જૈતુન પહાડ ........ ૪૫
૩૬ કાલવરીની ટેકરી ........ ૪૫
૩૭ ભલા સમરુનીની ધર્મશાળા ........ ૪૮
૩૮ એનગેડી ........ ૫૧
૩૯ તિમ્ના શહેર ........ ૫૪
૪૦ મસાદાનો કિલ્લો ........ ૫૫
૪૧ તાબા ઇજિપ્ત ........ ૫૫
૪૨ ક્રિશ્ટીયન ચર્ચ ........ ૬૦
૪૩ ઇજિપ્ત ચર્ચ ........ ૬૨
૪૪ સુએઝ કેનાલ ........ ૬૨
૪૫ ઇજિપ્તના પિરામિડો ........ ૬૬
૪૬ પરફ્યુમ ફેક્ટરી ........ ૬૮
૪૭ પપાઇરસની ફેક્ટરી ........ ૬૯
૪૮ અબુશર્ગા ચર્ચ ........ ૭૦
૪૯ ગીઝા ........ ૭૩
૫૦ નાઇલ નદી ........ ૭૮
૫૧ બેથલેહેમ ........ ૭૮
૫૨ ચર્ચ ઑફ નેટીવીટી ........ ૮૧
૫૩ સેંટ કોપિટક ચર્ચ ........ ૮૨
૫૪ દીવીનું મહત્ત્વ ........ ૮૩
૫૫ જૈતુન પર્વત ........ ૮૪
૫૬ બેથાની ........ ૮૫
૫૭ કિદરોન વેલી ........ ૮૬
૫૮ પિતરનાં આંસુઓનું ચર્ચ ........ ૮૬
૫૯ યાદવાસમ મ્યુઝિયમ ........ ૮૭
૬૦ પર્વતોની માહિતી ........ ૮૭

# ઈઝરાયેલનો પ્રવાસ

બંને પ્રવાસ દરમ્યાન લીધેલ મુલાકાતો દ્વારા લખાયેલ આ વર્ણન તે આપની સમક્ષ રજૂ કરું છું.

**જોપ્પા :**

આ શહેર તિબેરિયસ ભૂમધ્ય સમુદ્ર કિનારે આવેલું છે. હાઈફા થઈને આ શહેરમાં જવાય છે. તેનું બીજું નામ જાફા પણ કહેવાય છે. આ જગ્યાએથી યૂના પ્રબોધક તાર્સીસ જવા નાસી ગયો હતો. જાફા બંદરેથી યૂના વહાણમાં બેસી નિનવેહ જવાને બદલે તાર્સીસ જવાના વહાણમાં બેસી ગયો હતો. તે બંદર જોવાની તક મળી. તેની બાજુમાં એક મંદિર છે. તે પિતરના નામથી ઓળખાય છે. તેને પિતરનું ચર્ચ કહેવામાં આવે છે. આ જગ્યાએ પિતરે તાબીથાને મૃત્યુમાંથી સજીવન કરી હતી તે સ્થળ જોવાની તક મળી.

**હાઈફા :**

આ એક બીજું સ્થળ છે. જે તેલઅવીવના અન્ય મોટા ગણાતા શહેરમાંનું એક શહેર છે. તેલઅવીવ મૅટ્રોપોલિટન સિટી ગણાય છે. તે ધંધા રોજગાર તેમ જ ઓફિસો માટે મુખ્ય શહેર ગણાય છે. પરંતુ સંસ્કૃતિ માટે યરૂશાલેમ મુખ્ય શહેર ગણાય છે. તેલઅવીવ સને ૧૯૦૯માં બાંધવામાં આવેલું હતું. આ શહેરનું બસસ્ટેન્ડ આધુનિક છે. તે જોવાનો એક લહાવો છે તે સેન્ટ્રલ બસસ્ટેન્ડ કહેવાય છે. તેની ઉપર ત્રીજા માળે રોડ છે. તેના પરથી બસો પસાર થાય છે. ૧૯૦૯માં બાંધેલું આ શહેર નવું જ છે. તેમાં છ મિલિયન ઈઝરાયેલીઓ રહે છે. સાઠ લાખ લોકો ત્રણ મોટાં શહેરોમાં રહે છે. (૧) યરૂશાલેમ (૨) તેલઅવીવ (૩) હાઈફા. યરૂશાલેમ શહેરની વસ્તી છ લાખની છે. તેલઅવીવ શહેરની વસ્તી અઢી લાખની છે. અને હાઈફા શહેરની વસ્તી સાડા ત્રણ લાખની છે. ઉપરોક્ત શહેરોમાં એપાર્ટમેન્ટો જૂના છે. સાથે તેમાં નવી વસાહતો પણ

બનાવી છે. આ વસાહતોમાં સિત્તેર હજાર ડોલરથી લઈને સાડા ત્રણ લાખ ડોલર સુધીનાં મકાનો મળે છે. જાફા શહેરમાં ચર્ચ છે. ત્યાં પિતરે ચમત્કાર કરીને તાબીથાને સજીવન કરી હતી. જાફા બંદરેથી સુલેમાન રાજા દેવદારનાં લાકડાં યરૂશાલેમના મંદિરના બાંધકામ માટે લઈ જતો હતો. યૂના જોપ્પા બંદરેથી તાર્સીસ નાસી ગયો હતો તે જોપ્પા શહેર જૂનું ગણાય છે. આ શહેર તુર્ક લોકોએ ૧૫૦ વર્ષ પહેલાં ૧૯મી સદીમાં બાંધ્યું હતું. યૂનાની યાદગીરીમાં તૂર્કી લોકોએ "જાના ગુર મ્યુઝિયમ" બાંધવામાં આવ્યું છે.

**કાઈસારિયા :**

૧૯૧૭ સુધી તૂર્કી લોકોનું રાજ્ય ગણાતું હતું. ત્યારપછી આટામાન લોકોના હાથમાં આવ્યું તેથી આટામાન રાજ્ય કહેવાય છે. જાફા તેલઅવીવનું હૃદય છે. ભૂમધ્ય સમુદ્રના કિનારે જાફા શહેર વસેલું છે. દક્ષિણમાં પેલેસ્ટાઈનનાં શહેરો આવેલાં છે. શહેર પછી ગાઝાપટીનો વિસ્તાર શરૂ થાય છે. પેલેસ્ટાઈનનાં શહેરો, આશ્દોદ, એક્રોન, ગાદ અને બીજાં શહેરો આવેલાં છે. ગાઝાપટી પછી સિનાઈ પર્વત અને અરણ્ય આવે છે અને ત્યારપછી કનાન દેશ શરૂ થાય છે. ઉત્તરે હાઇફા, લબાનોન, સિરીયા, તુર્કી જેવાં મોટાં શહેરો અને દેશો આવેલા છે. કાઈસારિયામાંથી દરિયા માર્ગે ભારત સુધી જવાય છે. ત્યાંનો દરિયાકિનારો વેપાર ધંધા માટે પ્રખ્યાત છે. ઉત્તર દક્ષિણથી જે સૈન્ય આવતાં તે આ રસ્તે થઈને જતાં હતાં. કાઈસારિયા રોમન સાથે સંકળાયેલું નામ છે. પહેલી સદીમાં પવિત્ર ભૂમિ ઈઝરાયેલ પર રોમનું સામ્રાજ્ય ચાલતું હતું. આજે પણ અમુક અસરો જોવા મળે છે. કાઈસારિયા શહેર હેરોદ રાજાએ બાંધેલું હતું. બીજું મંદિર યરૂશાલેમનું તેણે જ બાંધેલું હતું. રોમન સામ્રાજ્ય વખતે પહેલી સદીમાં જ ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયો હતો. રૂમી સલ્તનતનો વહીવટ કરવા માટે જ આ શહેર બાંધ્યું હતું. અહીંયાં રોમન થિયેટર આવેલું છે. કાઈસારિયાના રાજાનો દીકરો ફિલિપ એણે આ શહેરને ફરીથી નવું બાંધ્યું હતું. માટે આ શહેરનું નવું નામ કાઈસારિયા ફિલિપ આપ્યું હતું. જૂનું

કાઈસારિયા કૈસર રાજા તેની હકૂમત પ્રમાણે તેના સમયમાં ગવર્નર પોંતિયુસ પિલાત હતો. તેના માનમાં તેની યાદગીરીરૂપે એક પત્થર મૂકવામાં આવ્યો છે. અહીંયાં મોટું વિશાળ થિયેટર છે. તેમાં કૈસરના સમયમાં મોટા મોટા પ્રોગ્રામો કરવામાં આવતા હતા. આ થિયેટરમાં ચાર હજાર માણસો એકસાથે બેસીને નિદર્શન નિહાળતા હતા. આટલું વિશાળ થિયેટર કુશળ કારીગરીથી બાંધવામાં આવેલું હતું. કોઈ માણસ છેક નીચલા ભાગમાંથી બોલે તો તે છેક ઉપર સુધી બહુ સ્પષ્ટ સંભળાતું હતું. અહીંયાં કેદીઓને શિક્ષા માટે લાવવામાં આવતા હતા અને આ કેદીઓને આ થિયેટરમાં હિંસક પ્રાણીઓની આગળ છૂટા મૂકવામાં આવતા હતા. તેમની ઉપર જુલમ ગુજારવામાં આવતો હતો. શિક્ષા અને આનંદના ભાગરૂપે આ થિયેટરનો ઉપયોગ કરતા. કહેવાય છે કે પોંતિયુસ પિલાતે ઈસુનો ન્યાય આ સ્થળે કર્યો હતો. રોમન સામ્રાજ્યના સમયમાં વર્ષમાં ત્રણ વખત યરૂશાલેમના મુખ્ય પ્રસંગોએ રાજકીય તણાવો ઊભા કરતા હતા. (૧) પાસ્ખા પર્વ (૨) માંડવા પર્વ (૩) પચાસમાનું પર્વ. આ ત્રણેય પર્વના સમયમાં શાંતિ માટે લશ્કર ગોઠવવામાં આવતું હતું. ભૂમધ્ય સમુદ્રના કિનારે કાઈસારિયા શહેર અને રોમન થિયેટર ઐતિહાસિક સ્થળ તરીકે જોવા મળે છે. કાઈસારિયા શહેર નાનું શહેર છે. છતાં એ બે ભાગમાં વહેંચવામાં આવેલું છું. ૧. જૂનું કાઈસારિયા ૨. નવું ફિલિપી કાઈસારિયા. ખંડેર થયેલા શહેરના પત્થરો આજુબાજુનાં ખેતરોમાં જોવા મળે છે. અહીંયા ૨ મિલીયન ડોલર એટલે કે દશ લાખથી વીસ લાખ ડોલરની કિંમતના મકાન જોવા મળે છે. આટલાં મોંઘાં મકાનોમાં શ્રીમંત મકાનમાલિકો વસે છે. રોમનોને અહીં પાણી લાવવાનું ખૂબ જ મુશ્કેલ હતું. તેથી કેશાકર્ષણ નિયમ મુજબ ૭ કિ.મી. સુધી પાણી જાય તેવી પદ્ધતિ અહીં વિકસાવવામાં આવેલી છે. જમણી બાજુ જમીનદોસ્ત થયેલું અને રેતીથી ઢંકાયેલું શહેર ને તેના ખંડેરો આજે પણ જોવા મળે છે. ફરતે જૂનો કોટ જોવા મળે છે. અને દરિયાકિનારો પણ જોવા મળે છે. અહીં ૯ મી ટુકડીએ રોમન સામ્રાજ્યનું હેડક્વાટર્સ બનાવ્યું હતું. શહેરની ફરતે

કોટ ઉપર પાઈપ લાઈનથી પાણી લઈ જવાની સુંદર વ્યવસ્થા તે સમયે કરવામાં આવી હતી. તે કોઈકે શોધી કાઢી હતી. જમણા હાથે આર્ટિસ્ટે બનાવેલો અર્ક છે. ૧૮૨૭માં પબ્લિક લાયબ્રેરી મળી આવી. ૧૯૯૧ થી ૧૯૯૯ સુધીમાં દશ લાખ યહૂદીઓ અહીં આવીને વસ્યા છે. અહીં કાર્મેલ પર્વતની હારમાળા ૨૦ કિ.મી. સુધી પથરાયેલી છે. અહીં એલિયાહ પ્રબોધકે પ્રબોધ કરેલો હતો. દેવની વાણીનો પ્રબોધ કરીને ઈશ્વરનાં વચનો અને ઈશ્વર વિષેની સાક્ષી લોકો આગળ પ્રગટ કરી હતી. જમણી બાજુ કાઈસારિયા શહેર અને પર્વતની હારમાળા અને ડાબી બાજુ હાઈફા શહેર આવેલું છે.

**સંત પિતરનું ચર્ચ :**

ઈસુનો શિષ્ય પિતર આ ચર્ચમાં રહેતો હતો. આ ચર્ચમાં પિતરને દર્શન થયું હતું કે કાઈસારિયામાં કર્નેલ્યસ ચમારના ઘરે જા. અને આ દર્શનના આધારે જાફાથી ત્રીસ કિ.મી. દૂર કાઈસારિયામાં કર્નેલ્યસ ચમારના ઘરે ઊતર્યો હતો. આ ચર્ચ પર ૧૫૦૦ વર્ષ પૂર્વે ઘણા હુમલા કરવામાં આવ્યા હતા. ભૂમધ્ય સમુદ્ર કિનારો યૂના માટે ઐતિહાસિક જગ્યા કહેવાય છે ત્યાંથી ઈશ્વર તરફથી યૂનાને નિનવેહ જવા માટે કહેવામાં આવ્યું હતું. અહીંયાં કિનારા પાસે અમેરિકન એમ્બેસી આવેલી છે. અહીંના લોકો અમેરિકાના વિસા માટે અરજી કરી શકે છે. આ એમ્બેસી સમુદ્ર કિનારાથી ડાબી બાજુએ આવેલી છે. અહીંની ત્રણ નદીઓમાં આખું વર્ષ પાણી જોવા મળે છે. (૧) જોર્ડન (૨) યાકોમ (૩) યરદન. યાકોમ નદીના કિનારે ધનાઢ્ય લોકો રહે છે. તેમનાં મકાનો મિલિયન ડોલર્સ અને તેથી વધારે કિંમતનાં પણ હોય છે. અહીંયા પાવરહાઉસ તેમ જ તેલઅવીવનું એરપોર્ટ આવેલું છે. ઉત્તર-દક્ષિણ ૫૦૦ કિ.મી. લંબાઈ ધરાવતો આ નાનો દેશ છે. તેની પહોળાઈ ૯૦ થી ૧૦૦ કિ.મી. છે. આ દેશમાં ફરવા માટે ડોમેસ્ટિક એરપોર્ટ છે. અહીંયાં વાહનોના સ્ટીયરિંગ ડાબી બાજુ આવેલાં હોય છે. અહીંનો મુખ્ય હાઈવે વિયામારીશના નામથી ઓળખાય છે. ઉત્તરે લબાનોન

અને દક્ષિણે મિસર સુધી દરિયાના કિનારે કિનારે આ રોડ જાય છે. સિયોન નગરના પ્રણેતાનું સ્ટેચ્યુ જમણી બાજુ મૂકવામાં આવેલું છે. તેમણે યહૂદી રાજ્ય સ્થાપવા આહ્વાન આપ્યું હતું. અહીંની બસો એકદમ સ્વચ્છ, ઊંચી અને એરકન્ડિશન્ડ હોય છે. સામાન મૂકવા માટે સીટના નીચેના ભાગમાં મોટી ડેકી આવેલી હોય છે. બધાનો સામાન આ ડેકીમાં મૂકવામાં આવે છે. આ બસના દરવાજા ઓટોમેટીક હોય છે. જે બંને બાજુ ખૂલે અને બંને બાજુ બંધ થાય એવા હોય છે. રસ્તા ખૂબ જ પહોળા, સ્વચ્છ અને રોડની બંને બાજુ ફૂલછોડ અને ગ્રીનરી ઉગાડેલી હોય છે. બસ ૧૦૦ કરતાં વધારે કિ.મી.ની ઝડપે દોડતી હોય છે. છતાં પેટનું પાણી પણ હાલતું હોતું નથી. અહીંયાં મોટાં મોટાં ફાર્મ આવેલાં હોય છે. ખેતી માટે વિશાળ ખેતરો જોવા મળે છે. ખેતી માટે માણસો ઓછા પણ વાહનથી એટલે કે મોટાં મોટાં ટ્રેક્ટરો અને મશીનથી ખેતી કરવામાં આવે છે. અહીં ખેડૂતો અથવા ખેતમજૂરો ઓછા નજરે પડે છે. જેથી ઓછા માણસોએ આધુનિક સાધનો દ્વારા ખેતી કરવામાં આવે છે. માટે વિશ્વમાં ખેતી માટે ઈઝરાયેલ ખૂબ જ પ્રખ્યાત અને આગળ પડતો દેશ ગણવામાં આવે છે. અહીંયા બીજા દેશોના પ્રતિનિધિઓ અને એગ્રીકલ્ચર ખાતાના અધિકારીઓ તેમના ડેલીગેશન સાથે ખેતીની પદ્ધતિ જાણવા આવતા હોય છે. આ જગ્યાને શારોનનું ગુલાબ પણ કહેવામાં આવે છે. અહીંયાં હોટલ પેલેસ રહેવા માટે ઘણી સુંદર છે. આ જગ્યામાં સાંજે મીટ આપવામાં આવતું નથી. પરંત મિલ્ક સિવાયની આઈટમો મળે છે. અહીંયાં સંત પિતરની માછલી વખણાય છે. અહીંની દરેક હોટલમાં સેઈફ બોક્સની વ્યવસ્થા વિનામૂલ્યે હોય છે. મુસાફરીમાં સાથે ન રાખવા જેવો સામાન આવા સેઈફ બોક્સમાં મૂકી શકાય છે. અહીંનું નાણું શેકેલ ગણવામાં આવે છે. ઈબ્રાહિમ જ્યારે કનાન દેશમાં આવ્યો ત્યારે તેણે ૪૦૦ શેકેલ નાણું ચૂકવ્યું હતું. અત્યારે અહીંનો વિનિમય ચાર્જ ૧ ડોલર બરાબર ૪.૮૦ શેકેલ થાય છે.

**કાર્મેલ પર્વત :**

આ પર્વત ઉપર એલિયાહે પ્રબોધ કર્યો હતો. અહીંયા પ્રબોધકો માટે શાળાની સ્થાપના કરવામાં આવી હતી. એલિયાહના સમયમાં બઆલના ૪૫૦ પ્રબોધકો સાથે એલિયાહની કસોટી થઈ હતી અને એમાં ખરો દેવ કોનો તેની પરીક્ષા કરવાના સ્થળ તરીકે આ કાર્મેલ પર્વતનો ઉપયોગ થયો હતો. એકબાજુ બઆલના ૪૫૦ પ્રબોધકો હતા. બીજી બાજુ એલિયાહ એકલો હતો. અહીં એલિયાહના ઈશ્વરનો વિજય થયો હતો. ઈશ્વર મારી સાથે છે. તેણે પ્રાર્થનાથી કાર્મેલ પર્વત પર અગ્નિ પ્રગટાવ્યો હતો. અને કોનો દેવ સાચો તેની પરીક્ષા આ પર્વત પર થઈ હતી. તેમાં એલિયાહનો વિજય થયો હતો. આ પર્વત પર સ્ટેલા મારિશનું ચર્ચ આવેલું છે. અહીં બીજાં ચર્ચો પણ આવેલાં છે. જેવાં કે કેથલિક ચર્ચ, જેશુયીટ ચર્ચ અને એગ્લિકન ચર્ચ. અહીંયા ખ્રિસ્તી પાદરીઓ સાધુ જેવું જીવન ગાળવા પ્રયત્ન કરતા હતા. માટે અહીંથી તેઓ યરૂશાલેમમાં પેટ્રિયાક પાસે ગયા. અને તેઓએ તેમને નિયમ આપતાં જણાવ્યું કે બધા પાદરીઓ જો સાથે રહેવા માંગતા હોય તો તેમના માટે અલગ એક મઠની વ્યવસ્થા કરવામાં આવે. પરિણામે અહીંથી દક્ષિણે ૭ કિ.મી. દૂર એક મઠ શરૂ કરવામાં આવ્યો. પહેલા વિશ્વયુદ્ધ વખતે આ જગ્યા છોડી દેવી પડી. ત્યાર પછી સ્ટેલા મારિશે અહીંયાં એક ચર્ચ બાંધ્યું. જેનું નામ સ્ટેલા મારિશ આપવામાં આવ્યું. આની બાજુમાં એક ગુફા હતી જે ગુફામાં એલિયાહ એક સમયે સંતાઈ ગયો હતો. તે ગુફા મંદિરની અંદર આવેલી છે. મંદિરમાં લાકડાની એક મૂર્તિ છે. તેને તે સમયના નામદાર મહાશ્રી પોપે આશીર્વાદ આપ્યો હતો. અહીંયા ચાર ફાધરો રહેતા હતા. તેમાં મુખ્ય ફાધરનું નામ જોન ક્રોસ્ટ હતું. તેમની સાથે ત્રણ સિસ્ટરોએ આ ભવ્ય મંદિર બનાવવામાં મોટો ફાળો આપ્યો હતો. સાથે ઈશ્વરમય જીવન કેવી રીતે જીવવું તે પણ તેમણે બતાવ્યું હતું. અહીંયા ત્રણ રસ્તા જોવા મળે છે. તેને નાડા (NADA) કહેવામાં આવે છે. પ્રથમ રસ્તો ઈશ્વર પાસે પહોંચે નહીં, બીજો રસ્તો ક્યાં જવાનો તે ખબર પડે નહીં અને ત્રીજો

રસ્તો એક દિવસ ઈશ્વરને ચોક્કસ મળશો તે બાબત સૂચવે છે. જે ત્રણ સિસ્ટરોની વાત જોવામાં આવી તેમાં પ્રથમ બહેન યહૂદી કુટુંબમાં ઉછરેલાં છતાં તેઓ ખ્રિસ્તને આધીન થયાં નહિ. બીજાં બહેન તેઓ કેથલિક બન્યાં, સ્કૂલમાં જવા લાગ્યાં અને તેમણે પ્રભુનો સ્વીકાર કર્યો તેઓ ખ્રિસ્તી બન્યાં આની જાણ તેમના કુટુંબમાં થઈ. તેમનાં કુટુંબીજનોને ખબર પડી કે તેઓ ખ્રિસ્તી બન્યાં છે ત્યારે તેમની મા ને ખૂબ આઘાત લાગ્યો. અને બીજાં બહેને તેમની મા ને કહ્યું કે મારે નન બનવું છે ત્યારે માને ખૂબ ગુસ્સો આવ્યો. અને આઘાતને કારણે મા મરણ પામી. ત્યારે તો બીજી બહેન ધાર્મિક બની ગઈ હતી. પુસ્તકો વાંચવાથી તેઓ ખ્રિસ્તી બન્યાં. અને જર્મનીમાં તેઓએ પ્રભુની સેવામાં જીવન સોંપ્યું. ત્રીજા બહેનની વાત આ પ્રમાણે છે. તેઓ ૧૨ ભાઈ-બહેન હતાં. તેમાંથી બે જ બચ્યાં હતાં. મારિયા ત્રણ વર્ષનાં હતાં ત્યારે તેમનાં મા-બાપ મૃત્યુ પામ્યાં. તેમની ૧૩ વર્ષની ઉંમરે તેમના કાકા મારિયાનાં લગ્ન કરાવવા ઈચ્છતા હતા. કોઈ મુસ્લિમે તેમને મારી નાખવા પ્રયત્ન કરેલો. તેમના ગળે કાપો મૂકેલો. તેમના કાકા જોઈ ગયા અને તેઓ દોડીને આવ્યા અને તેમણે તેમને બચાવ્યાં પછી તેમણે એક સંસ્થા સ્થાપી. તેઓ ખૂબ જ પ્રાર્થનાવાદી હતા. પ્રાર્થનામાં ઘણી વખત તેઓ અદૃશ્ય પણ થઈ જતા હતા. તેમણે ચાર જગ્યાએ બહેનોની સંસ્થા સ્થાપી. ખ્રિસ્તી જીવન કેવી રીતે જીવવું તે તેમણે બતાવ્યું. આ ચાર બહેનોની સંસ્થા નીચેના સ્થળે સ્થાપવામાં આવેલી છે. (૧) નાઝરેથ (૨) બેથલેહેમ (૩) હાઈફા (૪) કાર્મેલ. તેઓ સુવાર્તા આપતાં અને રસ્તામાં ફરતા કોઈકના ગળામાં માદળિયું પહેરેલું જોતાં તો તેનાથી નાશ નહીં થાય તેવી માન્યતા ખોટી છે એ તેઓ જણાવતાં. એલિયાહ જે રથ દ્વારા સ્વર્ગમાં પહોંચી ગયો હતો એ રથનું ચિત્ર આ જગ્યાએ જોવા મળે છે. આ ચર્ચમાં ચાર સુવાર્તા વિશેની માહિતી અને તેનો ઉલ્લેખ કરવામાં આવેલો જોવા મળે છે. મોરિયા પહાડની સામે પશ્ચિમે લેબેનોન દેશ જોવા મળે છે. આ સ્થળે જે ચર્ચ આવેલું છે તેનું નામ કાર્મેલાઈટ ચર્ચ આપવામાં આવ્યું છે. દુનિયાનું કેન્દ્રસ્થાન આ જગ્યામાં છે. જે કાર્મેલ પર્વત પર જોવા મળે છે.

**બહાઈ મંદિર :**

આ મંદિર બહાઈ ધર્મનું મુખ્ય મંદિર છે. બહાઈ ધર્મનું મુખ્ય મથક હાઈફામાં આવેલું છે. બહાઈ ધર્મના અનુયાયીઓ આ મંદિરમાં એમની રીત પ્રમાણે એકઠા મળી ભજન કરે છે. આ મંદિર ખૂબ જ સુંદર છે. તે વિશાળ જગામાં ઊંચાઈ પર આવેલું ખૂબ જ આકર્ષક જોવાલાયક મંદિર છે. બહાઈ ધર્મના સ્થાપક ઈરાનના છે. તેમને અહીં મારી નાખવામાં આવ્યા હતા અને તેમના અનુયાયીઓને દેશનિકાલ કરવામાં આવ્યા હતા હાલમાં તેમના સ્થાપક અને તેમના બે સંતોની કબરો અહીં આવેલી છે. આખા વિશ્વનું બહાઈ સેન્ટર હાઈફામાં આવેલું છે. બાઉલ્લા એમ કહે છે કે ઈસુખ્રિસ્ત, મહંમદ પયગંબર અને બુદ્ધ બધા ઈશ્વરના પ્રબોધકો છે. આખા **ઈઝરાયેલમાં** વખાણવાલાયક અને સુંદર ગણાય તેવું આ મંદિર છે. તેની વચ્ચે બાગ આવેલો છે. તેને 'પર્શિયનબાગ' કહેવામાં આવે છે. અહીંથી ગાલીલ પ્રાંત દેખાય છે. કાર્મેલ પર્વત ઉપરથી આખું હાઈફા શહેર તેની ભવ્યતા અને સુંદરતા મનને આંજી દે તેવી છે. લબાનોનની પશ્ચિમમાં અકો શહેર અને તેની પૂર્વમાં નાઝારેથ શહેર આવેલાં છે. ૧૯૩૩માં બ્રિટિશ લોકોએ એક બંદર શોધી કાઢ્યું હતું તે જ આ હાઈફા બંદર છે. આ બંદર પર મોટું ઔદ્યોગિક સંકુલ તથા તેલ રિફાઈનરીના મોટા સંકુલો આવેલા છે. **ઈઝરાયેલ**નાં બધાં શહેરોમાં ખૂબ જ સુંદર, સ્વચ્છ અને આકર્ષક આ હાઈફા શહેર છે. મકાનોમાં વેન્ટીલેશનની જગ્યાએ સુંદર સુશોભિત ફૂલો ઉગાડવામાં આવેલાં છે. તે મકાનની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. અહીંની ટપક પદ્ધતિથી ફૂલછોડ અને ખેતીની માવજત દાદ માંગી લે તેવી છે. ઉપરના ભાગમાં આધુનિક હાઈફા શહેર અને તેની વસાહતો બનાવવામાં આવેલી છે. તેની નીચે જૂનું હાઈફા શહેર જોવા મળે છે. પૂર્વ તરફ નાઝારેથ જઈ શકાય છે. તેની સામે ગાલીલનો સમુદ્ર કિનારો અને તિબેરિયસનો સમુદ્ર કિનારો જોઈ શકાય છે. ડાબી બાજુ ઝબૂલોન શહેર આવેલું છે. ઝબૂલોન કુળના લોકો માછીમારો હતા. જમણી બાજુ કાર્મેલ રિફાઈનરી બ્રિટિશરો પાસેથી

ભેટ તરીકે મળી હતી. તેનો ઉપયોગ હાલમાં ઈઝરાયેલ સરકાર કરી રહી છે. જમણી બાજુ પાણીની અછતને લીધે કપાસની ખેતીને બદલે સૂરજમુખીની ખેતી જોવા મળે છે. જમણે હાથે હારમાગેદાનની ખીણ જોવા મળે છે. બાઈબલ પ્રમાણે છેલ્લી લડાઈ આ જગ્યામાં ચાલવાની છે તે ખીણ અહીંયા જોવા મળે છે. આ ખીણ ત્રણ પર્વતની વચ્ચે આવેલી છે. જે ત્રણ પર્વત છે તે આ પ્રમાણે છે. (૧) કાર્મેલ પર્વત (૨) મોરિયા પર્વત.

**નાઝારેથ શહેર :**

આ શહેરમાં ઈસુનું ઘર આવેલું છે. આ શહેર નાનું વિસાત વગરનું ગણાતું હતું. માત્ર સાઠ હજારની વસ્તીવાળું આ શહેર છે. ઈસુના પાલક પિતા યુસફ અને માતા મરિયમ અહીં રહેતાં હતાં. ઈસુનો ઉછેર આ શહેરમાં થયો હતો. નીચેના ભાગમાં ગાલીલ શહેર આવેલું છે. આ શહેરમાં અરબ, મુસ્લિમ અને ખ્રિસ્તી લોકોની વસ્તી જોવા મળે છે. અહીં મુસ્લિમ આરબો, ખ્રિસ્તી આરબો રહે છે. અહીં દૂતે યૂસફને દર્શન આપ્યું હતું કે તું અહીંથી તારી પત્ની મરિયમને લઈને બેથલેહેમ જા. અને તેઓ બેથલેહેમ ગયાં અને ત્યાં ઈસુનો જન્મ થયો હતો. ઈસુના જન્મ પછી સ્વપ્નમાં ખબર મળવાથી ઈસુને લઈને યુસફ અને મરિયમ ઈજિપ્ત કે જે મિસર કહેવાય છે ત્યાં જતાં રહ્યાં હતાં. બે વર્ષ પછી તેઓ અહીં પાછાં આવ્યાં હતાં. ઈસુ ગાલીલ પ્રાંતમાં દેવના રાજ્ય વિશેની વાત લોકોને કહેતા હતા અને સેવા કરતા હતા. પવિત્ર ભૂમિમાં ગણાતા મોટા ચર્ચોમાં અહીંનું ચર્ચ મોટું ગણાય છે. આ ચર્ચમાં દૂત અને ઈસુની મુલાકાત થઈ હતી. અહીંની દુકાનોમાં સુંદર વસ્તુઓ ખરીદવા અને ભેટ આપવા માટે મળે છે. મરિયમ અને યુસફ જે ઘરમાં રહેતા હતાં તેની બાજુમાં વિશાળ ચર્ચ આવેલું છે. ઈસુ ખ્રિસ્તનો ઉછેર આ ચર્ચમાં થયો હતો. આ ચર્ચને (લોઅર ચર્ચ) કહેવામાં આવે છે. આ ચર્ચની ગુફાથી ઘુમ્મટ સુધી ૧૯૦ મિટર ઊંચાઈ અને લંબાઈ ૫૦૦ ફૂટ છે. (Merry -M) ચર્ચના મુખ્ય દરવાજા આગળ આ શબ્દ લખવામાં આવ્યો છે જેનો અર્થ

'જીવનનાં પાંદડાં' સૂચવે છે. શીશીલો નામના આર્ટિસ્ટે આગળના ભાગમાં સુંદર ચિત્ર દોર્યું છે તે મોટામાં મોટું ચિત્ર છે. તેમાં ઈસુ, પિતર અને પાછલના ભાગમાં ગાલીલનો સમુદ્ર કિનારો દર્શાવ્યો છે. સાથે અંધકાર અને અજવાળાના દીકરાઓ વિશે ચિત્ર દોરવામાં આવ્યું છે. સાથે દૂતો અને યરૂશાલેમ શહેર પણ બતાવવામાં આવ્યું છે. સાથે પ્રભુ ઈસુ ક્રોસ ઊંચકીને જતા હતા ત્યારે જે ૧૪ સ્થળોએ તેઓ રોકાયા હતા તેનાં ચિત્રો અને જુદા જુદા દેશમાંથી અને સ્વિટઝરલેન્ડ દેશનાં ચિત્રો પણ અહીં આર્કિટેકે દર્શાવ્યા છે. ૧૯૬૪માં પોપ છઠ્ઠાએ આ સ્થળની મુલાકાત લીધી હતી. ત્યારપછી સને ૨૦૦૦માં પોપ જોન પોલે મુલાકાત લીધી હતી. આ ચર્ચ દુનિયાનું મોટામાં મોટું ચર્ચ ગણાય છે.

**મરિયમનો ઝરો :**

ઈસુના જન્મસ્થળની પાસે મરિયમનો ઝરો આવેલો છે. અહીં ત્રણ અલગ અલગ ચર્ચના લોકો સાથે પાણી ભરતા જોવા મળે છે. (૧) રોમન કેથલિક (૨) ગ્રીક ઓર્થોડોક્સ અને (૩) એપોસ્કોલ. આ ત્રણેયને અંદરોઅંદર મતભેદ હોવા છતાં ઈસુની મા મરિયમ અહીંથી પાણી ભરતાં હતાં. ૧૮૭૫માં આ ચર્ચ બાંધવામાં આવ્યું હતું. આનું પ્રવેશદ્વાર ગ્રીક ઓર્થોડોક્સ પ્રવેશદ્વાર કહેવાય છે. આ પંથના લોકો એમની પ્રણાલિકા પ્રમાણે આગળ મૂર્તિ રાખે છે. જેથી વેદી દેખાય નહીં. અત્યારે આ જગ્યા આધુનિક બનાવવામાં આવી છે. બાજુમાં આ વિસ્તાર ખીણ જેવો છે. ખીણમાંથી એક ઝરો જોવા મળે છે. તેમાંથી સતત પાણી ઝર્યા કરે છે. તેને મરિયમનો ઝરો કહેવામાં આવે છે. આ ઝરામાંથી દરેક પ્રવાસી પાણી પીને તૃપ્તિ અનુભવે છે. આ ખીણની બાજુમાં એક નાનું ગામ હતું.

**નાઝારેથ :**

પૂર્વમાં સામે (Upper) ઊપલું નાઝારેથ દેખાય છે. તે 3000 ફૂટની ઊંચાઈએ આવેલું છે. અહીંથી તિબેરીયસ અને ગાલીલ સમુદ્ર તરફ જઈ શકાય છે. સમુદ્ર તટથી ૨૦૦૦ મીટર ગાલીલ નીચાણમાં છે. જ્યારે નાઝારેથ સમુદ્ર તટથી 3000 મીટર ઊંચું છે.

**કાના ગામ :**

કાના ગામનું દેવળ ઈ.સ.૧૮૮૫માં બાંધવામાં આવેલું. તેના બાંધનાર ઓસ્ટ્રેલિયન ફાધર હતા. એટલે ઓસ્ટ્રેલિયાના જેવું જ આ ચર્ચ પણ બનાવવામાં આવ્યું છે. અહીંયાં બે પંથના લોકો રહે છે. અને અલગ અલગ સમયે આ દેવળમાં પ્રભુનું ભજન કરે છે. (૧) ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચ અને (૨) કેથલિક. આ ચર્ચને લગ્નનું ચર્ચ પણ કહેવાય છે. જે ઈ.સ. ૧૮૮૫ માં ફાધરે બનાવેલું. બીજું આ ચર્ચ કાના કેથલિક ચર્ચ પણ કહેવાય છે. કાના ગામ ગાલીલ સરોવરની અને સમુદ્રની સપાટીથી ૨૦૦ મીટર નીચું છે. આ જગ્યાએ ઈસુએ તેમની સેવાની શરૂઆતમાં પ્રથમ ચમત્કાર કર્યો હતો. આજે પણ પાણીનાં જે ૬ કૂંડાં હતાં તેમાં જે પાણી ભરવામાં આવ્યાં હતાં તેના પ્રતીકરૂપે યાદગીરીમાં આ કૂંડા આજે પણ હયાત છે. તે અહીં ચર્ચની બહાર ગોઠવેલાં છે. જેમાંથી એની સામે એક સ્ટોલ આવેલો છે દરેક પ્રવાસીને મફત દ્રાક્ષારસ ચખાડવામાં આવે છે. આ જગ્યાનો દ્રાક્ષારસ ખૂબ જ જાણીતો છે. આવનાર પ્રવાસીઓ યાદગીરીરૂપે અહીંથી દ્રાક્ષારસ લઈ જાય છે.

**તિબેરિયસ :**

ગાલીલ પ્રાંતનું તિબેરિયસ શહેર ઐતિહાસિક શહેર છે. આ શહેરમાં ઓર્થોડોક્સ યહૂદીઓ વસે છે. તેઓ ધર્મમાં ચુસ્ત હોઈને સાબ્બાથ દિવસ શનિવારની રજા પાળે છે. આં દિવસે બધું બંધ હોય છે. ટ્રાફિક પણ ઓછો જોવા મળે છે.ગાલીલ પ્રાંતનું પાટનગર તિબેરિયસ કહેવાય છે. આ જગ્યાએ લાવારસનું તોફાન થાય ત્યારે સલામત રહી શકાય માટે કાળા પત્થરનાં મકાનો બાંધવામાં આવે છે. જેથી એમના ઘરો સલામત રહી શકે. તિબેરિયસ ગાલીલ સમુદ્ર તટથી ૨૦૦ મીટર ઊંચાઈએ આવેલું શહેર છે. તિબેરિયસની દક્ષિણ બાજુથી હોડીમાં બેસી ગાલીલ બાજુ જવાય. ગાલીલ માછીમારો માટે પ્રખ્યાત કિનારો છે. તિબેરિયસના ગાલીલ કિનારેથી હોડી મારફતે મગદલા શહેર તરફ જવાય છે. જે ૨૨ કિ.મી.નાં અંતરે છે. અમે હોડીમાં મુસાફરી કરી મગદલા

શહેર પહોંચ્યા હતા. ઉત્તર દક્ષિણ ૨૨ કિ.મી. સમુદ્રમાં મુસાફરી કરવાનો લહાવો યાદગાર બાબત કહી શકાય. તેની પહોળાઈ ૧૧ કિ.મી. છે. તેનાં પાણી ૫૦ મીટર ઊંડાં છે. અહીંના લોકો શનિવારને સાબ્બાથ વાર ગણતા હોવાથી ભક્તિસભા શનિવારે જ કરે છે. અમે પણ આ દિવસે ત્યાં હોવાથી અમે હોડીમાં ભક્તિસભા ચલાવી હતી. બાઈબલમાંથી એને લગતા અમુક અધ્યાયનું વાંચન કરવામાં આવ્યું. માર્ક : ૧-૩૫ ગાલીલને લગતી કલમો વાંચવામાં આવી. તેમ જ માર્ક : ૪-૩૫ થી ૪૧ સમુદ્રનાં તોફાનો વિશે જે વાત બાઈબલમાં છે તે વાંચવામાં આવી. પહેલો યોહાન : ૫-૧૩ થી ૧૭ કલમ એ પણ વાંચવામાં આવી. ઈસુએ એ સમયમાં શિષ્યોનો ડૂબતી હોડીમાંથી બચાવ કર્યો. અને સમુદ્રને શાંત કર્યો. સમુદ્રમાં ૨૨ કિ.મી. ની મુસાફરી કરતા કરતા એ બધી બાબતોનો આબેહૂબ અનુભવ કર્યો. અમારાં હૃદયો આનંદથી ભાવવિભોર થઈ ગયાં. તે સમયમાં નાઝારેથના લોકો ઈસુને સાંભળવા તૈયાર નહોતા માટે તેઓએ ગાલીલના કિનારે આવીને એમની સેવાની શરૂઆત કરી. કાપરાનાહુમ, ગોલ્ડનહાઈડ થઈ સિરિયા સુધી ઈસુ દેવના રાજ્ય સંબંધી વાત કરી શકે એ બાબત ત્યાંના ગાઈડ મારફતે જાણવા મળી. ટ્રાફિક એ સમયે પણ હતો. અને ઈસુને પ્રથમ સંદેશો જે જગ્યાએ આપ્યો એ જગ્યા જોઈ. સાથે ગેન્નેસારેતના કિનારે જે માણસને સેના વળગેલી હતી તે માણસને સાજો કર્યો એ જગ્યા જોઈ. આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં ઈસુ જે જગ્યામાં ફર્યા અને સેવા કરી તે બધાં સ્થળો અમને જોવા મળ્યાં. તિબેરિયસ ગામ હીરાઉદ્યોગ માટે જાણીતું છે. હીરા ઉદ્યોગના ધંધાથી ઈઝરાયેલ સરકારને ખૂબ જ આવક થાય છે. અહીંયાં હીરા ઘસવાની, હીરા કાપવાની કારીગરીથી અને બીજા કામથી પુષ્કળ નાણાં કારીગરો અને સરકાર કમાય છે. અહીંયાં ડાયમંડની ફેકટરીઓ ખૂબ જ આવેલી છે. તેમાંથી ત્રણ જ ફેકટરીઓને પરવાનગી છે કે તેઓ ડાયરેકટ પ્રવાસીઓને સીધેસીધી રીતે ડાયમંડનું વેચાણ કરી શકે છે અને પ્રવાસીઓ સહેલાઈથી ડાયમંડની વસ્તુઓ ખરીદી શકે છે. આ ત્રણ જ ફેકટરીઓને ટેક્ષ ફ્રી ની

પરવાનગી આપવામાં આવેલી છે જેને ડાયમંડ માઈન્સ કહેવામાં આવે છે. વિશાળ જગ્યામાં ઊભી કરાયેલી આ ડાયમંડ માઈન્સ ફેકટરી જોવાની તક મળી. દરેક પ્રવાસીને ફેકટરીના માલિક તરફથી એક એક ક્રોસ ફ્રી આપવામાં આવ્યો. આ બધું જોઈ અમે પ્રભુનો આભાર માન્યો.

**કિબુત્સ :**

કિબુત્સને બીજા શબ્દોમાં સામૂહિક જીવન પદ્ધતિ કહેવામાં આવે છે. ઈઝરાયેલ દેશ ૫૬ વર્ષ જૂનો દેશ છે. ૧૨૦ વર્ષ પહેલાં અહીં યહૂદી નેતાઓ આવ્યા. તેઓને પાયોનિયર તરીકે ઓળખવામાં આવે છે. ૧૯૦૯માં રશિયાથી યહૂદીઓ આવ્યા. તેમણે આવાં કિબુત્સની રચના કરી. સાથે રહેવાની ભાવના લઈને તેઓ રશિયાથી અહીં આવ્યા હતા. દરેક વસ્તુનું ઉત્પાદન કરવાનું બધું કામ સાથે મળીને કરવાનું અને ઉત્પાદન સરખા ભાગે વહેંચીને લેવાનું એવો એમનો આશય હતો. મકાન, ખોરાક, વસ્ત્ર બધું સરખે ભાગે મળે એવી એમની ભાવના હતી. રશિયામાં જેવું હતું એવું અહીં નથી. સ્વતંત્રતા કોઈ એકનો હુકમ નહી. આને કારણે કિબુત્સમાં વધારો થયો. અહીંયા સમૂહમાં લગ્નો પણ થાય છે. અરણ્યમાંથી આવેલા કેટલાક પ્રવાસીઓ પણ આવા કિબુત્સમાં રહે છે. અહીંના ઉદ્યોગો જેવા કે ડેરીફાર્મ, કેળનાં ફાર્મ જેવા ફાર્મ જોવા જેવા છે. તેમાં બધા સાથે સમૂહમાં રહીને કામ કરે છે. આને કારણે પક્ષીઓથી રક્ષણ મળે છે, જીવજંતુથી રક્ષણ મળે છે. અહીંનું વાતાવરણ ગરમ હોય છે શિયાળો પણ પ્રમાણસર હોય છે. અહીં શિયાળામાં પણ વરસાદ પડે છે. નવેમ્બરથી માર્ચ સુધી ચોમાસું હોય છે. અહીંયા ૩૦ થી ૪૦ ઈંચ વરસાદ પડે છે.

**કાપરનાહુમ :**

આ એક વિખ્યાત ઐતિહાસિક શહેર છે. અહીંયા પણ ઈસુએ ચમત્કારો કરેલા છે. ઈસુએ આપેલા ઉપદેશોમાંનો વિખ્યાત ઉપદેશ સંત માત્થીની સુવાર્તાના ૫-૬-૭ અધ્યાયમાં અંકિત કરાયેલો છે. એ ઉપદેશ

જગતમાં ગિરિપ્રવચન તરીકે જાણીતો થયેલો છે. એ ગિરિપ્રવચનની અમૃતવાણી પ્રભુ ઈસુએ અહીં કાપરનાહુમમાં ઉચ્ચારેલી હતી. એમાં મહત્ત્વની ધન્યતાઓ પણ વણી લેવામાં આવેલી છે. જે સ્થળે આ ઉપદેશ અપાયો હતો તે પહાડને ધન્યતાનો પહાડ કહેવામાં આવે છે. આ જગ્યા સમદ્ર તટથી થોડી ઊંચાઈએ આવેલી છે. અમે એના કિનારે આવ્યા ત્યારે અમને ગાઈડે જણાવ્યું હતું કે લોકો જયારે ઈસુને સાંભળવા આ શહેરમાં આ જગ્યાએ એકઠા થયા હતા અને તેઓને ભૂખ લાગી ત્યારે જેમ બાઈબલમાં લખવામાં આવ્યું છે કે ઈસુએ શિષ્યોને કહ્યું કે તમે તેઓને ખાવાનું આપો. પણ શિષ્યો ખાવાનું આપી શકે તેમ ન હતા. પણ જે માણસો ઈસુને સાંભળવા આવેલા તેઓમાં એક જુવાન પાસે બે માછલી અને પાંચ રોટલી હતી તે જુવાન પાસેથી લઈને ઈસુએ સ્તુતિ કરીને ભાંગીને શિષ્યોને વહેંચવા આપી હતી અને બાઈબલમાં લખવામાં આવ્યું છે તેમ એટલા જ ખોરાકથી પાંચ હજારને જમાડવામાં આવ્યા હતા. આ જગ્યા જોઈને અમે ભાવવિભોર થયા હતા. વિજ્ઞાનના નિયમ પ્રમાણે ધ્વનિ વિદ્યાથી પુરવાર થાય છે તે ભાષણ ઈસુએ તે સમયે કર્યું હતું તેના પડઘા દૂર સુધી લોકો સ્પષ્ટ રીતે સાંભળી શકે એ બાબત જણાવવામાં આવી.

**તબઘા ગામ :**

કાપરનાહુમની બાજુમાં આ ગામ આવેલું છે. અહીંયાં સુંદર પ્રભુમંદિર જોવા મળે છે. અહીંયા રોમન કેથલિક સિસ્ટરો કામ કરે છે. અહીંના ચર્ચમાં ખૂબ જ શાંતિ જાળવવી પડે છે. આ એ જગ્યા છે જે જગ્યામાં ઈસુએ ૨ માછલી અને ૫ રોટલી ઉપર આશીર્વાદ માંગ્યો હતો અને ૫૦૦૦ ને જમાડ્યા હતા. કાપરનાહુમ ગામના બે શબ્દો થાય છે. એક નાહુમ શબ્દ છે. માછીમારોનું આ ગામ છે. અહીંથી દમસ્ક તરફ રસ્તો જાય છે. આ ગામના લોકોને દમસ્કના લોકોને પેસવા દેતા ન હતા. તેથી ઈસુ કાપરનાહુમના લોકોને મળવા જતા હતા અને ખેતરમાં અથવાં દરિયા કિનારે મળતા હતા. ઈસુના સંદેશાથી જે માણસો ઈસુ પાસે આવ્યા એ પાછળથી આગેવાન બન્યા. સિમોન, આંદ્રિયા ત્યારપછી લોકોનું

જૂથ વધ્યું. અને ઈસુને આમંત્રણ આપી બોધ માટે બોલાવતા હતા. આમ ઈસુએ નાઝરેથ અને કાપરનાહુમમાં બે જગ્યાએ ઉપદેશ કર્યો. સાથે ચમત્કારો પણ કર્યા. જેથી ઈસુની ખ્યાતિ આ જગ્યામાં વધવા લાગી. જ્યારે જ્યારે ઈસુ અહીં આવતા ત્યારે તે સિમોનના ઘરે રહેતા હતા. અહીં સિમોનના ઘરના અવશેષો આજે પણ જોવા મળે છે. ચોથી પાંચમી સદીનું અષ્ટકોણ આકારનું દેવળ પિતરના ઘર ઉપર બનાવવામાં આવ્યું છે. એથી પાંચમી સદીમાં બીજું ઘર બનાવ્યું. જૂનું ઘર બારમી સદી પહેલાં હતું. ત્યારપછી નવું આધુનિક ચર્ચ અત્યારે અસ્તિત્વ ધરાવે છે. પિતરના ઘરને સાજાપણાનું ઘર પણ કહેવામાં આવે છે. પક્ષઘાતીને આ જગ્યાએ સાજો કરવામાં આવ્યો હતો. જે ઘરનું છાપરું ખોલીને પક્ષઘાતીને ઉતારવામાં આવ્યો હતો તે જગ્યા જોઈ આનંદ થયો. આજ જગ્યામાં આ ઘરમાં પિતરની સાસુને પણ સાજી કરવામાં આવી હતી. ઈસુ જ્યારે જ્યારે અહીં આવતા ત્યારે ત્યારે લોકોનાં ટોળાં તેમને મળવા, સાંભળવા અને ચમત્કારો જોવા આવતા હતા. કાઈસારિયામાં ફિલિપને ઈસુએ કહ્યું હતું કે હું તારા પર મંડળી બાંધીશ. એ વાત જમણી બાજુ પિતરનું ઘર છે એ પરથી સાબિત થાય છે. ડાબી બાજુ યહૂદીઓનું સભાસ્થાન છે. ચોથી પાંચમી સદીમાં ઈસુએ તેમાં આવીને પણ ઉપદેશ આપ્યો હતો. અહીંયાં બીજાં જોવાલાયક સ્થળો છે. (૧) <u>સિનેગોગ :</u> જે રોમન અસરોનો ખ્યાલ અપાવે છે. આ સિનેગોગના પિલ્લરો આજે પણ મોજૂદ છે. (૨) <u>ઘંટીનું પડ :</u> ઓલિવ તેલ કાઢવા માટે જૈતુનનાં ફળને પીલીને તેમાંથી તેલ કાઢવામાં આવતું હતું. અનાજ દળવા માટે પણ આ ઘંટીના પડનો ઉપયોગ કરવામાં આવતો હતો. (૩) <u>કરારકોશ :</u> જૂના કરારમાં જે કરારકોશની વાત આવે છે તે દર્શાવતું ચિત્ર તેના પત્થરો, રથ અને તે સમયનું ગાડું તેના નમૂના જોવા મળે છે. (૪) <u>સંત પિટર ફીશ :</u> આ જગ્યામાં આખી રાત મહેનત કરવા છતાં શિષ્યોને કશું હાથ લાગ્યું ન હતું પણ ઈસુના કહેવાથી તેમણે તેમની જાળો ત્યાં નાખી અને ૧૫૩ મોટી માછલીનો જથ્થો તેઓએ પકડ્યો. એ જગ્યા જોવાની તક મળી

અને એ જગ્યાને સંત પિટર ફીશ કહેવામાં આવે છે. અહીંયા૧૧ ડોલરમાં ફીશ અને બ્રેડ જમવા માટે મળે છે. દરેક પ્રવાસી યાદગીરી માટે આનો સ્વાદ અવશ્ય માણે છે. ૪૮૦માં તબઘા ગામ બનાવવામાં આવ્યું હતું. તેને મોઝેક ચિત્રમાં દર્શાવવામાં આવ્યું છે. તેનાં મૂળ પક્ષીઓનાં ચિત્રો અહીં છે. જવાળામુખીના તોફાનમાંથી આવતા પત્થરોમાંથી ૪૮૦માં અહીંયા ચર્ચ બનાવવામાં આવ્યું છે. એ જ પત્થરમાંથી બનાવેલી ઘંટી અહીં જોવા મળે છે. અહીંયાં બેનેટીક મંદિર છે. અહીંયા પ્રવેશતા બિલકુલ શાંતિ જાળવવી પડે છે.

**તાબોર પહાડ :**

આ પહાડને રૂપાંતરનો પહાડ પણ કહેવામાં આવે છે. તેમ જ માઉન્ટ ટોબેર નામથી પણ ઓળખાય છે. આ પહાડ ૧૫૦૦ મીટર સમુદ્રતટથી ઊંચાઈએ છે. તે અલાયદો છે. જેથી ચારેય બાજુથી દેખાય તેવો આ પર્વત છે. તેની નીચે ઈઝયેલની ખીણ આવેલી છે. ગાલીલથી આ જગ્યા દેખાય છે. કનાનીઓ માટે ભજન કરવાની આ જગ્યા છે. આનો મિનારો ઈસ્સાખાર નામથી ઓળખાય છે. આશેર એફ્રાઈમ કૂવા માટે આ જગ્યા જાણીતી છે. દબોરાહ પ્રબોધિકાએ શિશરાને હરાવી મારી નંખાવેલો. અને યહોશુઆએ જે લડાઈ આ ભાગમાં કરેલી તે આ સ્થળ છે. ૧૯૪૩માં ઈઝરાયેલ ક્રૂઝેડસ લોકોએ અહીં ચર્ચ બાંધ્યું હતું. પિતર, યાકૂબ અને યોહાનને લઈને ઈસુ આ પહાડ પર આવેલા. માત્થી ૧૭:૧ થી ૮ કલમ. માર્ક ૯ મો અધ્યાય અને લુક ૮મા અધ્યાયમાં આ વાત વાંચવા મળે છે. રૂપાંતરનો પહાડ તે નામ એટલા માટે આપવામાં આવ્યું છે કે અહીં ઈસુનું રૂપાંતર થયું હતું. ત્રણ માંડવા બાંધવાની વાત પિતર, યાકૂબ અને યોહાને કરી હતી. ગીતશાસ્ત્ર ૮૯:૧૨ મુજબ તાબોર તથા હેર્મોન તારે નામે હર્ષનાદ કરે છે. પ્રભુના ત્રણ મુખ્ય શિષ્યો મૂસા, એલિયાહ અને યોહાન એ આજુબાજુ ઊભેલા દેખાય છે. અને વાદળામાંથી એવી વાણી થઈ કે આ મારો વહાલો દીકરો છે તેનું સાંભળો. એ પછી શિષ્યોએ ઈસુ વિના બીજા કોઈને દીઠા નથી.

**હેર્મોન પર્વત :**

આ પર્વત સમુદ્ર તટથી ૩૦૦૦ મીટર ઊંચો છે. અહીંયા યુકેલિસના ઝાડ ૧૦૦ વર્ષ જૂનાં છે. આ ઝાડ ઓસ્ટ્રેલિયાથી મંગાવવામાં આવેલાં હતાં. આ ઝાડ ઉછેરવાથી જીવજંતુ નાશ પામે છે. અહીં જોર્ડન વેલી યરદનની ખીણ (યબડેલ) ઈશ્વર બાંધશે. અહીંથી ૧૯ કિ.મી. ગોલ્ડન હાઈડ છે. તેની સામે પર્વત છે. જે ૧૫ કિ.મી. પછી આવે છે. ત્યારપછી ૩૫ કિ.મી.ના અંતરે દમસ્ક શહેર આવેલું છે. ઉત્તરે કાઈસારિયા ફિલિપ બીજું હેબ્રોન ત્રીજું ગીલિયાદ બાસાન છે. અહીંની ગીલિયાદની બામ પ્રખ્યાત છે. અને બાસાનની ગાયો પ્રખ્યાત છે. હોઆન (HOAN) ૬૭ સુધી સિરિયાના તાબામાં હતું. હોડીમાં બેસીને લોકો આવતા અને ૧૫ કિ.મી. સુધીનો ભાગ તેઓએ જીતી લીધો. અહીંની ખજૂર ખૂબ જ પ્રખ્યાત છે. અહીં ગાલીલ સમુદ્ર પૂરો થાય છે. આ પ્રદેશને ખૂબ જ આશીર્વાદ મળ્યો છે. અહીં વર્ષમાં સાત વખત પાક લેવામાં આવે છે. જેમાં ખજૂર, દ્રાક્ષ, ઓલિવ, દાડમ, જવ, ઘઉં પુષ્કળ પ્રમાણમાં થાય છે. ગાલીલ સરોવરનું પાણી યરદન નદીમાંથી આવે છે. ૨૮૦ કિ.મી. લંબાઈ સુધી આ પાણી લઈ જવાય છે. જેથી ખેતીમાં ખૂબ જ ઉપયોગી નીવડે છે. આ પ્રદેશ સમુદ્ર તટથી નીચે હોવાથી તેની આબોહવા ગરમ હોય છે. કુદરતી દ્રવ્યો અહીં પુષ્કળ પ્રમાણમાં છે. જેથી કોસ્મેટિકની વસ્તુઓ ખૂબ મોટા પ્રમાણમાં ઉત્પન્ન કરવામાં આવે છે. અહીંનું પાણી જીવંત છે.

**યરદન નદી :**

આ નદીમાં ઈસુનું બાપ્તિસ્મા થયું હતું. આ યરદન નદી બે દેશ વચ્ચે બોર્ડર સમાન છે. એક છેડે જોર્ડન દેશ અને બીજે છેડે **ઈઝરાયેલ.** એથી ત્યાં જઈ શકાતું નથી. ઈસુએ જે જગ્યાએ બાપ્તિસ્મા લીધું હતું ત્યાં આજે પણ પ્રવાસીઓ બાપ્તિસ્મા લે છે. અહીંથી યરદનનું પાણી મફત લઈ શકાય છે. જોર્ડન નદી અહીંથી ૩૫ કિ.મી. આગળથી શરૂ થાય છે. યરદન નદીની શરૂઆત ઈસુના બાપ્તિસ્માના સ્થળથી શરૂ થઈ ૩૫

કિ.મી. જોર્ડન નદી સુધી જાય છે. ગાલીલના સમુદ્રથી આગળ ૯૦ કિ.મી.ના અંતરે મૃત સરોવર મળે છે. ત્યાં બોર્ડર છે તેથી ત્યાં જઈ શકાતું નથી. પણ એ જગ્યાએ ઈસુનું બાપ્તિસ્મા થયું હતું. અત્યારે જે જગ્યાએ લોકો બાપ્તિસ્મા લે છે તે જુદી જગ્યા છે. યરદન નદી ટુરિસ્ટો માટે આશીર્વાદરૂપ છે. ટુરિસ્ટોથી જોર્ડનના ભાગમાં જવાતું નથી. ગાલીલથી મૃત સરોવરમાં યરદન નદી મળી જાય છે. જોર્ડન દેશ અલગ હોવાથી ત્યાં જવા માટે અલગથી વિસા લેવો પડે છે. યરદન નદીના પાણીનો ઉપયોગ જુદી જુદી રીતે કરે છે. હાથપગ ધોવા, મોં ધોવા, કે પછી બાપ્તિસ્મા લેવા. અહીંથી ડાબી બાજુએ જોર્ડન દેશ આવેલો છે. યરદન નદી અને જોર્ડન દેશ વચ્ચે જોર્ડન વેલી વિસ્તાર આવેલો છે તેમાંથી પસાર થઈ ૧૧૦ કિ.મી. પછી મૃત સરોવર આવે છે. તે પહેલા ૧૦ કિ.મી.ના અંતરે યરેખો શહેર આવે છે. અહીંની જમીન ખૂબ જ ફળદ્રુપ છે. જેથી અહીં બધું લીલુંછમ દેખાય છે. પણ ૧૧૦ કિ.મી. પછી સૂકો પ્રદેશ જોવા મળે છે. આ એક વિરોધાભાસ છે. સમુદ્રની સપાટીથી આ વિસ્તાર ૨૦૦ મીટર નીચે છે. ૧૦ કિ.મી. પછી યરેખો આગળ ૪૧૨ મીટર નીચે સમુદ્ર આવે છે. **ઈઝરાયેલ** દેશ આખી દુનિયાનું કેન્દ્રબિંદુ છે. મતલબ કે ઈઝરાયેલ દેશ વિશ્વના મધ્ય ભાગમાં આવેલો છે અને ઈઝરાયેલ દેશની મધ્યમાં મૃત સરોવર આવેલું છે. સામે ડાબી બાજુ ટેકરા પર જે ધ્વજ દેખાય છે તે જોર્ડન દેશ અને રોડની ડાબી બાજુ યરદન નદી જોવા મળે છે. આ દેશનો પટો ૨૦૦૦ કિ.મી. નો છે. અહીંથી આગળ ગાલીલ, ઈલાટ અને આફ્રિકા ખંડના ભાગ સુધી અને સિરિયન આફ્રિકાનો આગળનો પટો એ અરણ્યનો ભાગ ગણાય છે. અહીં ૪૫ ઈંચ જેટલો વરસાદ પડે છે. પણ અરણ્યના ભાગમાં ફક્ત ૫ ઈંચ જ વરસાદ પડે છે. આ એક મોટો વિરોધાભાસ અથવા ઈશ્વરની કૃપાનો એક ભાગ દેખાય છે. અત્યારે ઈઝરાયેલ દેશ અને જોર્ડન દેશ આ યરદન નદીનું પાણી વાપરે છે. ડાબી બાજુ સિંચાઈ પદ્ધતિથી ખેતરોમાં પાણી પહોંચાડવામાં આવે છે. કાર્મેલ કરતા આ જગ્યામાં બે મહિના વહેલો પાક થઈ જાય છે. એનું કારણ એ

છે કે ગરમીનું પ્રમાણ વધારે જોવા મળે છે. ડ્રીપ-ટપક પદ્ધતિથી પ્લાસ્ટિકની પાઈપો જમીનમાં દાટવામાં આવે છે એમાં થોડા અંતરે છિદ્ર પાડેલાં હોય છે. આ છિદ્રમાંથી પાણી ટપક્યા કરે છે તેને ડ્રીપ-ટપક પદ્ધતિ કહેવામાં આવે છે. જ્યારે ફુવારા સિસ્ટમ આના કરતાં જુદી હોય છે. ફુવારા સિસ્ટમમાં પાણી ઊંચે સુધી અને વધારે પ્રમાણમાં પડતું દેખાય છે તેને ફુવારા સિસ્ટમ કહેવાય છે. આ બંને રીત ત્યાં જોવા મળી. અહીં તંબુ જેવા માંડવા ઘરોના સ્થાને જોવા મળે છે. આ માંડવામાં રાત્રે ઠંડકથી રક્ષણ કરવા માટે પ્લાસ્ટિકનાં કવરો બનાવવામાં આવે છે. દિવસે આ માંડવામાં રહેવામાં કોઈ વાંધો આવતો નથી. ફૂલછોડને રાત્રે ઠંડીથી બચવા આવા માંડવા અથવા તંબુ જરૂરી છે. અહીં ચાર ઋતુઓ અથવા સીઝન હોય છે. નિયમિત રીતે તે ત્રણ અઠવાડિયા પહેલાં અહીંયા બધું લીંલુછમ હતું. અત્યારે સૂકું દેખાય છે. કારણ કે આ સમય ઉનાળાનો છે. ઓકટોબરથી ડિસેમ્બર સુધી વાતાવરણ સૂકું હોય છે. અહીં કુદરતી આફતો ઓછી આવે છે. ડાબી બાજુ મોટાં મોટાં તળાવો દેખાય છે. તેમાં મચ્છી ઉદ્યોગ વિકસાવવામાં આવે છે. અહીંયાં બે પ્રકારની મચ્છી ઉછેરવામાં આવે છે. (૧) સેન્ટ પિટરની મચ્છી અને (૨) કાર્લ નામની મચ્છી અહીં ઉછેરવામાં આવે છે.

**બેથશીલ (BETH-SHEEL) રહોઉ ગામ :**

આ જગ્યા એ છે કે શાઉલના દીકરાઓએ પલિસ્તીઓને માર્યા ત્યારે તેમને અહીં રાખવામાં આવ્યા હતા. આ ગામમાં ફળિયાં આવેલાં છે. બાઈબલના રેફરન્સ સાથે આ બનાવનો અભ્યાસ કરવો રસપ્રદ છે.અહીંથી જમણી બાજુ પસાર થતાં ટામેટાની ખેતી જોવા જેવી છે. અહીં ગીલગોવા પર્વતની આ જગ્યાએ શાઉલ રાજાને મારી નાખવામાં આવ્યો હતો. અહીં જ દાઉદના દીકરા યોનાથાનને પણ મારી નાંખવામાં આવેલો તેની જાણ અહીં જ થઈ હતી. જે સ્થળને 'એનહરદ' કહેવાય છે તે આ જગ્યા છે. ગીદીઓને જે કહેલું કે જે કોઈ લખલખાવીને પાણી પી શકે તે મારી સાથે જોડાય તે આ સ્થળ છે. મિદ્યાનો સાથે જ્યારે લડવા

આવ્યા ત્યારે ગીદીઓને એની સાથે જે સૈન્ય હતું તેને ઉપરોક્ત બાબત કહેલી તે જ આ જગ્યા. ન્યાયાધીશ ૭મો અધ્યાય ૧ થી ૮ કલમમાં હરબના ઝરાની વાત લખવામાં આવી છે. શાઉલની વાત પણ ન્યાયાધીશના પુસ્તકમાં લખવામાં આવી છે. ઈઝરાયેલ અને જોર્ડનની સરહદમાં સને ૧૯૬૭માં ૬ દિવસના યુદ્ધમાં **ઈઝરાયેલે** આ ભાગ જીતી લીધો હતો. અહીંથી મૃત સરોવર યરૂશાલેમ સુધીનો બધો ભાગ જોર્ડનની પાસેથી ઈઝરાયેલે જીતી લીધો હતો. આ રોડનું સંચાલન ઈઝરાયેલ કરે છે. જમણી બાજુએ સમરૂન પ્રાંતના પહાડો આવેલા છે. સમારિયા અને યહૂદિયાના કેટલાક ભાગોમાં પલિસ્તીઓ સંચાલન કરે છે. બીજા અર્થમાં રાજ કરે છે. જમણી બાજુનો ભાગ અત્યારે પલિસ્તીઓના તાબામાં છે. એમાંની ઘણી વસાહતો યહૂદીઓની છે. ૯૫ ટકા ભાગ પલિસ્તીઓને ઈઝરાયેલ તરફથી આપી દેવામાં આવ્યો છે. છતાં અમુક ભાગ ઈઝરાયેલે પોતાની સલામતી માટે તેની પાસે રાખેલો છે. અહીં જે પીળો ભાગ દેખાય છે તે પલિસ્તીના તાબામાં છે. આ ભાગને બાઇબલમાં સમારિયા અથવા યહૂદિયા કહે છે. આની બાજુમાં જોર્ડન વેલી આવેલી છે. આરબોને પલિસ્તી નામ ગમતું નહી હોવાતી તેને 'વેસ્ટ બેંક' નામ આપેલું છે. આ ગામ **ઈઝરાયેલનું** છે. અને ત્યાં ઈઝરાયેલી વસાહતો જોવા મળે છે. રૂમીઓ, આરબો અને બ્રિટિશ લોકોએ પેલેસ્ટાઈન નામ આપ્યું હતું. માટે આ દેશને પલિસ્તી લોકોનો દેશ કહેવામાં આવે છે. ૧૯૬૭ ના યુદ્ધમાં ઈઝરાયેલે વેસ્ટ બેંકનો ભાગ જીતી લીધો હતો. હવે પેલેસ્ટાઈન આ રોડનો કબજો છોડી દે તો સિરિયા, જોર્ડન અને મિસર ઉપર **ઈઝરાયેલ** સહેલાઈથી યુદ્ધ કરી શકે. માટે **ઈઝરાયેલે** આ રોડ તેના તાબામાં રાખ્યો છે. અત્યારે ફક્ત ૨ લાખ યહૂદીઓ વેસ્ટ બેંકમાં છે. તેની સામે ૨૦ લાખ આરબો અહીં રહે છે. આ પ્રદેશ ખડકાળ છે. માટે વરસાદ ઓછો પડે છે. તેથી પલિસ્તીઓ અહીં રહેતા નથી. ઉત્તરથી હેર્મોન પર્વત તરફ રસ્તો અહીં નીકળે છે. પૂર્વે ૪૭૫ કિ.મી.નો ભાગ મૃત સરોવર સુધી ગણાય છે. ડાબી બાજુ ખીણમાં યરદન નદી વહે છે. અહીંયા ગામ અને

ખેતી જોર્ડનના છે. ડાબી બાજુ રોડથી ૧૦૦ ફૂટ જે તારની વાડ દેખાય છે તે જોર્ડનની છે. **ઈઝરાયેલે** નદીની પેલે પાર ખેતી માટે થોડી જમીન જાણીબૂઝીને છોડી દીધી છે. અહીંથી જેમ જેમ અરણ્ય તરફ આગળ જઈએ તેમ માટી અને પત્થરના કલરો બદલાતા જોવા મળે છે. તેમાં અમુક ભાગમાં કાળા પત્થર, કાળી જમીન અને અમુક ભાગમાં લાલ પત્થર લાલ જમીન જોવા મળે છે. અગાઉ જણાવ્યું તેમ અરણ્યના ભાગમાં પાંચ જ ઈંચ વરસાદ પડે છે એ સૂકાપણાથી ખબર પડશે કે અહીં વરસાદ નહી હોવાને કારણે સૂકું છે. **ઈઝરાયેલથી** ઇજિપ્ત જતાં અરણ્યમાં જે રસ્તો કાચો, ધૂળવાળો દેખાય છે તે જાણી જોઈને રાખવામાં આવેલો છે કારણ કે દુશ્મન કોઈક વાર ચઢી આવે તો ખબર પડે માટે પાકા રસ્તા બનાવ્યા નથી. સઘન પેટ્રોલિંગ કરતી જીપો, મિલેટરીના માણસો અહીં જોવા મળે છે. અહીં મકાઈનો પાક થાય છે. યરદન નદીથી ૧૦૦ કિ.મી.ના અંતર સુધી મૃત સરોવર સુધી તારની વાડ છે. અત્યારે **ઈઝરાયેલનું** આર્મી સતત પેટ્રોલિંગ કરે છે. સામે દૂર ડાબી તરફ જોર્ડન દેશ દેખાય છે. અહીંનો ઉનાળો ખૂબ જ આકરો હોય છે.

**યરેખો :**

આ ગામ ઈસુના શિષ્ય 'જાખી દાણી'નું છે. અહીં એક ઝરણું છે. તેનું પાણી કડવું હતું પણ એલિયાહે એ કડવું પાણી મીઠું બનાવેલું. અહીં જમણી બાજુ જે પહાડ દેખાય છે તે પરીક્ષણનો પહાડ છે. આ પહાડ પર શેતાને ઈસુનું પરીક્ષણ કર્યું હતું. ઈસુનું પરીક્ષણ ગાલીલ જેવા લીલાછમ ભાગમાં નહીં પણ સૂકા પ્રદેશમાં થયું હતું. ૪૦ રાત દિવસ ઈસુએ આ જગ્યાએ ઉપવાસ કર્યા હતા. તે સમયે શેતાને આ પહાડ પર ઈસુનું પરીક્ષણ કર્યું હતું. આ પહાડની તળેટીમાં જૂનું યરેખો ગામ આવેલું છે. યહોશુઆના સમયમાં યરદન ઊતરીને યરેખો ગામમાં ગયા હતા અને ૬ દિવસ આ ગામનો ઘેરો ઘાલ્યો હતો અને સાતમા દિવસે યરેખોનો કોટ તોડી પાડવામાં આવ્યો હતો. ઈસ્રાએલી સૈન્યના સૈનિકો બાજુથી યરદન ઓળંગી જમણી તરફ યરેખો આવ્યા હતા. પ્રથમ જૂનું યરેખો શહેર

મળ્યું. આજે પણ એલિયાહનું ઝરણું જોવા મળે છે. તેનાં પાણી જે કડવાં હતાં તેમાં એલિયાહે પાંદડું નાંખ્યું અને પાણી મીઠું થયું તે આ જગ્યા છે. ઈસુ ગાલીલ તરફથી અહીં આવેલા. અને અહીંથી જ યરૂશાલેમ ગયા હતા. તે સમયે ટેલિફોન કે મેગાફોનની વ્યવસ્થા ન હતી. છતાં લોકોના મુખે ઈસુ વિશેની વાત સાંભળી ટોળેટોળાં ઈસુને મળવા આવતાં હતાં. આ જ વાત જાખી દાણીએ સાંભળી હતી તે ઠીંગણો હતો. ઈસુને જોવાની ખૂબ ઇચ્છા હતી પણ ભીડને લીધે અને તેની ઊંચાઈને લીધે તે ઈસુને જોવા 'ગુલ્લર' ઝાડ પર ચઢી ગયો હતો. બપોર પછી આ જ રસ્તે ઈસુ યરેખોથી યરૂશાલેમ જવાના હતા. બાઇબલમાં આ વાતનો ઉલ્લેખ છે. યરેખોના કોટની વાતના આધારે કેટલાક ફેરફારો થતા રહ્યા તેમાં જૂનામાં જૂનું યરેખો અને નવું આધુનિક યરેખો થઈ રહ્યું છે. હાલમાં આરબના તાબામાં યરેખો શહેર છે. મુખ્ય રોડથી નાળું, ઝરણું અને ઝાડ જોઈ શકાય છે. ઝાડની ઊંચાઈ ૧૦૦ ફૂટ છે. લૂક ૧૯:૧ થી ૮ કલમમાં જાખી દાણીની વાત આવે છે. હિબ્રૂ ભાષા અને અંગ્રેજી ભાષામાં લખવામાં આવ્યું છે કે અત્યારે આ ઝાડ ઓરિજીનલ નથી એના જેવું જ ઝાડ બનાવ્યું છે. જે ઝરણાની વાત કરવામાં આવી એ આ ઝરણા આગળ યરદન નદીમાં યરેખો અને મૃત સરોવરની વચ્ચે ડાબી બાજુ ઈસુએ બાપ્તિસ્મા લીધું હતું. યરેખો સુધી સમરૂનના પર્વતો હતા તે અહીં પૂરા થાય છે. હવે અહીંથી યહૂદિયાના પર્વતો શરૂ થાય છે.

**મૃત સરોવર :**

આ મૃત સરોવરમાં ૯૫ ટકા ક્ષાર હોવાથી તેનું પાણી ખૂબ જ ઘાટું હોય છે. આ સરોવરમાં ખૂબ ખજાનો છે પણ તે કાઢી શકાતો નથી. તે કશા કામમાં આવતો નથી. તેથી તેને મૃત સરોવર કહેવામાં આવે છે. આ સરોવરની માટીમાં ગંધકનો અંશ આ વે છે. તેનાથી ચામડીના ઉપયોગ માટે કોસ્મેટિક બને છે. અહીંયા કોસ્મેટિકની ઘણી ફેક્ટરીઓ છે. દુનિયાના સૌથી નીચા ભાગમાં આ સરોવર આવેલું છે. ૪૧૨ મીટર નીચું. આ સરોવરમાં ૩૩ ટકા ખારાશ છે. જ્યારે બીજા દરિયામાં ૬ થી ૭ ટકા જ

ખારાશ હોય છે. આ સરોવરમાં ખારાશ વધારે હોવાથી તેમાં ડૂબી શકાતું નથી. તમે ડૂબવા પ્રયત્ન કરો છતાં ડૂબી શકાતું નથી. આ સરોવરમાં સૂતાં સૂતાં વાંચી શકાય છે.

**કુમરાન :**

૧૯૪૭માં સરોવરની બાજુમાંથી ઓળિયાં મળી આવ્યાં હતાં. લગભગ ૨૨૦૦ વર્ષ પહેલાં જૂના કરારમાંથી લખેલાં લખાણો આ ઓળિયામાં લખેલાં હતાં તે મળી આવ્યાં હતાં. તે ઓળિયા હાલમાં લંડન, યરૂશાલેમના મ્યુઝિયમમાં જોવા મળે છે. યશાયાના પુસ્તકમાં આ વિશે ઉલ્લેખ જોવા મળે છે. એક વાત આ પ્રમાણે છે કે એક ભરવાડનો છોકરો પોતાનાં ઘેટાંબકરા ચરાવતો હતો અને તેણે રમત રમતાં એક પત્થર ફેંક્યો હતો અને આ પત્થર ફેંકતા જે જગ્યાએ પડયો ત્યાંથી અવાજ આવ્યો. આ વાત તેણે બીજાને કહી અને ત્યાં ખોદકામ કરવામાં આવ્યું. ખોદકામ કરતા આ ઓળિયાં મળી આવ્યાં. ૨૨૦૦ વર્ષ પહેલાં લખેલાં ઓળિયાં અહીંથી મળી આવ્યાં હતાં. એની સાથે લાકડું, ચામડું, ત્રાજવું અને ચર્મપત્રો લખાયેલાં મળી આવ્યાં. વેરાન જગ્યામાં શોધખોળ કરતાં આવી સલામત વસ્તુ મળી એ એક અજાયબ બાબત છે. દુનિયાનો સૌથી વધુ નીચો ભાગ આ છે. અહીંયાં ૪૦ ડિગ્રી તાપમાન હોય છે. અને ૨૦ ડિગ્રી તાપમાન શિયાળામાં હોય છે. બીજી જગ્યામાં ૪ ડિગ્રી ભેજ રહે છે. જૂના કરારનાં લખાણો જે ચર્મપત્રો કે પપાઈરસ પર લખેલાં હતાં તે પછી પેપરમાં લખવામાં આવ્યા. જેના પરિણામે કોપી કરતાં ભૂલ થવાની શકયતા રહેતી નથી. પપાઈરસમાંથી જે ચર્મપત્રોમાં લખાણો હતાં તે અકબંધ રહે છે. સને ૧૯૪૭માં મૃત સરોવરમાંથી ઓળિયાં શોધીને તેની મૂળપ્રતો સાચવી રાખીને ઈસુ પછી ૧૦૦ વર્ષ પછી લખાયેલાં એમ ૨૨૦૦ વર્ષ પહેલાના જૂના કરારનાં લખાણો મળી આવ્યાં એવું માનવામાં આવે છે. જૂનો કરાર સુલેમાન સુધી લઈ જાય છે. ખરેખર જૂનો કરાર ઓરિજીનલ છે. બાઈબલનાં ૬૬ પુસ્તકો છે એનો સચોટ દાખલો યશાયા ૬૬માં પુરવાર થાય છે. એમાં શરૂઆતનાં ૩૦ પુસ્તકો યશાયા સુધી

અને બીજાં ૩૯ પુસ્તકો બીજા લોકોએ લખ્યા. ૨૨૦૦ વર્ષ પહેલાંના ચર્મપત્રો પર લખેલું યશાયાનું પુસ્તક જૂના કરારમાં છે એટલે બધાં પુસ્તકો ચર્મપત્રો પરથી મળ્યાં એમ સાબિત થાય છે. ૧૯૪૭ માં ડીસુરી ઓફ ડાયકાના નામ ઉપરથી મળ્યું. ૧ થી ૬૬ પુસ્તકો બાઈબલના જુદા જુદા ભાગોમાંથી મળેલાં છે.

બીજી એક વાત આ પ્રમાણે છે. બે ભટકતા ભરવાડો પોતાના ઘેટાંના ટોળાં ચરાવતા હતા. સાંજના સમયે એમાંથી બે ઘેટાં મળ્યાં એમને લાગ્યું કે કદાચ ગુફામાં જતાં રહ્યાં હશે. એટલે એમણે આ ગુફામાં પત્થર માર્યા. આને કારણે ગુફામાં એક કૂંડું હતું તે તૂટી ગયું અને એમાંથી અવાજ આવ્યો. એટલે આ બે ભરવાડોએ ત્યાં જઈને જોયું તો તેમાંથી એક ઓળિયું મળી આવ્યું. આ ભરવાડોએ વિચાર્યું કે જઈને પિતાને બતાવીશું. બીજા ભરવાડે કહ્યું કે એને ચમાર પાસે લઈ જઈને એના જોડાં બનાવીશું પણ પછી ધ્યાનથી જોતાં ખબર પડી કે આ ચામડાના ઓળિયામાં તો કશુંક લખેલું દેખાય છે એટલે તેમણે આ ચામડાનું ઓળિયું સાયન્ટિસ્ટને આપ્યું. સાયન્ટિસ્ટે તપાસ કરતાં ખબર પડી કે આ તો સુંદર લખાણ છે. જે ભરવાડોએ આ લખાણ આપ્યું તેમને બેથલેહેમના શુમેકર પાસેથી ૨૦,૦૦૦ ડોલર મળેલાં. જોર્ડનના લોકોએ દાણચોરી કરીને તેમાંથી અઢી લાખ ડોલર મેળવ્યા હતા. આ વાત ઈંગ્લેન્ડના છાપામાં વાંચવામાં આવી. અને **ઈઝરાયેલની** સરકાર ઈંગ્લેન્ડ ગઈ અને અઢી લાખ ડોલર પાછા આપીને આ બાઈબલ પાછું મેળવ્યું. આ પુસ્તકો યહૂદી એસેનીઓએ લખ્યાં હતાં. આ ગુફા આગળ ઘણી વખત બળવાખોરો, આતંકવાદીઓ અને સૈન્યના લોકો વસતા હતા. એમને આ જગ્યા સલામત લાગતી હતી. અહીંથી યરૂશાલેમ ૧૮ કિ.મી. દૂર છે. આ જગ્યા છુપાવા માટે સલામત ગણાય છે. આ જગ્યામાં દાઉદ રાજા પણ છુપાયો હતો. એસેની લોકો અહીં આવીને વસ્તા હતા.એમણે જ આ ઓળિયા રાખેલાં, યહૂદી લોકો રીતરિવાજો જુદી રીતે પાળતા. તેઓ શુદ્ધતા અને અશુદ્ધતામાં માનતા. આત્મિક રીતે અને શારીરિક રીતે રોજ ડૂબકીની ક્રિયા કરતાં હતા. પૃથ્વીનો અંત આવશે એમાં તેઓ માનતા હતા. અંધકારનાં પરિબળો પ્રકાશનાં

બળો સાથે લડશે. છેલ્લે આરમાગોદાનની લડાઈ થશે એવું તેઓ માનતા હતા. યહૂદી એસેનીઓ ચુસ્તપણે આ બધું માનતા હતા, જાણતા હતા. રોમન સામ્રાજ્યમાં ખ્રિસ્તી ધર્મ રાજધર્મ બને ત્યાં સુધી એસેની લોકો એમની રીતે વર્તતા હતા.એમણે લખેલાં ઓળિયાં પણ મળી આવ્યાં પુરુષો કિબુત્સમાં જેમ સાથે રહેતા હતા તેમ એસેનીઓ એકસાથે ૪૦૦ જેટલા માણસો સાથે રહેતા હતા. હિબ્રૂ ભાષામાં ઓળિયાંની ઓરિજીનલ પ્રત જોવા મળે છે. કુમરાન શહેર ઈસુના જન્મ પહેલાં મળી આવેલું શહેર છે. તેના ખંડેરો આજે પણ જોવા મળે છે. જોર્ડનની ઉત્તરથી અદોમીના પર્વતો ઈલાટ સુધી જોવા મળે છે. માઉન્ટ નબો પર્વત પર મૂસાને કહેવામાં આવેલું કે તું કનાન દેશ દૂરથી જોઈ લે. તું કનાન દેશમાં પ્રવેશ પામશે નહી. એ જગ્યા જોવાની તક મળી. એ સમયનું ત્યાંની વસાહતોમાં વાપરવામાં આવતું ફર્નિચર મળી આવેલું છે. શાહીના ખડિયા પણ મળી આવેલા છે. માટીનાં વાસણો પણ જોવા મળે છે. ૩૦૦ની સંખ્યામાં સમૂહમાં રહેતા હોવાથી મોટા પ્રમાણમાં વાસણો મળ્યાં. ૫ ઈંચથી ઓછો વરસાદ યરૂશાલેમથી ૨૦ કિ.મી. દૂર પડે છે. જ્યારે યરૂશાલેમમાં ૪૫ ઈંચ વરસાદ પડે છે. આટલા ઓછા અંતરમાં ઈશ્વરની કૃપાનો અનુભવ જોવા મળે છે. નબો પર્વત સમુદ્ર તટથી ૮૫૦ મીટર ઊંચો છે. પવન અને વરસાદ ધમમસતા પૂરની માફક ઘુઘવાટા સાથે યરૂશાલેમમાં આવે છે. જે બખોલ કે ગુફામાંથી ઓળિયાં મળી આવ્યાં તે જોવાની તક મળી. આ ભાગમાં જેમ એસેની લોકો રહેતા હતા એના જેવું જ જીવન યોહાન બાપ્તિસ્મા જીવતો હતો. આ જ ભાગમાં યોહાન બાપ્તિસ્મા પણ રહેતો હતો. મૃત સરોવરથી યરૂશાલેમ ૮૫૦ મીટર ઊંચાઈએ આવેલું છે. અહીં આપણા પિતૃઓ જેમ રાવટીઓમાં રહેતા હતા તેવી રીતે અહીંના આરબો રાવટીઓમાં રહેતા જોવા મળે છે. એમનાં ઘરો સામાન્ય અને ઘેટાં બકરાં સાથે રહેતા જોવા મળે છે. કુમરાનથી ઈલાટ જતા રસ્તામાં કોઈક જગ્યાએ મુસાને દફનાવવામાં આવેલો તેવી માન્યતા છે. હાલમાં આ અરણ્યમાંથી યરૂશાલેમ સહેલાઈથી જઈ શકાય છે પણ ઈસુના સમયમાં એવું ન હતું.

**યરૂશાલેમ :**

આ શહેરને પવિત્ર નગર યરૂશાલેમ પણ કહેવામાં આવે છે. આ શહેરે ખૂબ જ લડાઈઓ જોઈ છે. દુઃખ જોયું છે. આ શહેરમાં મુખ્ય ત્રણ ધર્મસ્થાનો આવેલાં છે. (૧) યહૂદી ધર્મસ્થાન (૨) મુસ્લિમ ધર્મસ્થાન (૩) ખ્રિસ્તીઓનું ધર્મસ્થાન. આ શહેર અનોખું મહત્ત્વ ધરાવતું શહેર છે. આ શહેરની આજુબાજુ યહૂદિયાના પહાડો છે. સવારે સમરૂનના પહાડોમાંથી પસાર થઈ સાંજના સમયે મુસાફરી કરતા કરતા યહૂદાના પહાડોમાં આવી પહોંચ્યા. નજદીકથી પ્રવેશ કરી યરૂશાલેમમાં પ્રવેશ્યા. આ એ જગ્યા છે કે જ્યાં યહૂદાએ ઈસુ ખ્રિસ્તને પકડાવેલા એનું ચર્ચ આપણે જોઈએ. એનું નામ છે 'ચર્ચ ઓફ આલનેશન.'

**ગેથસેમાની વાડી :**

અહીં ઈસુ પ્રાર્થના કરતા હતા, ત્યારે તેમનો પરસેવો લોહી જેવો થઈ ગયો હતો. આ વાડીમાં ઈસુ વારંવાર પ્રાર્થના કરવા માટે આવતા હતા. ગેથસેમા વાડીનું ચર્ચ અને આજુબાજુનાં ઘરો પત્થરનાં છે. ઈસુને ગેથસેમાની વાડીમાં પકડેલા. સિયોન પર્વત અહીં જોવા મળે છે. આ પર્વત પર કાયાફાસનો મહેલ આવેલો. ઈસુને પકડ્યા બાદ સિપાઈઓ કાયાફાસ પાસે લઈ ગયા હતા. ત્યારપછી સાહેન્દ્રીન સભા પાસે કાયાફાસ ઈસુને લાવેલા. આ જગ્યાનું નામ અંતોનિયોનો કિલ્લો. માર્ક એન્ટોની પિલાત એ દિવસોમાં અહીં ઈસુનો ન્યાય કરવા બેઠા હતા. આ કિલ્લામાં ઈસુનો ન્યાય થયો હતો. અને તેમને લાકડાનો વધસ્તંભ ઊંચકવા માટે આપવામાં આવેલો હતો. ખુલ્લા ન્યાયાલયમાં ઈસુનો ન્યાય કરવામાં આવેલો. પિલાત બારીમાંથી દરવાજા આગળ આવેલો અને ઈસુને બતાવીને કહેલું કે જો આ માણસ. ઈસુને બતાવીને લોકોના ટોળાંને ઈસુને બતાવેલા. ત્યાંથી વધસ્તંભ ઈસુ પાસે ઊંચકાવ્યો. એ સમયે ગુનેગારને વધસ્તંભ પર જડાવી દેવા એવી શિક્ષા હતી. એની સાથે બે ચોરને પણ અહી ગુનેગાર ઠરાવવામાં આવ્યા હતા. અહીં રસ્તે ચાલતા ચાલતા આરીમથાઈના યુસફ પાસે પરાણે વધસ્તંભ ઊંચકાવવામાં આવ્યો હતો. અને એની જ કબરમાં ઈસુને મૂકવામાં આવ્યા હતા.

૬૦૦ થી ૭૦૦ વર્ષ જૂના પત્થરો છે છતાં ખૂબ જ સ્વચ્છ અને સુંદર દેખાય છે. 'જ્યુડીયલ્સ હીલ્સ' ના પત્થરોમાંથી આ ઘરો બનાવવામાં આવેલા છે. યરૂશાલેમ ઈઝરાયેલનું પાટનગર છે. તેને પવિત્ર નગર પણ કહે છે આ શહેરમાં છ લાખ લોકો વસે છે. અહીં યરૂશાલેમમાં માઉન્ટ ઓલિવ, મરિયમ માગ્દાલેણનું ચર્ચ જેનો ઘુમ્મટ સોનાથી મઢેલો જોવા મળે છે. ઓલિવ પર્વત પર જૂનાં વૃક્ષો જોવા મળે છે જે ઈસુના સમયનાં છે. ગેથસેમાની વાડીમાંથી અત્યારે માટી કે બીજી કોઈ વસ્તુ યાદગીરી માટે લેવા દેતા નથી. ગેથસેમાની વાડીની બરાબર સામે કોટ પર જે દરવાજો હાલમાં બંધ દેખાય છે તેને ગોલ્ડન ગેટ કહેવામાં આવે છે. ઈસુએ અહીંથી યરૂશાલેમમાં પ્રવેશ કરેલો. આ એ દરવાજો છે કે તેમાંથી યરૂશાલેમના મંદિરમાં જવાય છે. પરંતુ હાલમાં આ દરવાજો બંધ અવસ્થામાં છે એની પાછળ જે જગ્યાએ પીળો ઘુમ્મટ છે તે મંદિરની ઉપરના ભાગમાં છે. હાલમાં તે મસ્જિદનો ઘુમ્મટ છે. ગેથસેમાની વાડીથી પૂર્વમાં યરૂશાલેમ શહેરનો કોટ અને એના દરવાજા દેખાય છે. ગેથસેમાની પશ્ચિમે 'ચર્ચ ઓફ એગની' છે તેને વેદનાનું ચર્ચ કહેવામાં આવે છે. આ ચર્ચમાં કાંટાનો મુગટ દર્શાવેલો છે. બે કબૂતરો પાણી પાતાં દર્શાવ્યાં છે. (ઓલ ધ નેશન) બધાં રાજ્યોનું આ એક ચર્ચ છે. પૂર્વ પશ્ચિમ દિશામાં ગેથસેમાની વાડી, ચર્ચ ઓફ એગ્ની અને ચર્ચ ઓફ નેશન જોવા મળે છે. આર્કટિક એન્થોનીએ ત્રીજી સદીના અંતમાં અને ચોથી સદીની શરૂઆતમાં ગુલાબી ગાર્ડન એટલે કે ફૂલોનો બાગ બનાવ્યો હતો. યરૂશાલેમ શહેરની ભવ્યતા, સુંદરતા શબ્દોમાં વર્ણવી શકાય નહીં. જે પ્રત્યક્ષ જોવાનો લહાવો અનેરો હોય છે. આખું શહેર પત્થરોથી બનેલું છે. ૧૯૪૮ થી ૧૯૬૭ સુધી આ યરૂશાલેમ શહેર બે ભાગમાં વિભાજિત થઈ ગયું હતું. પૂર્વ અને પશ્ચિમ ભાગમાં એમાં પૂર્વનો ભાગ જોર્ડન કહેવાય છે અને પશ્ચિમનો ભાગ ઈઝરાયેલ કહેવાય છે. એટલે આ શહેર માટે મંત્રણા કરી જોડાણની પ્રક્રિયા શરૂ કરી હાલમાં અત્યારે આખું એક જ શહેર છે. શહેર ચાર ભાગમાં વહેંચાયેલું છે. (૧) મુસ્લિમ (૨) આર્મેનીયન્સ (૩) યહૂદીઓ (૪) ખ્રિસ્તીઓ. યરૂશાલેમમાં મુખ્ય ચાર

અલગ અલગ ધર્મની માન્યતાવાળા લોકો વસે છે. તેઓના રહેવાના ક્વાટર્સ પણ જુદા જુદા છે. આ શહેર ટેમ્પલ માઉન્ટ પર છે. વાયા ડોલારસા જે ગલગથ્થાની જગ્યા કહેવાય છે તે ઓલ્ડ સિટીમાં છે. અહીંયા ડાબી બાજુ **ઈઝરાયેલનું** મ્યુઝિયમ છે. એની બાજુમાં એક ખીણ આવેલી છે. એમાં ગ્રીક ઓર્થોડોક્સ લોકો રહે છે. આ ખીણને ક્રોસની જગ્યા કહેવામાં આવે છે. ઈસુને જે વધસ્તંભે જડાવવામાં આવ્યા હતા તેનું લાકડું અહીંથી લાવવામાં આવેલું હતું. ક્રોસ બનાવવા માટે અહીં નાની નાની ફેકટરીઓ છે. આ વિસ્તાર બહુ ભરચક છે. રસ્તા ખૂબ સાંકડા છે. અહીંયા દુકાનો પુષ્કળ આવેલી છે. અહીંના વેપારીઓ આપણને આંજી નાંખે એવા હોય છે. અહીંયા ફરતી વખતે ખૂબ સાવધાની રાખવાની હોય છે. દુકાનમાં ખરીદી માટે સાથે જવામાં સાવચેતી રાખવી પડે છે. ૧૯૪૮ થી ૧૯૬૭ સુધી યરૂશાલેમ માટે ખૂબ જ કટોકટી ભરેલી પરિસ્થિતિ હતી. દા.ત. બર્લિન જેવી. પૂર્વ પશ્ચિમ વચ્ચે આવેલા બર્લિન જેવી હાલત હતી. **ઈઝરાયેલનું** પ્રતીક સિંહનું છે. **"યહૂદાહનો સિંહ"** આ ચિત્ર ઠેકઠેકાણે જોવા મળે છે. અહીંયા ડાબે હાથે જોપ્પા ગેટ આવેલો છે. આ ગેટના સાત દરવાજા છે અને એક ટાવર પણ છે. આ ટાવરનું નામ **"ડેવિડ ઓફ ટાવર"** ૧૬ મી સદીમાં જોપ્પા લોકોએ આ ગેટ બાંધ્યો હતો. 3000 વર્ષ પહેલાં દાઉદ રાજાએ યરૂશાલેમ શહેર ફરીથી બાંધ્યું હતું. જોર્ડનના લોકો અહીં બેસતા હતા. યરૂશાલેમમાં સિટી હોલ છે. ડાબી બાજુનો ભાગ જોર્ડનના તાબામાં છે. જોપ્પા ગેટ નામ કેમ આપવામાં આવ્યું તે જાણવા જેવું છે. પશ્ચિમે જાફા શહેર આવેલું હોવાથી તેને **જોપ્પા ગેટ** કહે છે. **દમસ્ક ગેટ** નામ કેમ આપવામાં આવ્યું એ પણ જાણવા જેવું છે. ગાલીલ થઈને સમારિયા અને સિરિયા જઈ શકાય માટે એનું નામ દમસ્ક ગેટ. આ શહેરમાં ચાલીને જોવાનાં ઘણાં સ્થળો છે. લગભગ છ કલાક જેટલો સમય થાય. યરૂશાલેમના પવિત્ર મંદિરમાં પરમ પવિત્ર સ્થાનની જગ્યાએ હાલમાં 'ડોમ ઓફ ધ રોક' બાંધી દેવામાં આવ્યું છે. એની નીચે મોરિયા પહાડ આવેલો છે. જ્યાં ઈબ્રાહિમે ઈસાકનું બલિદાન આપેલું તે સ્થળ હાલમાં ઢંકાયેલું છે. ડાબે હાથે કાલવરીની ટેકરી છે.

**હેરોદનો દરવાજો :**

આ દરવાજાને ફીલીનો દરવાજો પણ કહે છે. પૂર્વે યરૂશાલેમ સેન્ટર આવેલું છે. જમણે હાથે ફલાયરનો દરવાજો આવેલો છે. ગલગથ્થાની સામે. ગાર્ડનટૂમ શહેર અહીંયાં બે કબર આવેલી છે. (૧) શહેરની અંદર (૨) શહેરની બહાર. હોલીશેફરટુમ અને ગાર્ડનટુમ્બ એમ બે કબર કહેવાય છે. ૧૬ મી સદીમાં તુર્કી લોકોએ બનાવેલો દરવાજો. ત્યારબાદ દાઉદ રાજાએ યરૂશાલેમ શહેર બનાવેલું. તેના બે ભાગ થઈ ગયા હતા. કોટની અંદર જે બંધ દરવાજો હાલમાં દેખાય છે તેને 'ગોલ્ડન ગેટ' કહેવામાં આવે છે. આ દરવાજેથી ખજૂરીના રવિવારે ઈસુ અંદર આવ્યા હતા. યહૂદીઓ હજુ પણ માને છે કે ઈસુ ખ્રિસ્ત આ જ દરવાજાથી પાછા આવશે. તેને દયાનો દરવાજો પણ કહેવામાં આવે છે. આ શહેરને 'ગોલ્ડન યરૂશાલેમ' પણ કહેવામાં આવે છે. આ દરવાજો તુર્કી રાજાએ સીલ કર્યો હતો. ઈસુને રોકવા માટે જૂના શહેરના કોટના સાત દરવાજા છે.

**૧. સ્તેફનનો દરવાજો**

**૨. સિંહનો દરવાજો**

આ દરવાજા પર તુર્કી લોકોએ સિંહનાં દશ્યો દોરેલાં જોવા મળે છે. બાજુમાં મુસ્લિમ ક્વાટર્સ આવેલા છે. આ ક્વાટર્સમાં પ્રવેશતાં મરિયમનું ઘર ઈસુનું જન્મસ્થળ આવે છે. મરિયમના ઘર વિશે અમુક માન્યતાઓ નીચે પ્રમાણે છે.

૧. સફોસી ગામ નાઝરેથથી થોડું દૂર ત્યાંથી યરૂશાલેમમાં મરિયમ અહીં આવ્યાં હતાં.

૨. આન્ના અને જોયાકીમ ક્રૂઝેડ્સ લોકોએ ૯૫૦ વર્ષ પહેલાં આ ગામ બાંધેલું. તેમાં શાળાઓ શરૂ કરી હતી. આ જે ચર્ચ છે તે રોમન સ્ટાઈલથી બાંધવામાં આવેલું છે. આ ચર્ચમાં કોઈ વસ્તુ કે શણગાર નથી. માટે જયારે આપણે બોલીએ ત્યારે તેના પડઘા સંભળાય છે. બધું ખાલી હોવાથી એના પડઘા સંભળાય છે. આ બધી મિલકતનો

કારભાર ફ્રાન્સિસકન પંથના લોકો ચલાવતા હતા. આ જગ્યાએ અગત્યનાં ત્રણ સ્થળો જોવા મળે છે. (૧) મરિયમનું ઘર અથવા ઈસુની મા મરિયમનું ઘર (૨) બેથશેદાનો કુંડ કે જેમાં ૩૮ વર્ષનો માંદો માણસ સાજો થયો હતો. (૩) તુર્કી લોકોનું મંદિર જેમાં પડઘા સામે પડે છે.

**બેથસેદાનો કુંડ :**

આ કુંડ યરૂશાલેમ શહેરમાં આવેલો છે. દાઉદ રાજાએ જ્યારે આ શહેર બાંધ્યું ત્યારે આ કુંડ બનાવેલો. આ કુંડમાંથી એક જ જીવતા પાણીનું ઝરણું હતું. સુલેમાનના સમયમાં આ ઝરણાંનું પાણી પૂરું થતું ન હતું તેથી બહારના પાણીની જરૂર પડતી નથી. દુશ્મનો આ શહેરનો કબજો લેવા આવ્યા ત્યારે બહારથી આ ઝરણાંના પાણીને સીલ કરી દીધું હતું જેથી લોકો પાણી વગર મુશ્કેલીમાં આવી પડે. ગુરુત્વાકર્ષણના નિયમથી પાણી ઉપર ચઢી જાય માટે આવા કુંડમાં પાણીનો સંગ્રહ નીચે કરવામાં આવતો. ૩૮ વર્ષથી પક્ષઘાતી માંદો થઈને અહીં પડ્યો હતો તેને આ કુંડ પાસે ઈસુએ સાજો કર્યો હતો. આવા ૧૨ કુંડ બીજા ભાગમાં જોવા મળે છે પણ આનું મહત્ત્વ વધારે કેમ છે તે સમજવું જરૂરી છે. આ જગ્યાએ માંદાઓ,ઘર વગરના લોકો માટે રહેવાનું અનુકૂળ સ્થળ ગણાતું. ઘણાં બધા અહીં આશરો મેળવતા હતા. ઘણી વખત કહેવાતા તંદુરસ્ત માણસો આ કુંડ પાસે આવતા. ઈસુએ જરૂરિયાતવાળા લોકોને મળવા આવવાનું નક્કી કર્યું. ૩૮ વર્ષનો માંદો માણસ પાણી હાલે ત્યારે તેમાં જાતે સાજો થવા જાતે અંદર થઈ શકતો ન હતો. તેમ જ આ ઝરણાંનું પાણી પણ પી શકતો ન હતો. કોઈ ભલો કે સારો માણસ આવે અને તેને મદદ કરે તેની રાહ તે જોતો. તેને મદદરૂપ થાય તેવું કોઈ હતું નહીં પણ ઈસુએ તેને અહીં તેના રોગમાંથી મુક્ત કર્યો હતો. ચોથી પાંચમી સદીમાં બીઝાન્ટીસ લોકોએ આ ચર્ચ બનાવેલું તેના અવશેષો અહીં જોવા મળે છે. પંદરમી સદીના અવશેષો પણ અહીં જોવા મળે છે. અહીં બાજુમાં જે પગથિયા જેવું દેખાય છે ત્યાંથી ક્રૂઝેડ્સ લોકોએ તેના પરથી જઈને બીજું ચર્ચ બનાવેલું.

**દુ:ખનો માર્ગ (VIA DOLORASA) :**

ઈસુ જે રસ્તે વધસ્તંભ લઈને ચાલ્યા હતા એ આખા રસ્તાને દુ:ખનો માર્ગ કહેવામાં આવે છે. આ રસ્તા પર ૧૪ ધામ આવેલાં છે. આ માર્ગને 'વાયા ડોલારસા' કહેવામાં આવે છે. (VIA DOLORASA) દરેક જગ્યાએ ચર્ચ અથવા સ્મારક આવેલાં છે. અહીં લેવલ ઊંચું નીચું જોવા મળે છે. કારણ કે આ યરૂશાલેમ શહેર ઘણી વખત બાંધવામાં આવ્યું અને ઘણા હુમલા થવાથી તોડી પાડવામાં આવ્યું હતું માટે આ શહેરનું લેવલ સરખું નથી. નવા કરાર પ્રમાણે પ્લેટોરિયમથી ગલગથ્થા સુધી ૯ બનાવો બનેલા છે પણ હાલમાં ૧૪ બનાવો જોવા મળે છે. સાતમી સદી પછી ૧૪ના આંકડાને મહત્ત્વ આપવામાં આવ્યું છે એટલે ૧૪ ગામ બનાવી દીધાં છે. ઈસુના જન્મ સમયે જે તારો બેથલેહેમમાં દેખાયો હતો તેને ૧૪ પાંખડીઓ હતી. એના ઉપરથી ઘણા તારા ૧૪ પાંખડીઓનાં પણ બનાવવવામાં આવે છે માટે એનું મહત્ત્વ વધી જાય છે. બીજી બાબત દાઉદ રાજાથી ઈસુ સુધી ૧૪ પેઢી ગણવામાં આવે છે અને ૧૪મી પેઢીમાં ઈસુનો જન્મ થયો હતો. તેઓએ ક્રોસની સત્યતા સ્વીકારી હતી. અહીં બે કબરો છે. (૧) પવિત્ર કબર અહીં કેથલિક લોકોનું ચર્ચ છે તેને પવિત્ર કબરનું પણ ચર્ચ કહેવામાં આવે છે. કેથલિક લોકો આ જગ્યામાં ઈસુની કબર છે એવું માને છે. (૧) પહેલું ધામ : ગાર્ડન ટુમ્બ નામે ગણવામાં આવે છે. આ જગ્યામાં ઈસુની સાચી કબર છે એવું પ્રોટેસ્ટન્ટ લોકો માને છે. (૨) બીજું ધામ : જ્યાં ઈસુને વધસ્તંભ આપવામાં આવે છે ત્યારે પિલાત હાથ ધોઈ નાખે છે તેનું દૃશ્ય મરિયમ જોઈ શકે નહી માટે તેને બાજુ પર લઈ જાય છે. વિકટોરિયમ એન્ટોનિયનના જૂના પત્થરો આ બીજા ધામમાં જોવા મળે છે. આગળ ૩૦ ફૂટ નીચે સિસ્ટરોનું કોનવેન્ટ છે ત્યાં વધુ પત્થરો જોવા મળશે. (૩) ત્રીજું ધામ : પ્રથમ વાર ઈસુ વધસ્તંભ લઈને આ જગ્યાએ પડી ગયા હતા તે આ સ્થળ. (૪) ચોથું ધામ: મરિયમ જોડે ઈસુ વાત કરે છે

તે આ સ્થળ. (૫) પાંચમું ધામ : આ જગ્યાએ કુરેનીના સીમોન પાસે પરાણે વધસ્તંભ ઊંચકાવે છે અને સીમોન ઈસુને વધસ્તંભ ઊંચકવામાં મદદ કરે છે તે આ જગ્યા. (૬) છઠ્ઠું ધામ : આ જગ્યા બાઈબલ પ્રમાણે નથી પણ દંતકથા મુજબ વેરોનિકા નામની બહેને પ્રભુનો પરસેવો લૂછી લીધો હતો અને એ કપડા પર ક્રોસની નિશાની આવી ગઈ હતી તે આ જગ્યા. (૭) સાતમું ધામ : સામે દીવાનું નિશાન મળે છે. ઈસુ બીજી વાર વધસ્તંભ લઈને આ જગ્યાએ પડી ગયા હતા તે આ સ્થળ. (૮) આઠમું ધામ : અહીં સાંકડી ગલી છે. ઈસુએ યરૂશાલેમની બહેનોને કહ્યું હતું કે તમે મારા માટે નહીં પણ તમારા માટે રડો. (૯) નવમું ધામ : આ જગ્યાએ ઈસુ ત્રીજી વાર વધસ્તંભ લઈને પડી ગયા હતા. આ જગ્યાએ (ST. SECOB'S CHURCH) જોવા મળે છે. (૧૦) દશમું ધામ : આ જગ્યાએ ઈસુનાં કપડાં ઉતારી તેમને કોરડાનો માર મારવામાં આવ્યો હતો. (૧૧) અગિયારમું ધામ : આ જગ્યાએ ઈસુને હાથે પગે ખીલા મારવામાં આવ્યા હતા. (૧૨) બારમું ધામ : ઈસુને તેમની મા આગળ લાવવામાં આવ્યા હતા. (૧૪) ચૌદમું ધામ : અહીં ઈસુની પવિત્ર કબર છે આ છેલ્લું ધામ છે. ઈસુને જે રસ્તે ચલાવવામાં આવ્યા તેમાં પ્રથમ કાયાફાસના સૈનિકોએ મહેલમાં દુ:ખ આપ્યું. ત્યારપછી રોમનોએ ઘણું દુ:ખ આપ્યું. "Chapple of Flaglation"અહીં જોવા મળે છે. આની બારી ઉપર ત્રણ ચિત્રો જોવા મળે છે. (૧) ઈસુના લોહીનાં ટીપાં (૨) ઈસુને બાંધીને લાવ્યા તે (૩) ઈસુને કોરડાનો માર માર્યો તે. ઈસુનો જન્મ પાપી માણસના ઉદ્ધારને માટે નિશાનીરૂપ હતો. ઈસુ ૧૨ વર્ષના થયા ત્યારે મંદિરમાં હેરોદ રાજાના સમયમાં આવ્યા હતા. ઈસુના જન્મ પહેલા ૩૬મા વર્ષે અને ઈસુના જન્મ પછી ૭૦મા વર્ષે આ મંદિરનો નાશ થયો હતો. ૫૮૬માં સુલેમાને જે મંદિર બાંધ્યું હતું તેનો નાશ થયો હતો. ત્યારપછી બીજું મંદિર બાંધવામાં આવ્યું તેનો ૭૦માં વર્ષમાં નાશ થયો. આ જગ્યા મોરિયા પહાડની ટોચ હતી. આજે આ જગ્યાએ સોનેરી ઘુમ્મટ છે જે ડોમ ઓફ ધ રોક નામની

મસ્જિદનો ઘુમ્મટ છે. શહેરની ચારેય બાજુ મોટો કોટ છે. હેરોદ રાજાએ આ મંદિર અને કોટ બાંધ્યા હતા. ઈસુના સમયમાં આ મંદિરમાં વેપારીઓને વેપાર કરતા જોઈને ઈસુને ગુસ્સો ચડ્યો હતો. આ જગ્યામાં અત્યારે દક્ષિણ, પૂર્વ અને ઉત્તરમાં કશું હયાત નથી માત્ર પશ્ચિમે કોટ અને રુદની દીવાલ જોવા મળે છે. આ રુદનની દીવાલ યહૂદીઓ માટે આજે પણ ખૂબ જ મહત્ત્વની છે. આ જગ્યાએ ૪ ટાવર હતા. અહીં સંત સ્તેફનનો દરવાજો આવેલો છે. બેથસેદાના કુંડ પાસે જે ટાવર છે તેને એન્ટોનિયાનો ટાવર કહેવામાં આવે છે. આ ટાવર મંદિરના ટાવર કરતા ઊંચો છે. હેરોદ રાજાએ મંદિરમાં શું થાય છે તે જાણવા માટે આ ટાવર સૌથી ઊંચો રાખેલો. અને આની માહિતી બિનયહૂદીઓ રાખતા હતા. રસ્તેથી ૨૫ મીટર નીચે એન્ટોનિયાના પત્થરો જેવા મળે છે આ પત્થરો ઉપર જુદી જુદી રમતોનાં દશ્યો પત્થર પર કોતરેલાં જોઈ શકાય છે. એન્ટોનિયોને છોકરા હોય નહીં એટલે સૈનિકો આવી રમત રમતાં. સૈનિકોના છોકરા આ રમત રમતાં તેઓ બહાર જઈ શકતા ન હતા. તેઓ માટે અંદર બેઠા બેઠા રમતા. આ પત્થર પર વીંછી, તલવાર જેવી રમતનું ચિત્ર જોવા મળે છે તેને રાજાની રમત કહેવામાં આવે છે. કેદી કોઈ ગુનામાં પકડાય ત્યારે તેને કિલ્લામાં લાવવામાં આવતો. સૈનિકોને આનંદ મળે માટે અહીં આવી રમતો રમતાં. આ સૈનિકો રાજા જેવો ડ્રેસ કેદીને પહેરાવતા અને રાજાને ના કહી શકાય તેવું આ કેદીને કહેતા. આ રમતને ખ્યાલમાં રાખીને લોકોએ ઈસુને ન કહેવાનું કહ્યું અને કર્યું. ઈસુના સમયના યરૂશાલેમનું લેવલ નીચું હતું. ત્યારપછી એનું લેવલ ઊંચું થયું. અહીં બીજી એક રમત પત્થર પર દર્શાવવામાં આવી છે. એન્ટોનિયો ખુલ્લી ન્યાયસભા યોહાન ૧૯ પ્રમાણે ભરતા. ગબાથા નામની જગ્યાનો આ ભાગ છે. વીંછી અને તલવારવાળાં ચિત્રો પત્થર પર જોવા મળે છે. જાહેર રસ્તા પર આ પત્થર પર કાપા પાડવામાં આવે છે. જેથી ઘરડા માણસો પડી ના જાય. પુરાણ કરીને ઉપર નવું બનાવવામાં આવ્યું છે નીચે ઓરિજીનલ અને જૂના પત્થરો છે.

## પવિત્ર કબરનું ચર્ચ (HOLLY CHAPPLE CHURCH) :

અગાઉ જે ૧૪ ધામ બતાવવામાં આવ્યા તેમાં છેલ્લું જે ૧૪ મું પવિત્ર કબરનું ધામ છે ત્યાં આ પવિત્ર કબરનું ચર્ચ આવેલું છે. અહીં આગળ ક્રુઝેડર્સ ચર્ચના અવશેષો જોઈ શકાય છે. ગલગથ્થાની સામે જે હામાનનો ભાગ દેખાય છે તે ચર્ચના અવશેષો છે તેનાથી તે ઢંકાયેલું છે. અહીં મોટું ચર્ચ હતું. ૩૨૫ ના કોન્સ્ટેન્ટાઈને દેશને ખ્રિસ્તી ધર્મ જાહેર કર્યો ત્યારે એમના માટે એલ હેલીનાએ ચોથી સદીમાં ત્રણ ચર્ચ બંધાવ્યા હતા તેમાં (૧) ગભાણનું ચર્ચ (૨) સ્વર્ગારોહણનું ચર્ચ (૩) ઈસુની પવિત્ર કબરનું ચર્ચ. ઈસુ ગલગથ્થાની ટેકરી પર આવ્યા ત્યારે આ ભાગ ખુલ્લો હતો કારણ કે તેમને શહેરની બહાર વધસ્તંભે જડવામાં આવ્યા હતા. કોન્સ્ટન્ટાઈનની મા હેલીનાએ જ્યારે ગલગથ્થાની ટેકરી જોઈ ત્યારે તેનો આકાર ખોપરીના જેવો હતો. તેથી ગલગથ્થાની ટેકરીને ખોપરીની જગ્યા પણ કહેવામાં આવે છે. અંદર કબર છે ત્યાં એક ચર્ચ છે. આરીમથાઈના યુસફની કબર પણ અહીં ૨૦ ફૂટની છે. એક જ છાપરા નીચે ગલગથ્થા અને કબર જોવા મળે છે. ૨૦૦૦ વર્ષમાં કેટલાંય દેવળો બન્યાં અને નાશ પામ્યાં. આ બધાં દેવળો યુદ્ધથી નહીં પણ ધરતીકંપ અને આગથી નાશ પામ્યાં હતાં. (૧) ઈસુને શહેરના કોટની બહાર મારી નાખવામાં આવ્યા એ ખાતરીપૂર્વકની વાત છે અને ભજનસંગ્રહમાં એના વિશે ગીત પણ ગાઈએ છીએ. 'એ બહુ દૂર એક લીલો ડુંગર છે એક શહેરના કોટની બહાર ત્યાં આપણું તારણ સાધવાને મરી ગયો તારનાર...' (૨) ગલગથ્થા ખોપરી આકારની જગ્યા હતી. જ્યાં ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા હતા. (૩) હથેળી નામની ગુફા. અહીં અરીમથાઈનના યુસફની કબરમાં ઈસુને દફનાવવામાં આવ્યા હતા. ઉપરોક્ત ત્રણ બાબતો છઠ્ઠી સદીમાં એકજૂથનાં માણસોએ આવીને અભ્યાસ બાદ એમણે જાહેર કર્યું કે આ જગ્યાએ ઈસુને દાટવામાં આવેલા અને એમની કબર અહીં છે. તેઓ આ જગ્યામાં જે કબર છે તેને સાચી કબર માને છે. કેમ કે તેઓ રોમન સંપ્રદાયના માણસો હતા. પણ ખરેખર એ બાબત બાઈબલ આધારિત

નથી. જેમ અગાઉ આપણે જોઈ ગયા કે ઈસુની બે કબરો છે તેમાંની આ એક કબર જે રોમન કેથોલિકો એમની રીતે સાચી કબર માને છે પણ પ્રોટેસ્ટન્ટો માટે આ સાચી કબર નથી. અહીં બે ચર્ચના અનુયાયીઓ જોવા મળે છે. તે કોપ્ટીક ઈથોપિયનના બે ચર્ચ કહેવાય છે. (૧) કાળા ડ્રેસવાળા ગ્રીક ઓર્થોડોક્સ કહેવાય છે. અહીંથી જમણી તરફ ગલગથ્થાના સ્થળે જવાય છે જે ગલગથ્થાની ટેકરીનું ચર્ચ કહેવાય છે. અહીં ટેકરી પર બારી પાછળ દશમું સ્થાન આવેલું છે જ્યાં ઈસુને કપડાં ઉતારીને કોરડાનો માર મારવામાં આવ્યો હતો. અહીં જેમ ઈબ્રાહિમે ઈસાકનું બલિદાન આપ્યું એ જ રીતે ઈસુ આ જગ્યાએ આપણા માટે વધેરાઈ ગયા. અગિયારમા ધામમાં ઈસુને ખીલા મારવામાં આવ્યા. બારમા ધામમાં ઈસુને વધસ્તંભ પરથી નીચે ઉતારવામાં આવ્યા અને ઈસુની મા ના પૂતળા પાસે લાવવામાં આવ્યા અને તેરમા સ્થાનમાં જ્યારે ઈસુ મરી ગયા ત્યારે મોટો ધરતીકંપ થયેલો. હાલમાં આ જગ્યાએ જે મોટું ચર્ચ છે તે આ પર્વત પર આવેલું છે અને એ પત્થરના બે ભાગ થયેલા એની તિરાડ આજે પણ જોવા મળે છે. આ ચર્ચમાં જે ડેકોરેશન છે તે ૧૮૦ વર્ષ પહેલાંનું છે. એની ઉપરનાં ચિત્રો હજાર વર્ષ પહેલાના ક્રૂઝેડર્સના સમયના જોવા મળે છે. તેમાં ડેકોરેશન જોવા મળતું નથી. આ જગ્યાએ પૂર્વનાં પર્શિયન લોકોનું ચર્ચ જોવા મળે છે. વચ્ચે રોમન કેથલિકનું ચર્ચને પશ્ચિમે આર્મેનિયન લોકોનું ચર્ચ જોવા મળે છે. યહૂદી રીત મુજબ પ્રભુના શબને મરણ પછી નવડાવાય છે અને તેમને કપડાં પહેરાવીને લઈ જાય છે. ઈસુની પવિત્ર કબર જે જગ્યાએ છે ત્યાં પત્થર છે ત્યાં (CHAPPLE OF ANGEL) ચેપલ ઓફ એન્જલ દૂતનું ચર્ચ જોવા મળે છે. અહીં ઈસુની કબરને ઢાંકી દેવામાં આવેલી પણ દૂતે જે પત્થરને ગબડાવી દીધેલો તે આ જગ્યા. અને આ દૂતના ચર્ચમાં છે. લોકવાયકા મુજબ તાજમહેલ જેવી કબર છે તેવી બીજી કબર સાંકડા રસ્તા પર આવેલી છે તે જ ખરી કબર. આની નીચે આરસપહાણની કબર ખરેખર ખાલી છે. અહીં જગ્યા સાંકડી હોવાથી વારાફરતી જઈને આ કબર જોઈ શકાય છે. આ કબરની જગ્યા રોમન કેથલિક અને ઓર્થોડોક્સ માટે સાચી કબર ગણવામાં આવે છે. જ્યારે

પ્રોટેસ્ટન્ટ માટે આ કબર સાચી નહીં પણ ઉપર જણાવેલી ખરી અને સાચી કબર ગણવામાં આવે છે. આ જગ્યા ખૂબ વિશાળ છે એનું ચર્ચ અને વ્યવસ્થા સુંદર છે. અત્યારે ગ્રીક ઓર્થોડોક્સ લોકો તેનો વહીવટ કરે છે. આ ચર્ચ કોપ્ટીક ચર્ચ કહેવામાં આવે છે. તે કોપ્ટીક ચર્ચના નેજા હેઠળ છે. અગાઉ જણાવ્યું તે પ્રમાણે ૧૨મા ધામે જે તિરાડ જોઈ તે નીચે આવે છે. તે ખડકની અંદર પહેલી તિરાડ છે. તે ઈસુના મરણ વખતે ધરતીકંપમાં થયેલી તિરાડ છેક ઉપરથી નીચે સુધી જોઈ શકાય છે.

**રુદનની દીવાલ :**

અહીંથી આગળ જતા રુદનની દીવાલ આવે છે. યહૂદીઓ આ ભાગમાં પ્રાર્થના કરવા અને તેમની માંગણીઓ પૂરી કરવા આવે છે. ૭૦માં મંદિરનો નાશ થયા પછી કોટ કરી દીધો. ત્યારપછી આ ભાગ મુસ્લિમોના હાથમાં આવ્યો. ત્યારપછી અહીં મોટી મસ્જિદ બની. અહીં બે ભાગ પાડવામાં આવ્યા છે. પુરુષો જમણી તરફ અને સ્ત્રીઓ ડાબી તરફ. અહીં પુરુષે માથું ઢાંકીને મસ્જિદમાં જવું પડે છે. બહાર ટોપી મૂકવામાં આવેલી હોય છે જે પહેરીને આ જગ્યામાં જવાય. અહીંયાં બે મસ્જિદ જોવા મળે છે. (૧) અલગશા (૨) ડોમ ઓફ ધ રોક. રુદનની દીવાલ આગળ બે બાજુ બે મસ્જિદો બાંધી દેવામાં આવી છે. અહીંથી પવિત્ર મંદિરનો નાશ કરી મુસ્લિમ આરબોએ ડોમ ઓફ ધ રોક અને અલગશા મંદિર બાંધ્યું હતું. અત્યારે હાલમાં આ જગ્યાએ મંદિર નહીં હોવાથી યહૂદી લોકો ખુલ્લામાં બેસી રુદનની દીવાલ આગળ ભજન કરે છે. ડાબી બાજુ સ્ત્રીઓ અને અને જમણી બાજુ પુરુષો. સ્ત્રીઓ ઉઘાડે માથે પ્રાર્થના કરી શકે પણ પુરુષો ઉઘાડે માથે પ્રાર્થના કરી શકે નહી.

**ઉપલી મેડી : (માઉન્ટ જાયન)**

આને સિયોન પર્વત પણ કહેવામાં આવે છે. ઉપલી મેડી આ જગ્યામાં આવેલી છે. ડાબી બાજુએ દાઉદ રાજાનું જૂનું શહેર દેખાય છે એ અલગ પડેલું દેખાય છે. ઉપલી મેડીમાં પ્રભુના શિષ્ય માર્કનું ઘર આવેલું

છે. તેમાં ઈસુ છેલ્લા ભોજન વખતે ગયા હતા. ઉપલી મેડીની બાજુમાં દાઉદ રાજાની કબર આવેલી છે. યરૂશાલેમનું નામ જાયન પણ કહેવામાં આવે છે તેના ઉપરથી આ પર્વતનું નામ પણ જાયન કહેવામાં આવે છે. પાસ્ખા પર્વની રોટલી અને બે ખમીર એ એમની રીત હતી. કારણ ઈસુએ કહ્યું કે એક છોકરો ગાગર લઈ જાય એની પછવાડે જજો. જ્યાં થોભે ત્યાં તમે થોભજો. આ ભજન પછી થોડા સમયમાં શું થવાનું હતું તે ઈસુને ખબર હતી. છેલ્લા ભોજનને યાદ કરતાં ઈસુના મરણ પછી મરિયમ અને બીજા લોકો અહીં પ્રાર્થના કરવા એકઠા થયા હતા. આ ઉપલી મેડીમાં પચાસમાના દિવસે છૂટી પડતી જીભો લોકોના જોવામાં આવી. તેઓ બધા અલગ અલગ ભાષામાં બોલતા હતા. તે સમયે એ બધા ઉપર પવિત્ર આત્મા ઊતર્યો હતો. અને ઉપલી મેડીમાં જે લોકો પ્રાર્થના માટે ભેગા થયા હતા તે બધા પવિત્ર આત્માથી ભરપૂર થયા હતા. પહેલી સદી સુધી અહીં ચર્ચ હતું. એ ચર્ચનું નામ ‘સલાદીન ચર્ચ’ હતું. તેને મુસ્લિમોએ મસ્જિદમાં ફેરવી નાખ્યું. એનો કબજો જ્યારે મુસ્લિમોએ લીધો ત્યારે મંદિરમાં જે ગોખલા હતા તેમાં મક્કા તરફ મોં રાખીને અલ્લાહની બંદગી કરે તે દર્શાવે છે. મુસ્લિમોએ આવીને ઈસુને દેવ તરીકે નહી પણ પયગંબર તરીકે માન્યા અને સ્વીકાર્યા. દેશમાં એવું બીજું મંદિર છે કે જ્યાં મંદિરની જગ્યાએ મસ્જિદ બનાવી દીધી. ૧૯૪૮ સુધી અહીં મસ્જિદ હતી. નીચેના પહેલા માળે કબર છે. તેમાં આ બીજી મસ્જિદ બનાવી અને જાહેર કર્યું કે આ જગ્યા ખુલ્લી રાખવી જેથી આવનાર પ્રવાસીઓ એ જોઈ શકે. આ યરૂશાલેમ શહેરમાં જ્યાં જ્યાં સાથે મળીને વહીવટ કરે છે તેમાં છ વ્યક્તિઓ સાથે મળીને એક્તા જાળવે છે ફક્ત ધાર્મિક બાબતોમાં. અહીં પક્ષી પોતાનાં બચ્ચાને ખાવાનું મેળવી જિવાડે છે તેનું ચિત્ર છે. ૧૯૪૮ પહેલા યહૂદીઓ પૂરા હૃદયથી અહીં પ્રાર્થના કરતા હતા. અહીં કુલ ૬૦૦ નિયમો છે. તેમાં એક નિયમ એવો છે કે પ્રાર્થના કરતી વખતે દોરીવાળાં અને દોરી વગરનાં વસ્ત્રો પહેરવાં. આ દાઉદની કબર શા માટે મહત્ત્વની છે તે જાણવા જેવું છે. (૧) તે ઈશ્વરનો

મનગમતો માણસ હતો. (૨) ઈશ્વરે તેને પસંદ કર્યો હતો. (૩) ઈઝરાયેલના રાજા માટે તેને પસંદ કરવાનો હતો. (૪) એણે ઈઝરાયેલ માટે એવું સૈન્ય ઊભું કર્યું કે તે આખા દેશનો બચાવ કરે. મુસ્લિમોનું નિશાન 'તારો' છે. શમુએલ પ્રબોધકે યિશાઈના દીકરાઓને લાવવાનું કહેલું ત્યારે એવું કહેવામાં આવે છે કે દાઉદના વંશમાંથી મસીહા આવશે. એ વાત યાદ કરતાં દાઉદ અને ઈસુ ખ્રિસ્ત વચ્ચે ચૌદ પેઢીનું અંતર અથવા સમયગાળો જોવા મળે છે. પ્રબોધવાણી પ્રમાણે ઉપરોક્ત વાત સત્ય સાબિત થાય છે અને ચૌદમી પેઢીમાં ઈસુનો જન્મ થાય છે છતાં યહૂદીઓ આજે પણ ઈસુ જે મસીહા કહેવાય છે તે દાઉદનો દીકરો હજી આવવાનો છે. અને તેઓ તેની વાટ જુએ છે. બીજો રાજા ૧૭ માં અધ્યાયમાં ઉપરોક્ત વાત આવે છે. દાઉદની અસલી કબર નીચે છે પણ એનું દૃશ્ય ઉપર છે. જ્યારે યહૂદી પ્રજા પર સતાવણી આવી ત્યારે યહૂદીઓ દુનિયાભરમાં વિખેરાઈ ગયા હતા અને જ્યાં જ્યાં તેઓ વિખેરાઈ ગયા તે જગ્યાએ તેમની એ જ પ્રાર્થના હતી કે પ્રભુ એક દિવસ એમની ભૂમિમાં પાછા લાવે. હાલમાં અત્યારે દુનિયાભરમાંથી યહૂદીઓ પાછા આવી ગયા છે હજુ ઘણા પાછા આવવાના બાકી છે. જ્યાં અત્યારે ડોમ ઓફ ધ રોક જે જગ્યાએ ઈસ્હાકનું બલિદાન કરવામાં આવ્યું હતું તે મોરિયા પહાડની ટોચ ૫૦૦ મીટર લાંબી અને ૨૫૦ મીટર ઘેરાવાવાળી છે અલકશા મસ્જિદ બહુ મોટી છે. જમણી તરફ આ જગ્યાએ જઈ શકાતું નથી. દુનિયામાં મુસ્લિમો માટે મક્કા પછી બીજા નંબરની આ દરગાહ ગણાય છે. દર વર્ષે ખ્રિસ્તીઓની માફક મુસ્લિમો પણ લાખોની સંખ્યામાં મક્કાની જેમ ઈઝરાયેલમાં આવે છે. જે જગ્યાએ ડોમ ઓફ ધ રોક અને અલકશા મસ્જિદ છે ત્યાં જઈ શકાતું નથી.

**ઈઝરાયેલ મ્યુઝિયમ :**

આ મ્યુઝિયમ જોવા જેવું છે. અહીં શહીદોના માનમાં ઝાડ ઉગાડવામાં આવ્યાં છે. આ વાત બીજા વિશ્વયુદ્ધ વખતની છે ત્યારે જર્મનીના હિટલરે સાઠ લાખ યહૂદીઓને મારી નાંખ્યા હતા. એમનો

ઈરાદો વિશ્વમાં પોતાની હકૂમત અને સત્તા રહે તેવા આશયથી તેના શાસનમાં હિટલરશાહી ચલાવી. આડેધડ બેરહેમ રીતે લોકોને રહેંસી નાંખવામાં આવ્યા હતા. આ મ્યુઝિયમને 'યાદ-વાસીમ' કહેવામાં આવે છે. હિટલરે કોઈપણ કારણ વગર યહૂદીઓનો કચ્ચરઘાણ વાળી નાખ્યો હતો. આજે પણ યહૂદીઓ આ વાત ભૂલી શકતા નથી. તે સમયને યાદ કરીને દુનિયાને બતાવવા માંગે છે કે હવે ફરી આવું કદી બનશે નહીં. આ આંકડો યહૂદીઓમાં મોટો છે. યુરોપમાં ૧૯૩૩ થી ૧૯૩૯માં આ બાબત બની જે યુરોપના ઇતિહાસમાં કદી બન્યું ન હતું. ને બાકીની દુનિયામાં કદી જોયું નહીં હોય. તે સમયની યહૂદીઓને વસ્તીના ત્રીજા ભાગના યહૂદીઓને હિટલરે મારી નાંખ્યા. મતલબ કે તે સમયે એક કરોડ એંસી લાખ યહૂદીઓની વસ્તી કહી શકાય. એમાં પંદર લાખ ફક્ત બાળકો હતાં જે રાષ્ટ્રનું ધન અથવા ભાવિ હતું છતાં હિટલરે કોઈપણ પ્રકારના હિચકિચાટ વગર બાળકોની કત્લેઆમ કરી હતી. તેની યાદમાં આ મ્યુઝિયમ (યાદવાસમ) બનાવવામાં આવ્યું છે. બાળકોની યાદમાં ૧૯૪૯માં બનાવેલું અને હાલમાં ૧૫ વર્ષ પહેલાં એટલે કે ૧૯૯૦માં બીજું નવું મ્યુઝિયમ બનાવ્યું. તેમાં આર્કિટેકે વિચાર્યું કે આ મ્યુઝિયમમાં કોઈ કબર નથી, ગુફા નથી તે ચણતર વખતે તોડેલા પિલ્લર દર્શાવે છે. આ પિલ્લર નાનામોટા છે. એ ઉપરથી છોકરાની ઉંમરનો ખ્યાલ આવે. નાનામોટા પિલ્લર છે પણ એ બધા ઉંમરના પ્રમાણમાં ગોઠવેલા છે. સળિયાનું કામકાજ બહુ કાળજીપૂર્વક કરવામાં આવે છે. આ મ્યુઝિયમમાં ફક્ત પાંચ મીણબત્તી કેન્દ્રમાં મૂકવામાં આવી છે. આ મ્યુઝિયમમાં જે કાચ મૂકવામાં આવ્યા છે તે પાંચ મીણબત્તીના પ્રકાશને મેગ્નીફાય કરે છે તે ઉપરથી બોધપાઠ મળે છે કે અંધકાર મરણની યાદ અપાવે છે. પણ મીણબત્તીનો પ્રકાશ જીવનની યાદ અપાવે છે. આ બુદ્ધિશાળી આર્કિટેકે ક્યું બાળક ક્યાંનું છે? કેટલી ઉંમરનું છે? તે અંગ્રેજી અથવા હિબ્રૂ ભાષામાં લખેલું છે. અંદર અંધારું હોવાથી રેલિંગ પકડી અંદર ફરી શકાય છે. હિટલરે સાઠ લાખ યહૂદીઓને ગેસ ચેમ્બરમાં રિબાવી રિબાવીને મારી

નાંખ્યા હતા. એવી વાત જેઓ બચેલા હતા અને જેઓ નાસી છૂટ્યા હતા તેઓ કરે છે. જર્મનીમાં જીવના જોખમે ત્યાંના અમુક માણસોએ એમને બચાવી લીધા. આ લોકોનું અત્યારની ઈઝરાયેલ સરકાર બોલાવીને બહુમાન કરે છે. જેમને બચાવવામાં મદદ કરી હતી તેમના માનમાં એક બચાવેલા માણસના નામનું ઝાડ મ્યુઝિયમની બાજુમાં રોપવામાં આવ્યું છે. તેને (ગાર્ડન ઓફ રાયચસ) નામ આપવામાં આવ્યું છે. ૧૯૪૮માં ધાર્મિક લઘુમતી કારણોને લીધે ઘણાં આગેવાનોને સહન કરવું પડ્યું હતું. બાઈબલનો પવિત્ર દેશ પોતાનું રાજ્ય સ્થાપવામાં અમેરિકાએ ઈઝરાયેલને ખૂબ મદદ કરી છે. સાઠ લાખ યહૂદીઓની યાદગીરીમાં આ મ્યુઝિયમ એક યાદગીરી છે. આ બધાનું ફલોર પર ગેસ ચેમ્બરનું દશ્ય મૂકવામાં આવ્યું છે જેનાથી હિટલરની તાનાશાહીનો ખ્યાલ આવી શકે. ૧૯૩૯ થી ૧૯૪૧ સુધી બીજા વિશ્વયુદ્ધની આ બધી વાતો છે. તે સમયે જર્મનીના હિટલરે સાઠ લાખ લોકોને મારી નાંખ્યા હતા. આ બધી વાત આ મ્યુઝિયમમાં જોવા મળે છે.

**એનકરીમ શહેર :**

યોહાન બાપ્તિસ્મીનો જન્મ આ શહેરમાં થયો હતો. અત્યારે અહીં તેનાં જન્મસ્થળનું દેવળ પણ જોવા મળે છે. યોહાન બાપ્તિસ્મીના સમયમાં યરૂશાલેમ અને એનકરીમ શહેરને કશો સંબંધ હતો નહીં.યોહાનના જન્મ સમયે તેના વિશે આપેલી ભવિષ્યવાણી આ ચર્ચમાં લખવામાં આવી છે. 'કરીમ'નો અર્થ દ્રાક્ષાવાડી થાય છે. અને 'એન'નો અર્થ ઝરણું થાય છે. એટલે આ શહેરને 'દ્રાક્ષાવાડીનું ઝરણું' કહેવામાં આવે છે. એલિઝાબેથ અને ઝખાર્યાના ઘરમાં યોહાનનો જન્મ થયો હતો. લુક ૨ માં આ વાત જાણવા મળે છે. મરિયમ યોહાનના જન્મ પહેલાં આ ઘરમાં ઊતરેલાં. એલિઝાબેથ અને મરિયમ બન્ને બહેનો હતાં. લુક ૧ : ૫૬ પ્રમાણે મરિયમ આશરે ૩ મહિના સુધી આ ઘરમાં રહ્યાં હતાં. યોહાનનો જન્મ થયા પછી તેનું નામ શું રાખવું તે બાબત પવિત્ર આત્માએ તેમને જણાવી. અને તેનું નામ યોહાન રાખવામાં આવ્યું. ઘરનાં માણસોએ એવું કહ્યું કે તારા સગામાં

કોઈનું એવું નામ નથી. ત્યાર પછી મરિયમને પેટે ઈસુનો જન્મ થાય છે. અને યોહાન ઈસુને બાપ્તિસ્મા આપે છે. અને એના જન્મના સ્થળ સાથે ચર્ચનો ફોટો અહીં જોવા મળે છે. આ ચર્ચ ૧૯૬૪માં ફરીથી બનાવવામાં આવ્યું છે. યોહાન બાપ્તિસ્મી ખોરાકમાં 'મધ' અને 'તીડ' ખાતો હતો. તીડ પણ એક જાતનું ખાવાનું ફળ છે.

**બેથલેહેમ :**

યરૂશાલેમથી એક માઈલ દૂર બેથલેહેમ શહેર આવેલું છે. બેથ એટલે 'ઘર' અને લેહેમ એટલે 'રોટલી' માટે બેથલેહેમને 'રોટલીનું ઘર' પણ કહેવામાં આવે છે. યાકૂબની પત્ની રાહેલ મરી ગઈ તેને અહીં બેથલેહેમમાં દફનાવવામાં આવી હતી. તેની કબર અહીં જોવા મળે છે. ત્યારબાદ દાઉદ ઘેટાં ચરાવતો હતો તેનો ઉલ્લેખ બાઈબલમાં જોવા મળે છે. રૂથ મોઆબણની સાથે બેથલેહેમ શહેરને ઐતિહાસિક સંબંધ છે. બેથલેહેમ યહૂદિયા પ્રાંતનું શહેર છે. એટલે યહૂદાના કુળને આ ભાગ આપવામાં આવ્યો હતો. ઉત્તર દિશામાં સમારિયા અને યરેખો શહેરો આવેલાં છે. દક્ષિણે બેથલેહેમ અને બેરશેબા શહેરો આવેલાં છે. બેથલેહેમનું બીજું નામ દાઉદનું શહેર પણ કહેવાય છે. અને ઈસુનો જન્મ બેથલેહેમમાં થયો હતો. બેથલેહેમ નાનકડું ટેકરી પર વસેલું ગામ હતું એવું જ યરૂશાલેમ પણ નાનું શહેર ગણાતું હતું. યરૂશાલેમની વસ્તી હાલમાં છ લાખની છે. બેથલેહેમની વસ્તી એંસી હજારની છે. પુસ્તકોમાં જણાવ્યા પ્રમાણે ૧૦ માઈલ અંતર હતું પણ અત્યારે આ બન્ને શહેરો ભેગાં થઈ રહ્યાં છે તેથી હવે ૧ માઈલ જેટલું અંતર રહ્યું છે. જમણી બાજુ જે લાલ છાપરું, ઝાડ અને ટાવર દેખાય છે ત્યાં CHURCH OF NETIVITI (ચર્ચ ઓફ નેટીવીટી) ઈસુના જન્મનું દેવળ જે પ્રખ્યાત છે તે જોવા મળે છે. ડાબી બાજુ ઉજ્જડ અરણ્ય છે. ત્યાં ખેતરો છે. એમાં ભરવાડો ઘેટાં ચારતા હતા. ડાબી બાજુ ઊંચો પર્વત દેખાય છે તેને જવાળામુખીનો પર્વત અથવા હેરોદિયન પર્વત કહેવામાં આવે છે. હેરોદ રાજાએ અહીં કિલ્લો બાંધ્યો હતો અને તેને આ કિલ્લામાં દફનાવવામાં

આવ્યો હતો. દૂર યહૂદિયાના બીજા પર્વતો આવેલા છે. અંજીરનાં ઝાડ અને બદામનાં ઝાડ અહીં જોવા મળે છે. તે દેખાવમાં નાનાં હોય છે. ડાબી બાજુ મૃત સરોવર આવેલું છે. જમણી બાજુ ટાવર ઓફ ડેવિડ આવેલો છે. આગળ જોપ્પા ગેટ આવેલો છે. એમાંથી સીધા માર્કેટ સ્ટ્રીટ જવાય છે. જમણી બાજુ યરૂશાલેમનો જૂનો કોટ દેખાય છે. ડાબી બાજુ ભૂરા રંગનું જે મકાન દેખાય છે તે જ જૂનું યરૂશાલેમ શહેર છે. બાઇબલ આજે પણ સાચું છે. ત્યારે આ શહેર પર્વતોથી ઘેરાયેલું હતું અને આજે પણ આ શહેર પર્વતોથી ઘેરાયેલું છે. સુંદર દેખાતું આ શહેર પર્વતોથી ખૂબ જ રમણીય દેખાય છે. સુલેમાન રાજાએ આવીને મોરિયા પહાડ પર યરૂશાલેમનું મંદિર બાંધ્યું હતું. ઈ.સ. ૫૮૬માં બાબેલોને આ મંદિરનો નાશ કર્યો હતો. બીજું મંદિર હેરોદ રાજાએ બાંધેલું. હાલમાં જે સોનેરી ઘુમ્મટ દેખાય છે તે ડોમ ઓફ ધ રોક અને કાળો ઘુમ્મટ દેખાય છે તે અલકશા મસ્જિદ છે. જમણા હાથે વધારે બારીઓવાળો એન્ટોનીનો કિલ્લો છે. કાળા ઘુમ્મટ પાસે જમણી બાજુ નાના કાળા ઘુમ્મટવાળી પવિત્ર કબર છે તેને હાલમાં સીલ કરેલું છે. સામે ગોલ્ડન ગેટ છે. સામે જે ચર્ચ છે તે બધાનું સંયુક્ત ચર્ચ છે. સામે પર્વત પર જે મકાન છે તે સમારિયા ગામ છે ત્યાં શમૂએલની કબર આવેલી છે. ડાબે હાથે પહાડ નીચે બેથલેહેમ છે. તે જૈતુન પહાડ કહેવાય છે. બાજુમાં મોટું કબ્રસ્તાન છે. કોટના ખૂણામાં કાળો ભાગ છે ત્યાં પગથિયાં જોવા મળે છે. જે જૂના મંદિરના અવશેષોની ખાતરી અપાવે છે. જે હેરોદ રાજાએ બનાવેલું તેના અવશેષો છે. આજ મંદિરમાં ઈસુએ વેપારીઓનાં બાજઠ ઊંધાં વાળ્યાં હતાં અને કોરડો વીંઝ્યો હતો તે આ જગ્યા છે. નીચેના ભાગમાં કબ્રસ્તાન દેખાય છે તે ઈઝરાયેલનું મોટામાં મોટું કબ્રસ્તાન છે. પુનરુત્થાન સમયે જે કબરો ઉઘડશે તે વહેલા ઊઠશે એવી આશા અને વિશ્વાસ સાથે લોકોને અહીં દાટવામાં આવ્યા છે. યોએલ પ્રબોધકે કહ્યું હતું કે આ ખીણમાં બધાનો ન્યાય થશે એ ખીણ અહીં જોવા મળે છે તેને યહોશાફાટની ખીણ કહેવામાં આવે છે. અહીં એક ફરક જોવા મળે છે. ખ્રિસ્તીઓ સમજે છે કે દરેક જન્મેલા ઈસુના

બીજા આગમનની વાટ જુએ છે. જ્યારે યહૂદીઓ સમજે છે કે ઈસુ હજી પ્રથમ વખત આવવાના છે. હજી આજે પણ ઘણી યહૂદી સ્ત્રીઓ કુંવારી છે તેઓ એમ માને છે કે ઈસુ ખ્રિસ્ત અમારા પેટે જન્મ લેશે માટે તેઓ લગ્ન કરતાં નથી. હાલમાં અત્યારે જે ડોમ ઓફ ધ રોક છે તે મોરિયા પહાડ છે ત્યાં દેવે આંગણી ચીંધીને ઈબ્રાહિમને કહ્યું હતું કે તું ત્યાં જા અને તારા એકના એક દીકરાનું બલિદાન કર. આ એ જગ્યા છે કે જ્યાં દેવે ઈબ્રાહિમની પરીક્ષા કરી હતી. એ એક પ્રકારનો અરસ પરસનો કરાર હતો. દાઉદ રાજા કરારકોશ રાખવા માંગતો હતો પણ ઈશ્વરપિતાએ એમ થવા દીધું નહી કેમ કે ઈશ્વરપિતા દાઉદને કહ્યું કે તારા હાથ ચોખ્ખા નથી પણ તારો દીકરો સુલેમાન આ જગ્યાએ મારું મંદિર બાંધશે અને તેમાં કરારકોશ લેશે. બીજી વખતનું મંદિર જે ઈસુના સમયમાં હેરોદ રાજાએ બાંધ્યું હતું. સમય જતા જે ખ્રિસ્તીઓ આવ્યા તેમણે હોલિશેફલકરને મહત્ત્વ આપ્યું. પાછળથી તેમણે મંદિર બાંધ્યું. ત્યારબાદ યરૂશાલેમ મુસ્લિમોએ જીતી લીધું. ઈસ્લામ ધર્મ છઠ્ઠી સદીમાં સાઉદી અરેબિયાથી આવ્યો હતો. ઈબ્રાહિમથી હાગારને પેટે જે ઈસ્માઈલ થયો હતો તે કાયદેસર ન હતો પણ દાસીપુત્ર હતો. મુસ્લિમો માને છે કે દાસીથી જન્મેલો પ્રથમ પુત્ર એ જ ખરો પુત્ર ઈસાક નહી. અને એ રીતે મુસ્લિમોએ ડોમ આફ ધ રોક બાંધ્યું. આજે પણ મુસ્લિમો હજ કરવા આવે ત્યારે તેઓ મક્કા તરફ મોં રાખીને નમાજ પડે છે. મક્કા પછી બીજા નંબરની આ મસ્જિદ છે.કુરાનમાં લખ્યું છે કે મહંમદ રથમાં બેસીને અહીંથી ડોમ ઓધ રોક ગયા હતા જ્યાં ઈસાકનું બલિદાન કરવામાં આવ્યું હતું ત્યાંથી તેઓ સીધા સ્વર્ગમાં ચઢી ગયા હતા અને ત્યાંથી કુરાન લઈને નીચે આવ્યા હતા પણ કુરાનમાં એક પણ વાર આ વિશે યરૂશાલેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ જગ્યાને ત્રણ ધર્મના લોકો મહત્ત્વનું ગણે છે. ઈઝરાયેલ લોકો ઝખાર્યાના પુસ્તકમાં લખ્યું છે તેમ પૂર આવશે બધા તણાઈ જશે અને યરૂશાલેમનું મંદિર બંધાશે.

**પીટર નોસ્ટર : (PETER NOSTER)**

આનો અર્થ 'અમારા પિતા' થાય છે. ઈસુએ પોતાના શિષ્યોને પ્રાર્થના કરતા શીખવ્યું. (ઓ આકાશમાનાં અમારા બાપ... આમેન.) આ પ્રાર્થના આ જગ્યાએ લખવામાં આવી છે. જયારે આ પ્રાર્થના શીખવાડી ત્યારે ફક્ત અરામીક અને હિબ્રૂ ભાષા હતી. આ જગ્યા પવિત્ર છે સાથે અદ્‌ભુત પણ છે. ક્રુઝેડર્સ સાથે સંકળાયેલી જગ્યા જોવા મળે છે. ત્રીજી સદીમાં આ બાબત બની હતી. પણ છઠ્ઠી સદીમાં પર્શિયન લોકોએ આ દેવળ બાંધ્યું હતું. પણ ૬૧૪ માં મુસ્લિમોએ આ દેવળનો નાશ કર્યો હતો. અને સામે મસ્જિદો બાંધી દીધી. દશમી સદીમાં પાંચ દેશોના લોકો આવ્યા હતા. યુરોપના લોકોએ પવિત્ર ભૂમિને બચાવવા પ્રયત્નો ચાલુ કર્યા. ક્રુઝેડર્સ લોકોએ ૨૦૦ વર્ષ સુધી આ પ્રદેશનો કબજો લઈ રાજ કર્યું. ૧૯૧૭ માં સલાદિન આવ્યો અને એણે ક્રુઝેડર્સના હાથમાંથી રાજ્ય છીનવી લઈ બીજીવાર દેવળનો નાશ કર્યો. હાલના બધા દેવળો ૧૩ મી ૧૪ મી સદીના છે. અત્યારે જૂના અવશેષોમાંનું આ એક જ સ્થળ છે જેને પવિત્ર જગ્યા કહેવામાં આવે છે. આવી પવિત્ર જગ્યા ગુફાઓમાં જ બાંધવામાં આવેલી હોય છે. જયારે આવી પવિત્ર જગ્યા બાંધવી હોય ત્યારે આવી ગુફાનો આશરો લેવામાં આવે છે કારણ કે હવામાનના જોખમથી બચી શકાય બીજું કોઇ અગત્યની વ્યકિતને દફનાવવા માટે પણ આ જગ્યા વાપરવામાં આવે છે. પહેલા આ લેવલે ચર્ચ હતું. હાલમાં દેવળનું આ ભોંયતળિયું પહેલાના દેવળનું તળિયું અત્યારે તે અંડરગ્રાઉન્ડ બની ગયું છે. ઈસુના શિષ્યોએ આ જગ્યાએ શા માટે આ પ્રાર્થના કરી? કારણ કે તેઓને મંદિરમાં પ્રવેશવા દેવામાં આવતા ન હતા માટે આ જગ્યા પસંદ કરી. તેઓને મંદિરમાં પ્રવેશવાની મનાઈ હતી માટે દૂરથી ઈસુ અને શિષ્યો દેવળને જોઇ શકતા હતા. આ પર્વત પરથી મંદિરનો નાશ થશે એવી ભવિષ્યવાણી ઈસુએ ઉચ્ચારી હતી તે આ જગ્યા છે. ઈસુએ અહીં શિષ્યોને પ્રાર્થના કરતા શીખવ્યું હતું. અહીં હાલમાં કુલ એંસી ભાષામાં આ પ્રાર્થના લખવામાં આવી છે તેમાં ગુજરાતી ભાષામાં પણ આ પ્રાર્થના જોવા મળે છે.

ગુજરાતીમાં પ્રાર્થનાનું આ લખાણ આણંદના શ્રી એડવર્ડ ઓડેદરાના હસ્તાક્ષરોમાં લખાયેલું છે. તેઓ સ્વ શ્રી.એમ.એમ.દાસના ભાણેજ થાય છે. તેઓ આર્ટિસ્ટ છે. નિવૃત શિક્ષક છે. ફા. થોમાસ આલ્ફોન્સના પ્રયાસોથી આ લખાણ મુકાયેલું છે.

**જૈતુન પહાડ :**

આ જગ્યા ઈસુના સ્વર્ગારોહણની જગ્યા છે. ઈસુ આ પર્વત પરથી સ્વર્ગમાં ચઢી ગયા હતા. અગાઉ જણાવ્યું તેમ હેલિનાએ જે ત્રણ ચર્ચ બાંધ્યાં હતાં તેમાંનું આ જૈતુન પર્વત પર એક દેવળ જોવા મળે છે તે અષ્ટકોણ આકારનું છે. ક્રુઝેડર્સ લોકો અહીં ચર્ચ બનાવવા માંગતા હતા પણ મુસ્લિમોના તાબામાં આ વિસ્તાર હોવાથી અહીં મસ્જિદ છે. આ ચર્ચના જે પગથિયાં દેખાય છે તે મંદિરની જગ્યા છે. અહીંથી ઈસુ ગગનમાં ચઢી ગયા હતા તે આ મંદિર છે.

**કાલવરીની જગ્યા :**

આ જગ્યાને ખોપરીની જગ્યા પણ કહેવામાં આવે છે. ગેથસેમાની વાડીથી આ જગ્યા સુધી એક દીવાલ છે. બ્રિટિશ સોલ્જર આ ગલગથ્થાની જગ્યા શોધતા શોધતા આવ્યા હતા. તે સમયે લેટીન ભાષામાં આ શબ્દો લખેલા હતા. ૧. ખોપરી અને ૨. કાલવરી. ઈસુને વધસ્તંભ ઊંચકાવીને ગલગથ્થા નામની જગ્યાએ લાવ્યા તેમની સાથે બે ચોર હતા. પાછળ ખોપરીની જગ્યા છે તેનો ફોટો અહી જોવા મળે છે. સુલેમાને જે મંદિર બાંધ્યું તેના માટેના પત્થરો આ ભાગમાંથી કાપીને લઈ જવામાં આવ્યા હતા માટે હાલમાં આ જગ્યા ક્વોરી જેવી લાગે છે. જ્યાં પાછળથી ગુનેગારોને મારવા માટેની જગ્યા બની ગઇ. યહૂદી માણસો નિયમ તોડે અથવા કોઇ મોટો ગુનો કરે તેમને આ જગ્યામાં શિક્ષા થતી. જે ગુનેગાર હોય તેને આ કાલવરીની ટેકરી પર પર લઈ જવામાં આવતા. અને પહેલો પત્થર મારે અને નીચે ગબડાવી દે એવી માન્યતા હતી. આ પત્થર મારવાની શરૂઆત ગુનેગારનો સાક્ષી હોય તે કરે. ત્યાર પછી

બીજો સાક્ષી મારે એવી શિક્ષા કરતા. ગુનો કબૂલ કરાવવા માટે બે સાક્ષીઓની જરૂર રહેતી હતી. આ બન્ને સાક્ષી પહેલા પત્થર મારે ત્યાર પછી ટોળાના માણસો ગુનેગારને પત્થરે મારે અને મરણ ન પામે ત્યાં સુધી મારતા. એ જ વાત યોહાન ૧૧ માં પાપી સ્ત્રી વિશેની વાત તે સમયમાં જોવા મળે છે. આ જ વિસ્તારમાં સ્તેફન પ્રથમ શહીદ થઇ ગયો હતો. તેને પણ લોકોએ આ જગ્યાએ પત્થરે મારીને મારી નાંખ્યો હતો. સ્તેફન જ્યારે મરણ પામી રહ્યો હતો ત્યારે તેણે ઈસુને ઊભેલા જોયા. ઈસુ માટે બલિદાન આપનાર પ્રથમ શિષ્ય સ્તેફન કહેવાય છે. જ્યારે સ્તેફન મરણ પામ્યો ત્યારે જાણે કે ઈસુ તેને WELL-COME કહેવા ઊભા હોય તેવું સ્તેફનને લાગ્યું. આમ ઈસુ માટે શહીદ થનાર લોકોની સંખ્યા અંઢી લાખ કરતાં વધારે છે. રોમન સામ્રાજ્યમાં લોકોને રિબાવી રિબાવીને મારી નાંખવામાં આવતા હતા. જ્યારે રોમનો પ્રથમ વાર યરૂશાલેમમાં આવ્યા ત્યારે એમણે વિચાર્યું કે આ લોકોને આવી શિક્ષા કરવી. પણ એ રીતે નહીં કરતા ગુનેગારને શહેર બહાર લઈ જઈને શિક્ષા કરાતી હતી. માત્થીમાં લખવામાં આવ્યું તેમ ઈસુ જ્યારે મરણ પામ્યા ત્યારે ટોળું એમની મશ્કરી કરતું હતું. જે રોડ બાજુમાંથી પસાર થતો જોવા મળે છે. આ રોડ યરેખો થઇ દમસ્ક જાય છે. આ જગ્યા એ જંકશન સ્થળ હતું. ટોળું તમાશો જોવા ઉત્સુક હતું. ઘણી વાર એવું વિચારીએ છીએ કે ઈસુ આ ટેકરી પર મરણ પામ્યા એમ નહી પણ ઈસુ આ જગ્યાએ મરી ગયા હતા. ઘણી વાર ચિત્રોમાં ટેકરી પર ત્રણ વધસ્તંભ જોવા મળે છે. બાઈબલ અથવા રોમન વૃત્તાંતમાં આ વાત નથી. ઈસુ ટેકરી પર મરેલા એ વાત રોમન પ્રમાણે રસ્તાની ઉપર સરખી જગ્યામાં જ ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા હતા. પછી લોકો તેમને જોઈ શકે માટે ટેકરી પર મૂકવામાં આવ્યા હતા. રૂમી ઈતિહાસકારનું કહેવું છે કે બીજો કોઇ માણસ ગુનો કરતાં ગભરાય માટે આવી શિક્ષા ઊભી કરવામાં આવી હતી. નાઈજીરીયામાંથી અમેરિકાના માણસો થોડા સમય પહેલાં અહીં આવેલા. તેમના એક સૈનિકે કહ્યું હતું કે જે જગ્યાએ ઈસુને વધસ્તંભે

જડવામાં આવેલા એની એક નિશાની બતાવો. પણ એને જવાબ મળ્યો કે ૨૦૦૦ વર્ષ પછી એ વાત શક્ય ન હતી. તમે જો કોઇ આવી ઇચ્છાથી કે દ્રષ્ટિથી આવ્યા હોય તો એ વાત અત્યારે શક્ય નથી. માત્ર આત્મિક દ્રષ્ટિ રાખશો અને વિશ્વાસથી માનશો કે ઈસુ ખ્રિસ્તને આ જગ્યામાં વધસ્તંભે જડવામાં આવ્યા હતા તો એ વાત વિશ્વસનીય છે. પ્રશ્ન એ છે કે ઈસુને કેવી રીતે મારવામાં આવ્યા અગત્યનું નથી પણ ઈસુ શા માટે મર્યા એ વાત બહુ અગત્યની છે. જગતનાં પાપોને માટે અને પાપી માણસનો ઉધ્ધાર થાય, દરેક પાપી માણસ સારો બને અને સ્વર્ગમાં જાય માટે આ તારણસાધક યોજના આ જગ્યાએ થઇ એ હકીકત છે.તરત જ સૈનિકને ખાતરી થઈ અને તેણે સ્વીકાર્યું કે ઈસુ મારફતે પાપની માફી મેળવવી. માત્ર ઈસુ આપણે માટે મરી ગયા અને આ જગ્યાએ ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા અને ત્યાં વાડી હતી એ ઘણી વખત લોકો ભૂલી જાય છે પણ આ એક સત્યઘટના છે.

**૨. એ બે માણસો વધસ્તંભ પાસે ગયા.** ઈસુના મરણ પછી નિકોદેમસ અને યુસફ બે તેમણે કાળજીથી ઈસુના ઘા વ્યવસ્થિત કર્યા. નિકોદેમસે તેમાં સુગંધી દ્રવ્યો ભરીને શબને તૈયાર કર્યું. બગીચામાંથી થઇને નવી તૈયાર કરેલી કબરમાં ઈસુનું શબ મૂક્યું. બગીચાની સાબિતીરૂપે આ જગ્યાએ મોટો વહેળો હતો. ત્રીજા નંબરની નહેર મળી આવેલી. તેની સાબિતીનું ચિત્ર કોઈ ધાર્મિક યહૂદીની માલિકીનું હોવું જોઈએ. સામાન્ય માણસ આવું રાખી શકે નહી. હજી પણ આ નહેર ચાલુ છે. ૨૦૦૦ વર્ષ પહેલાં અહી શું પકવતા હશે કદાચ દ્રાક્ષની ખેતી અહીં થતી હોવાથી દ્રાક્ષ પીલવાની મોટી ચક્કી અહીં હતી. અરીમથાઈનનો યુસફ એક ધનવાન માણસ હતો. તેની આ વાડી હોવી જોઈએ. અહીં જે બારી દેખાય છે ત્યાંથી આજે પણ આ નહેરમાં અથવા નાળામાં પાણી જોઈ શકાય છે. ખોદકામ વખતે આ કબર શોધી કાઢવામાં આવી. આ જગ્યા ગુફા જેવી જગ્યા નથી પણ હકીકતમાં મોટી કબર છે માટે તે દર્શાવતી હતી કે ધાર્મિક યહૂદીની આ કબર હોવી જોઈએ. બહાર દેખાતા પત્થર

પડી ના જાય માટે ટેકારૂપ આ પત્થર જોવા મળે છે. તે સમયે સૂર્ય અંધકારમય થઇ ગયો, ખડકના બે ભાગ થઇ ગયા, મંદિરનો પડદો ચિરાઈ ગયા, ઈસુનું કારમું મોત સમગ્ર સૃષ્ટિ નિસાસા નાખતી હતી એવા સમયે છુટકારા માટે આ ઈસુનું મોત અનિવાર્ય હતું. જે પર્વતમાં તિરાડ પડીને, સીધી નીચે આવી હતી ત્યાં પ્રવેશદ્વાર નાનું હતું માટે પિતર અને યોહાન મંદિરમાં નીચા વળીને ગયા હતા. માર્કે આંખે જોયેલો અહેવાલ આપ્યો હતો. આની સાબિતીરૂપે માર્ક ૧૫ મો અધ્યાય વાંચો. અહીં બે કબર જોવા મળે છે. ૧. વપરાયેલી કબર અને ૨. વપરાયા વગરની કબર. આ કબરમાં ઈસુના શબને મૂકવામાં આવ્યું હતું તે આજે ખાલી છે. ઈસુના મરણ પછી બે બહેનો કબરે આવી ત્યારે તેમણે શબને કબરમાં દીઠું નહી પણ જમણી તરફ ઈસુનાં કપડાં પડેલાં હતાં તે જોયા. દૂતોએ તેઓને કહ્યું કે તમે મૂએલાને જીવતામાં કેમ શોધો છો? ઈસુ ઊઠ્યા છે. તેઓ પુનરુત્થાન પામ્યા છે. ઈસુ જ્યારે પૃથ્વી પર હતા ત્યારે તેમણે કહેલી વાત યાદ આવી કે પુનરુત્થાન તથા જીવન હું છું જે કોઈ મરે છે પણ મારા પર વિશ્વાસ રાખે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે. માર્થાને ઈસુએ લાજરસના મરણ વખતે આ વાત સંબોધીને કહેલી. હું જ જીવન છું. હું જ પુનરુત્થાન છું. જેઓ આ કબર જોઇને કહે કે ઈસુ ખરેખર જીવતા છે અને તે ઊઠ્યા છે એ વાત વિશ્વસનીય છે પરંતુ જેઓએ આ કબર જોઈ નથી અને વિશ્વાસ કરે છે કે ઈસુ ખરેખર ઊઠ્યા છે તેઓને ધન્ય છે. બાઈબલમાં પણ લખવામાં આવ્યું છે કે આવો અને જુઓ. અને જઈને કહો કે હા, ઈસુ ખરેખર ઊઠ્યા છે. અહીં બે સંદેશા આપણને જોવા મળે છે.

**ભલા સમરૂનીની ધર્મશાળા :**

બેથલેહેમથી મિસર જતા રસ્તામાં આ ભલા સમરૂનીની ધર્મશાળા આવેલી છે. જે વાત નવા કરારમાં આપણે વાંચીએ છીએ. મૂસા આ રસ્તેથી ઈસ્રાએલી પ્રજાને મિસરમાંથી કનાનમાં લાવ્યો હતો. એ પ્રવાસમાં ચાલીસ વર્ષ લાગ્યાં હતાં. અત્યારે વાહન મારફતે ચાર કલાકમાં જઈ

શકાય છે. આ આખો અરણ્યનો ભાગ છે. ભલા સમરૂનીનો ઈતિહાસ આ પ્રમાણે છે. જેઓને સિત્તેર વર્ષ બંદીવાસમાં લઈ ગયા હતા તેમાંના કેટલાએક લોકો આ જગ્યામાં રહેવા આવ્યા હતા. તેમણે નિયમો પાળ્યા ન હતા અને જે લોકો બંદીવાસમાંથી જઈને આવ્યા તેમણે અહીં રહેલા લોકોને કહ્યું કે તમે નિયમો પાળ્યા નથી માટે અમારી સાથે આવી શકો નહીં. એ જ આ સમરૂની લોકો. તેઓ અહીં માઉન્ટ ગેરેઝીમ પર્વત પર વસ્યા. તે પ્રદેશને સમરૂન પ્રાંત કહેવામાં આવે છે. જ્યારે ઈસુએ સમરૂની સ્ત્રીની સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે સમરૂની સ્ત્રીએ ઈસુને કહ્યું કે તમે યહૂદી થઈને મારી સાથે કેમ વાત કરો છો? કારણ કે યહૂદીઓ સમરૂનીઓ જોડે કંઈ પણ જાતનો વ્યવહાર રાખતા નથી. એવી જ રીતે આ જગ્યામાં ભલા સમરૂનીએ પેલા લૂંટારાના હાથમાં પડેલા માણસને મદદ કરી જે નિયમ પાળનારાઓમાંનો ન હતો છતાં તેની મદદ કરી. એ જ રીતે આપણે પણ ભલા સમરૂની બની શકીએ છીએ. અહીં આગળ બે પર્વતો સાથે જોવા મળે છે. ૧. <u>આશીર્વાદનો પહાડ</u> અને ૨. <u>શ્રાપનો પહાડ</u>. આશીર્વાદના પહાડ પાસે ઘણાં ઘરો જોવા મળે છે. જ્યારે શ્રાપના પહાડ પાસે એક પણ ઘર જોવા મળતું નથી. અહીંથી નબલુસનો રસ્તો જાય છે. આશીર્વાદના પહાડ પર અત્યારે પણ ઘણી વસ્તી જોવા મળે છે. શાસ્ત્રના અભ્યાસકારોનું માનવું છે કે યુસફના હાડકાંની કબર નેબલુસ આગળ ગેરીઝીમ પર્વત પર છે. બેથલેહેમથી ઈલાટ સુધી ઈઝરાયેલ દેશની હદ ગણાય છે. ઈઝરાયેલની બોર્ડર ઈલાટ આગળ પૂરી થાય છે. અહીં આગળ પ્રવાસીઓને બસમાંથી ઉતારીને બસ ઈઝરાયેલ પાછી જાય છે. અહીંથી મિસર જવા બીજી બસમાં બેસવું પડે છે. અને અહીંથી બીજો વિસા પણ લેવો પડે છે. ઈલાટથી મિસર જતાં દશથી બાર કલાક લાગે છે. ઈલાટ પસાર કર્યા પછી આગળ સદોમ ગમોરાહ શરૂ થાય છે. અહીં ઈબ્રાહિમ અને લોટની વાત બાઈબલમાં લખ્યા મુજબ જોવા મળે છે. અહી અરણ્યમાં ટપક પદ્ધતિથી સિંચાઈ કરવામાં આવે છે. અહીં ખજૂરીનાં વૃક્ષો જોવા મળે છે ટપક પદ્ધતિથી ઉગાડવામાં આવ્યાં છે.

અહીં પાણી બિલકુલ ઓછું છે. અરણ્યમાં પુષ્કળ પર્વતો આવેલા છે. તે જોતાં ઘણી વખત આંખોમાં ચક્કર પણ આવી જાય. બસમાંથી ઊંચા પર્વતો જોવાની ખૂબ મઝા આવે છે. સાથે મૂસાની આગેવાની દાદ માંગી લે તેવી હતી. જો બસમાં બેઠા બેઠા ચક્કર આવી જતા હોય તો એ સમયે મૂસા છ લાખ માણસોને કેવી રીતે અરણ્યમાં લઈને ચાલ્યો હશે એ કલ્પના માત્ર માનવીના મગજને ધ્રુજાવી દે તેવી બાબત છે. ડાબી તરફ મૃત સરોવરનો ભાગ અને જમણી તરફ ખજૂરીનાં વૃક્ષો જોવા મળે છે. આ મૃત સરોવર નીચાણમાં છે જ્યારે યરૂશાલેમ ઊંચાણ પર આવેલું છે. આ બે પર્વતોની વચ્ચે જે તિરાડ દેખાય છે તેમાંથી પાણી આવે છે તે પાણી આઠસો મીટર ઝડપથી આવે છે. તેના પ્રવેગને કારણે આ તિરાડ દેખાય છે. અને મોટા વહેળા પડેલા જોવા મળે છે. આ પહાડોમાં ગુફા આવેલી છે. આમાં બહારથી નાસી આવતા માણસો એમના રક્ષણ માટે આ ગુફામાં રહેઠાણ બનાવે છે. તે સમુદ્રતટથી ૪૦૦ મીટર નીચે છે. દુનિયાનો સૌથી નીચામાં નીચો વિસ્તાર આ છે. સિરિયા જવા માટે રસ્તો અહીંથી પસાર થાય છે. સાથે આફ્રિકા જવાના પહાડો સામે કિનારેથી શરૂ થાય છે. બેઝેટ અરણ્ય અને વેલ્ડનેસ્ટના તફાવત જાણવા જેવો છે. બેઝેટ અરણ્ય રેતાળ હોય છે જ્યારે વેલ્ડનેસ્ટ અરણ્ય રેતાળ નથી માટે તેને વેલ્ડનેસ્ટ કહેવામાં આવે છે. તેથી સાઉદી અરેબિયા અને આફ્રિકા કશું બાંધી શકતા નથી. આ વિસ્તારમાં પાણી અને ખાતર નાખવામાં આવે તો જ કંઈ ખેતી ઉગાડી શકાય. વેલ્ડનેસ્ટ પહેલાં આ વિસ્તારમાં ઘણા હિંસક પ્રાણીઓ હતાં. પણ માણસો એનો શિકાર કરવા લાગ્યા એટલે હાલમાં ઓછાં થઈ ગયાં. **ઈઝરાયેલથી** દક્ષિણ ભાગમાં ૬ થી ૭ ચિત્તા હતા તે ખૂબ ખતરનાક હતા. સાથે જરખ, શિયાળ જેવા પ્રાણીઓ હાલમાં જોવા મળે છે. જાત જાતના ઝેરી સર્પોની વસ્તી મોટા પ્રમાણમાં આ જગ્યામાં જોવા મળે છે. સાથે ગીધ, સમડી જેવાં પક્ષીઓ પણ જોવા મળે છે.અને યુરોપ, રશિયાનાં પક્ષીઓ અહી અમુક સીઝનમાં સ્થળાંતર કરે છે. **ઈઝરાયેલ** અસ્તિત્વમાં આવ્યા પછી શિકાર પર મનાઈ કરવામાં આવી. માટે જંગલી જાતિનાં

પ્રાણીઓ થઈ લુપ્ત થઈ જવાનાં હતાં તે બચી ગયાં. તેમની સાથે ઈઝરાયેલ સરકાર બહારના દેશોમાંથી જંગલી પ્રાણીઓ લાવી પ્રજનન કરાવે છે જેથી તેમનું અસ્તિત્વ ટકી રહે. આર્કિટેકટ અત્યારે કૃત્રિમ પાણી અને હવા બનાવે છે. બાઈબલ પ્રમાણે પહાડો વર્ષોથી જેમના તેમ છે. થોડા સમય પહેલા ૧૦૦ જેટલા વાઈલ્ડ ડોંકી (જંગલી ગધેડા) છોડવામાં આવ્યા હતા. અત્યારે નેગેબ દેશમાં જંગલી બકરાનું અસ્તિત્વ જોવા મળે છે. આ નેગેબ દેશને ઈન્ડિયામાં ગુડખર કહે છે. મૃત સરોવરમાં ક્યારેય ભરતી ઓટ આવતી નથી.

**એનગેડી :**

ગાલીલથી ઈલાટ સુધી મૃત સરોવર ૫૪. કિ.મી. લાંબો છે. આના છેડા પર જમણે હાથે એનગેડી પર્વત આવેલો છે. આનો અર્થ (બકરીના બચ્ચાનું ઝરણ) થાય છે. જ્યારે દાઉદ રાજા શાઉલ રાજાથી બચવા નાઠો ત્યારે આ પર્વત પર એનગેડીની ગુફામાં સંતાઈ ગયો હતો. એની સાથે જ્યારે દાઉદે શાઉલને આજ જગ્યામાં જોયો હતો તેમ છતાં શાઉલે દાઉદને માર્યો ન હતો. એ આ જગ્યા છે. સોલોમન રાજા આ ગુફાને સ્વર્ગના બગીચા સાથે સરખાવે છે. બાઈબલના ઈતિહાસ પ્રમાણે અહીં ઘણી જાતની વનસ્પતિ થતી હતી. તેમાંથી એ સમયે સુગંધી દ્રવ્યો બનાવવામાં આવતા હતા. અહીંથી ૩ કિ.મી. સુધી આગળ શુદ્ધ પાણીનું ઝરણું વહે છે. જે સામે જમણી બાજુ આ ઝરણાં જોવા મળે છે. જેને કારણે અરણ્યમાં પણ આ જગ્યા રણદ્વીપ જેવી લાગે છે. જો આ ઝરણાં અહીં હોત નહીં તો આવી હરિયાળી જોવા મળત નહીં. સામે ડાબી બાજુ મૃત સરોવર છે તેનું પાણી ખારું છે. જમણી બાજુ મીઠા પાણીના ઝરણાને લીધે અહીં દ્રાક્ષ, ખજૂર, કેરીનાં વૃક્ષો જોવા મળે છે. આ ડુંગરોમાં જંગલી બકરા જેવાં પ્રાણીઓ રહે છે. જ્યારે આ જંગલી પ્રાણીઓ પહાડ પર ચઢે છે ત્યારે તેમની ખરીઓ એટલી મજબૂત હોય છે જેને કારણે પહાડો તૂટેલા જોવા મળે છે. માટે **ઈઝરાયેલી** સરકારે હાલમાં તારની વાડ

કરેલી છે. જેથી જંગલી બકરા ચડે નહી અને પહાડોને નુકસાન કરે નહીં. આ જંગલી બકરાનો રંગ પણ પહાડ જેવો જ હોવાથી ઘણી વાર આ પહાડ પર ફરતા હોવા છતાં નજરે દેખાય નહીં. એમનામાં ઘણી તાકાત હોવાથી ૩ કિ.મી. સુધી પહાડ પર ચડી ઊતરી શકે છે.અહીં તળેટીમાં ત્રણ ચાર રૂમો આવેલી છે. તેમાં ફેકટરીઓ આવેલી છે. તેમાં અમુક રસાયણોમાંથી અને ઝાડોમાંથી સુગંધી દ્રવ્યો બનાવવામાં આવે છે. અહીંથી મૃત સરોવર થોડું દૂર જતું લાગે છે એટલે કે અહીં મૃત સરોવરની હદ પૂરી થાય છે. જે રસાયણોમાંથી અને મૃત સરોવરના દ્રવ્યથી ચામડીના રોગો મટી શકે છે.આ સરોવરમાં ખૂબ દ્રવ્યનો ખજાનો ભરેલો છે. મૃત સરોવરમાં સલ્ફર અને ગંધક છે જે સૂર્યનાં કિરણોથી ચામડીને અસર થાય છે અને શરીર પર લગાડવામાં આવેલાં દ્રવ્યો પર સૂર્યપ્રકાશ પડે છે જેથી ચામડીના રોગો મટી શકે છે. (EN BOKET) યુરોપના દેશોના લોકો આ જગ્યાએ સારવાર લેવા આવે છે. અહીં પાણીની પણ સરહદ જોવા મળે છે. જોર્ડન અને **ઈઝરાયેલ** વચ્ચે અલગ રંગનું પાણી દેખાય છે. અહીં મૃત સરોવરની ઊંડાઈ ૩૦ મીટર જેટલી છે. યરદન નદી પૂરી થાય અને મૃત સરોવર શરૂ થાય ત્યાં સુધી નદીનું અને સામે પર્વત પરનું પાણી અહીં આવે છે. આ જગ્યાએ સારું પાણી સમુદ્રમાં ભળતું જોવા મળે છે. તેનું ગરમીથી બાષ્પીભવન થઈ સારું પાણી ઊડી જાય છે જે બચે છે તે ફક્ત ખારાશ એટલે તેલ જેવું ખારું બની જાય છે. ડાબે હાથે લીલામાં સફેદ જેવું દેખાય છે જે ખારના થાંભલા જેવું જોવા મળે છે. આ સદોમ ગમોરાહનો ભાગ કહેવાય છે. અત્યારે આમાંનું કશું રહ્યું નથી. લોટની સ્ત્રી જે ખારનો થાંભલો થઇ ગઈ હતી તે આ પર્વતોમાંથી કોઇ એક ટેકરી પર ખારના થાંભલાની જગ્યા છે. અહીં જે લીલું પાણી દેખાય છે તેનો અર્થ તે પાણીમાં ખારાશ વધુ હોવાથી પાણી લીલું દેખાય છે. **ઈઝરાયેલનો** બે તૃતીયાંશ ભાગ અરણ્યનો છે. નેગેબના અરણ્યમાં પ્રવેશ કરી દક્ષિણ છેડે ૧૭૦ કિ.મી. લાંબી સમુદ્રતટથી ૯૦૦ મીટર ઊંચા પહાડો આગળ જોવા મળે છે. ડાબા હાથે જોર્ડન દેશના અદોમના પહાડો દેખાય

છે. અહીં વરસાદ પડતો નથી. ઉપરથી પડતો વરસાદ તેનું પાણી અહી આવે છે તેથી થોડો ભાગ લીલો દેખાય છે. અહીં જે મોટી નદી પસાર થાય છે તેનાં ઉપર પુલ આવેલો છે તે પુલ પરથી બસ પસાર થઈ આગળ જવાય છે. આ નદી (સીન) કહેવામાં આવે છે. ઈજિપ્તથી કનાન આવતાં જમણી તરફના પહાડો પાછળ સિનાઈ પર્વત દેખાય છે. તેની પાછળ મિસર દેશ આવેલો છે. રસ્તામાં યરેખો શહેર આવે છે. બાઈબલમાં જણાવ્યા પ્રમાણે યહોશુઆ તેમને કનાન તરફ દોરી ગયો હતો. અહીં ઉનાળામાં વેરાન અને સૂકું લાગે છે, શિયાળામાં અહીં પૂર આવે છે. પાણીના ઘસારાથી વહેળા મોટા થયેલા દેખાય છે. ઈલાટ સુધી લાંબો પટ્ટો ડાબી બાજુ અરણ્યનો છે. જ્યારે જમણી બાજુ ખીણનો ભાગ જોવા મળે છે. આગળ જતાં આ રસ્તો સાંકડો થતો જોવા મળે છે. ઉપર ડેડ સી ત્રિકોણનો ભાગ છે. બેરશેબાથી ૧૯૬૭ માં રોડ બન્યો હતો. **ઈઝરાયેલ** અને ઈજિપ્તની સરહદેથી મિસરમાં જઈ શકાય છે. ઈલાટ દક્ષિણ ભાગનો છેડો છે. ઈલાટ એ બંદરનું શહેર છે. ત્યાંથી એક તરફ આફ્રિકા તો બીજી તરફ ભારત જઈ શકાય છે. ઈમ્ફાલનું બંદર અને ઈલાટનું બંદર પુલ જેવું છે. ભારતથી યુરોપ જવા નીકળે તો સુએઝ કેનાલ ક્રોસ કરીને સહેલાઈથી વહાણ નીકળી શકે. જ્યારે સુએઝ કેનાલ બંધ હોય ત્યારે હાઈફા થઈને ફરીને જવું પડે. માટે અહીં પુલ જેવું છે. જેથી જવા આવવામાં સરળતા રહે. આ અર્થશાસ્ત્ર સમજનાર પહેલો માણસ કોણ હતો તે જાણો છો? એ હતો સુલેમાન રાજા. શેબાની રાણી ઈલાટથી આવેલી. ડાબી તરફ જોર્ડનના પહાડોમાંથી સિરિયા થઇ ભારત જઇ શકાય છે. પૂર્વ તરફ હાઈફા અને પશ્ચિમના દેશો તરફ જઈ શકાય છે. રેશમી કાપડ ભારતથી અહીં આવતું હતું. અત્તર મિસર તરફથી આવતું હતું. ધંધા રોજગાર માટે હેરાફેરી આ રસ્તે થતી હતી. બાઈબલના સમયથી અત્યાર સુધીનો રસ્તો આ જ હતો. માટે તેનું મહત્ત્વ બહુ છે. ઘણાં વર્ષોથી આ ભાગમાં સંઘર્ષો થયા તેના માટે આજ મુખ્ય કારણ છે. ૧૯૬૦ પહેલા ઈલાટ જવા એક દિવસ લાગતો હતો પણ અત્યારે ફક્ત ૪ કલાકમાં જ જઈ શકાય

છે. ગાલીલ સરોવરનું પાણી આ તરફ લાવવામાં આવ્યું તેથી ઘણો બધો ભાગ ખેતી માટે ઉપયોગી બન્યો. અને લીલોછમ બનાવવામાં આવ્યો છે જે **ઈઝરાયેલની** મહેનતનું ફળ છે.

**તિમ્ના શહેર :**

લાલ રંગના જે પહાડો દેખાય છે તે આ શહેરના છે. અહીંથી સુલેમાન રાજા યરૂશાલેમના મંદિર માટે તાંબુ લાવતો હતો. લીલા રંગની જવેલરી અહીંથી મળતા પત્થરમાંથી બનાવવામાં આવે છે. અકાબા શહેર અહીંથી ડાબી તરફ આવેલું છે. ત્યાંથી ૧૦ કિ.મી. પછી સાઉદી અરેબિયા આવેલું છે. તે દૂરથી જોઈ શકાય છે. ત્યાં જવા માટે વિસા લેવો પડે છે. અત્યારે માત્ર ૪ કલાકના સમયગાળામાં મિસરની હદમાં આવી શકાય છે. જે મૂસાના સમયમાં ૪૦ વર્ષ લાગેલા. ડાબી બાજુ લીલા ઝાડ અને વેલી દેખાય છે તે અકાબા ગામ છે. જે જોર્ડનનું ગામ છે. ૧૯૯૪ માં આ સરહદ દુશ્મન દેશની ગણાતી હતી પણ શાંતિ કરાર થવાથી હાલમાં તેને શાંતિની બોર્ડર ગણવામાં આવે છે. ઈરાન અને ઈરાકની લડાઈ થઇ ત્યારે અકાબા પોર્ટ છે જેમાં ઈરાકી લોકો પણ આ પોર્ટનો ઉપયોગ કરી શકતા હતા. ઈલાટ ૧૯૪૮માં એક મકાન હતું. હાલમાં અત્યારે સિત્તેર હજાર માણસની વસ્તીવાળું આ શહેર બની ગયું છે. યુરોપના દેશોમાંથી આવતા ૪ કલાક લાગે છે. ઉનાળુ વાતાવરણ હોવાથી દરિયાના રંગબેરંગી જીવો જોવા મળે છે. પરદેશમાં ઠંડક હોય ત્યારે બધા અહીં આવી જાય છે. પરદેશના લોકો માટે ઈલાટ જાણીતી જગ્યા છે. ફક્ત ૫૪ વર્ષમાં આ બધી પ્રગતિ જોવા મળી છે. એકબાજુ જોર્ડન, બીજી તરફ ઈજિપ્ત અને ત્રીજી બાજુ દરિયો જોવા મળે છે. અહીના દરિયામાં રંગબેરંગી માછલીઓ જોવા મળે છે. ડાબીં બાજુ જોર્ડનનાં મકાનો છે. અહીં **ઈઝરાયેલના** માણસો આવીને રહે છે અને પછી પાછા જતા રહે છે. ઈલાટનું એરપોર્ટ જોવા જેવું છે. ઈલાટ પણ ખૂબ જ સુંદર શહેર છે. અહીં અમેરિકન હોટલ ખૂબ સુંદર છે. ઈજિપ્ત જતા પ્રવાસીઓ અહીં રાત્રી રોકાણ કરે છે અને બીજા દિવસે મિસર તરફ પ્રયાણ કરે છે.

**મસાદાના કિલ્લાની વાત :**

આ કિલ્લામાં બંદીવાસ કરાયેલા ૯૬૭ માણસો રહેતા હતા. એમની માન્યતા એવી હતી કે બીજાના હાથે પરાજિત થઈને મરવા કરતાં જીવતા મરી જઈએ એટલે સામૂહિક રીતે મરવાનું નક્કી કર્યું. અને એમ એક માણસ બીજા માણસને મારી નાંખે અને જે છેલ્લો રહે તે પોતે આત્મહત્યા કરીને મરી જાય એમ નક્કી કર્યું. બીજા દેશનું સૈન્ય એમને ક્રૂર રીતે મારી નાંખે એના કરતાં પોતાના દેશની ખાતર એમના જ માણસો એમને મારે એ વધારે પસંદ કર્યું. આ જગ્યામાં એમને દેશના રક્ષણ માટે મૂકેલા હતા. એનો મતલબ તેઓ ગુલામ ન હતા, માટે તેઓ જાતે મરી ગયા.

**તાબા ઈજિપ્ત બોર્ડર :**

ઈઝરાયેલ દેશની સરહદ પૂરી કરી ઈજિપ્ત જવા માટે અહીં તાબા બોર્ડર પાસે વિસા લઈ ઈજિપ્ત જવા હીલ્ટોન તાબા ગેટથી અંદર જઈ શકાય છે. અહીં બધા પ્રવાસીઓનું ઈમિગ્રેશન થયા બાદ ઈજિપ્તમાં પ્રવેશ કરી શકાય છે. શરૂઆતમાં રસ્તામાં સેન્ટ કેથરીનનો મઠ આવે છે.અહીંયા સિનાઈ પેનીલ્સીયામાં થઇ આગળ માઉન્ટ સાઈનાઈટ પર્વત પાસે જઈ શકાય છે. આ પર્વતની તળેટીમાં કેથરીનનો મઠ આવેલો છે. મૂસાના સમયમાં આ આખો વિસ્તાર વચનના દેશ તરીકે ગણાતો હતો. બાઈબલમાં જણાવ્યા પ્રમાણે મૂસા એના સસરા સાથે ૪૦ વર્ષ સુધી આ વિસ્તારમાં રહ્યો હતો. અને લોકોને મિસર દેશની ગુલામગીરીમાંથી છોડાવવાનું વચન આપ્યા પહેલાં મૂસા આ વિસ્તારમાં ૪૦ વર્ષ રહ્યો હતો. સિનાઈ ઈજિપ્ત દેશ માટે પૂર્વનો ભાગ મહત્ત્વનો છે. આ ભાગ તે સમયમાં જીત માટે મહત્ત્વનો ભાગ ગણાતો હતો. ફારૂનના સમયથી હિત્તી લોકો અહીંથી પ્રવેશ પામ્યા હતા. મહાન સિકન્દર પણ જીત મેળવવા સિનાઈ પર્વતથી આવ્યો હતો. આનું ક્ષેત્રફળ ૧૨ લાખ ચો.મી. છે. અહીંની વસ્તી તે સમયે ૬ કરોડ ૭૦ લાખ ઈઝરાયેલીઓની હતી. ઈજિપ્તની મૂળ ભાષા અરેબિયન છે. અંગ્રેજી ભાષા પછી અરેબિક ભાષા

બોલાય છે. તેને ઈજિપ્શીયન બ્રાઉન પણ કહેવાય છે. અહીંનું નાણું ૧ ડોલર બરાબર સાડા ચાર ઈજિપ્શિયન પાઉન્ડ મળે છે. મુસ્લિમ લોકોએ જીત મેળવ્યા પછી ઈજિપ્તનું પાટનગર કેરો બની રહ્યું છે. ઈ.સ. ૬૪૮મા ઈજિપ્ત ક્રિશ્ચિયન હતું. ત્યાર પછી મુસ્લિમ દેશ બની ગયો. સેન્ટ કેથરીન જવા માટે અઢી કલાકનો સમય લાગે છે. કારણ કે રસ્તાં વાકાંચૂંકા, ચઢાવવાળા છે. તેથી સમય ઘણો લાગે છે. ડાબા હાથે રેડ સી એટલે કે રાતો સમુદ્ર છે. અહીં અકાબાનો દ્વીપ છે. તેને અકાબાનો અખાત કહેવામાં આવે છે. આગળ સુએઝ કેનાલનો અખાત આવે છે. ડાબી તરફના પર્વતો જોર્ડન દેશના પર્વતો છે. ૫૦ કિ.મી. સુધી અરેબિયાના પર્વતો જોવા મળે છે. સેન્ટ કેથરીનના મઠ પાસે મૂસાના બળતા ઝાડવાનું ચર્ચ જોવા મળે છે. આ મઠ ગ્રીક ઓર્થોડોકસનો કહેવાય છે. ઈજિપ્તમાં કોપ્ટીકનું ખ્રિસ્તીઓનું ચર્ચ નથી. અહીં કોપ્ટીક તથા ક્રોસ જોવા મળે છે. કોપ્ટીકનો અર્થ સાચા અથવા અસલી ખ્રિસ્તીઓ થાય છે. મુસ્લિમો ૬ઠ્ઠી સદીમાં અહીં આવ્યા તે પહેલાં ખ્રિસ્તીઓ અહીં હતા. માટે તેઓ સાચા અથવા અસલી ખ્રિસ્તીઓ કહેવાય છે. ઓર્થોડોકસ ડોકટરીન સિદ્ધાંત અથવા પંથ હતો. ઓર્થોડોક્સ ડોકટરીન પ્રમાણે તેના ત્રણ અર્થ થાય છે. (૧) સિદ્ધાંતનો માર્ગ (૨) રસ્તો (૩) પગદંડી. અગાઉ જેમ જણાવ્યું તે પ્રમાણે ઈજિપ્તની વસ્તી ૬ કરોડ ૭૦ લાખ હતી તેમાં ૪ ટકા મુસ્લિમો છે. મેજોરિટી ખ્રિસ્તીઓ એમાં પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓ છે. તેમાં એંગ્લિકન પ્રોટેસ્ટંટ અને કેથલિક બધા આવી જાય. અહીંના ઓર્થોડોકસ ખ્રિસ્તીઓ ચુસ્ત છે. શુક્રવારે અને રવિવારે ફરજિયાત ચર્ચમાં જાય છે. ૧૯૬૭ થી ૭૩ સુધી કિંગનાશર અહીંના પ્રેસિડન્ટ હતા. ત્યાં સુધી **ઈઝરાયેલનો** કબજો તેમના હાથમાં હતો. તેઓ એક રાજવંશી ગણાય છે. છેલ્લા રાજા ફારૂક હતા. ૧૯૭૩ પછી સદામ હુસેને શાંતિ કરાર કર્યા. ૧૯૭૯ના સેન્ટ ડેવિડ પાસે શાંતિકરાર કર્યાં. ૬ ઓકટોબર ૧૯૮૧ માં કરાર પછી ૨ વર્ષ પછી તેમને મારી નાખવામાં આવ્યા. સિનાઈ પર્વતમાં ભટકતા ભરવાડો ફરે છે. તેમને બેદૂઈન પણ કહેવામાં આવે છે. આપણા પિતૃઓ

જેમ રાવટી અને તંબુમાં રહેતા હતા તેમની માફક આ ભરવાડ લોકો પણ સિનાઈની આસપાસ તંબુ અને રાવટીમાં રહેતા જોવા મળે છે. સિનાઈ બે ભાગમાં વહેંચાયેલું છે. ઉત્તરે સુએઝ અને દક્ષિણે......ભાગ કહેવાય છે. **ઈઝરાયેલી** સરકાર સાથે શાંતિકરાર કર્યા બાદ ૧૦ વર્ષ પહેલા સદાકના સ્થાને આજના હુસ્નમુબારક પ્રેસિડન્ટ છે. તેમણે આ ભાગ જીતી લીધા પછી ઈજિપ્ત તેમના કબજામાં છે. જ્યાંથી આપણે જોતા આવ્યા તે આખો વિસ્તાર અત્યારે હુસ્નમુબારકની હકૂમતમાં ગણાય છે. અહીં આગળ સાપ, વીંછીં, ઊંટ જોવા મળે છે. આ વિસ્તાર હુસ્નમુબારકે ટૂરિઝમ માટે ખૂબ વિકસાવ્યો છે. આજુબાજુ હોટેલો વિકસાવી તેમાં દર વર્ષે ૧૦ લાખ પ્રવાસી આ સિનાઈ પર્વત પર જોવા આવે છે. અહીં "સરમિલ્કેસ" શહેર જોવાલાયક છે. પ્રવાસીઓ અહીં આવે છે અને અહીંના પાણીમાં ડૂબકીઓ મારે છે તથા આનંદ પ્રાપ્ત કરે છે. અહીં ડ્રેસ પહેરીને જળચર પ્રાણીઓ જોઈ શકાય છે. જેનાથી પ્રવાસીઓને આનંદ મળે છે. અહીંનું પાણી ચોખ્ખું છે. અહીં લાલ સમુદ્રમાં ભેળસેળ નથી. સાથે ફારૂનનું મંદિર અને બીજા જોવાલાયક સ્થળો છે.સુએઝ પાસેથી તેલનો વિપુલ જથ્થો મળ્યો હોવાથી **ઈઝરાયેલ** એનો કબજો છોડતું ન હતું. તે તેની પાસે રાખવા માંગતું હતું. સિનાઈ પર્વતમાં પાષાણ, સોનું, તાંબું, ટોપાઝ, પત્થરો આ ભાગમાંથી મળી આવે છે. તેથી આ વિસ્તારની કિંમત ઘણી વધી જાય છે. સિનાઈ પ્રાંત ધગધગતો પ્રદેશ ગણાય છે. સિનાઈ પર્વતમાંથી કિંમતી પત્થરો મળે છે માટે ઈજિપ્ત આના માટે પ્રખ્યાત છે. અહીંના ભરવાડો પોતાના પશુઓ સાથે રહે છે. તેઓ બેદુઈન લોકો સાથે તંબુમાં જ સાથે સમૂહમાં રહે છે. અહીં ખ્રિસ્તી બેદીન જોવા મળશે નહી પણ મુસ્લિમ બેદુઈન જોવા મળે છે. તેઓ એકસાથે ૪ પત્નીઓ રાખી શકે છે. કારણ કે કુરાનનો કાયદો એવો છે. કેટલાક બેદુઈન મુસ્લિમોને બાળકોના નામની પણ ખબર હોતી નથી. આ લોકો લગ્ન કેવી રીતે કરે છે તે જાણવા જેવું છે. તેમની જાતિના વડીલ હોય છે. પોલીસ છે પણ બેદુઈન લોકો ત્યાં જતા નથી. પણ તેમના આગેવાનો પાસે તેમનો ઉકેલ મેળવી લે છે. અને અંદરોઅંદર લગ્ન કરી લે છે.

કોઈક વાર અહીંની સ્ત્રીઓને પતિ મેળવવો મુશ્કેલ હોય છે. આવી સ્ત્રીઓ તંબુ પર સફેદ ઝંડો લગાવે છે. એનો અર્થ એ કે આ સ્ત્રીને પતિની જરૂર છે. અને હું લગ્ન માટે તૈયાર છું, સંપૂર્ણ છું. હવે આ લોકો પણ આના માટે જાણીતા બન્યા છે. અહીંના લોકો ઊંટ પર સફારીમાં ફરવા માટે પ્રવાસીઓને લઈ જાય છે. ઈજિપ્તની વાર્ષિક આવક ૨૭ ટકા જેટલી પ્રવાસીઓ મારફતે મળે છે. સેન્ટ કેથરીનના મઠનું જૂનું નામ બળતા ઝાડવાનો મઠ પણ કહેવાય છે. શા માટે? કેમ કે મૂસાને કહેવામાં આવ્યું હતું કે તું જે જગ્યાએ ઊભો છે તે જગ્યા પવિત્ર ભૂમિ છે. આજે પણ બળતું ઝાડવું આ મઠની અંદર જોવા મળે છે. ૨૯૬મા આલેકઝાન્ડ્રિયામાં જન્મેલી કેથરીનના નામ પરથી આ મઠનું નામ સેન્ટ કેથરીન મઠ બન્યું છે. એક વિદેશી બહેન ખાનદાન નબીરા તરીકે સેવા આપતાં ૧૪ વર્ષનાં થયાં. સિરિયાના સાધુના હાથ નીચે તેઓ ઊછર્યા. અને ખ્રિસ્તી બન્યાં. તેઓ ખૂબ ભણેલા હતાં. તેઓ ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ગણિત, બધા જ વિષયોમાં ખૂબ પારંગત હતાં. તેમના પિતાએ જાણ્યું કે છોકરી ખ્રિસ્તી બની રહી છે ત્યારે તેઓ ખૂબ ગુસ્સે થયા. તે સમયે પીઝાન્ટીન રાજ્ય હતું. કેથરીનના પિતા પાસેથી આ બધું તેણે જાણ્યું હતું. આ રાજાએ તેમની દીકરીને લઈને રાજમહેલમાં હાજર થવા જણાવ્યું. તેથી તેઓ કેથરીનને લઈને પીઝાન્ટીનના રાજમહેલમાં ગયા. અને રાજાએ કેથરીનને પૂછયું કે ઈસુ કોણ છે? અને કેથરીને જવાબ આપ્યો કે સ્વર્ગમાં જવાનો એક મુખ્ય માર્ગ અને દરવાજો તે ઈસુ છે. આ સાંભળી રૂમી અધિકારી ગુસ્સે થયા. કારણ કે રૂમી અધિકારીઓ અને આગેવાનો સાથે કેથરીનને આના વિશે ચર્ચા કરવા આમંત્રણ આપ્યું. ઘણા કલાકો સુધી વાતચીત અને ચર્ચા બાદ એવી રજૂઆતો ઈસુ વિશે કેથરીને કરી કે આ એકલી બહેને ૫૦ જણને વટલાવ્યા અને તેઓને ખ્રિસ્તી બનાવી દીધા. આથી રૂમી રાજા ગુસ્સે ભરાયો. અને તેનું માથું કાપી નાખવાનો વિચાર કર્યો. અને એનો વધ કરાવી નાખ્યો. પણ એનું શરીર આ બનાવ પછી અદૃશ્ય થઇ ગયું. અને કેથરીનના મરણના ૨૫૦ વર્ષ પછી તેનું દર્શન જોવા મળ્યું. મૂસાનો જે પર્વત છે તેની બાજુમાં બીજા

પર્વત પરથી આ કેથરીનનું શરીર દેખાતું હોય એવું તેઓએ જોયું. તેથી તેઓ ત્યાં ગયા અને શોધી કાઢ્યું કે ૬ઠ્ઠી સદીમાં અહીં તેનું પૂતળું મૂકવામાં આવ્યું હતું અને અત્યારે પણ આ પૂતળું ત્યાં છે. તેથી આ મઠનું નામ સેન્ટ કેથરીન મઠ રાખવામાં આવ્યું છે. ૬ઠ્ઠી સદીમાં જસ્ટીનિયનનો મઠ અથવા બળતા ઝાડવાનો મઠ કહેતા હતા. ત્યાર પછી તેને સેન્ટ કેથરીનના નામના મઠથી આજે પણ ઓળખવામાં આવે છે.

**સિનાઈ પર્વતની તળેટી :**

સિનાઈ પર્વતની તળેટીમાં રોસ્ટેરિયન રોમન બાદશાહે આ મઠ બાંધ્યો હતો. ઈ.સ. પૂર્વે ૧૨૯૦ માં મૂસા અહીં હતો. મૂસા સિનાઈના અરણ્યમાં ફરતો હતો. આ વિસ્તારને મિદ્યાન કહેતા હતા. મિદ્યાનનો મુખ્ય યાજક યિથ્રો હતો. તેને સાત દીકરીઓ હતી. તેઓ આ સિનાઈના અરણ્યમાં ઘેટાં બકરાં ચરાવતી હતી. તેમને અહીંના બેદૂઈન લોકો હેરાન કરતા હતા. આ દ્રશ્ય મૂસાએ જોયું અને મૂસાએ બેદૂઈન લોકોને મારીને ભગાડી મૂક્યા. એટલે આ છોકરીઓએ મૂસાની બહાદુરી જોઈ તેઓ મૂસાના પ્રેમમાં પડી અને મૂસાને તેના બાપ યિથ્રો પાસે લઈ ગઈ. અને બધી વાત તેમણે તેના પિતાને જણાવી. અને તેની સારી વાત કહી. તે સમય દરમ્યાન મૂસાને અહી આ જગ્યામાં જ પ્રભુનું દર્શન થયું અને કહ્યું કે તું મારા લોકને છોડાવી લાવ. મૂસાને જે આજ્ઞા આપી હતી તે વાત નિર્ગમનના પુસ્તકમાં જોવા મળે છે. નિર્ગમનનો અર્થ તારણ પ્રાપ્ત કરવું અથવા પાપની ગુલામગીરીમાંથી છોડાવી લાવવા થાય છે. ચોથી સદીમાં કોન્સ્ટન્ટાઈન આવ્યો. તેણે ખ્રિસ્તી ધર્મને રાજધર્મ બનાવ્યો. ઈ.સ. ૬૨થી ખ્રિસ્તી ધર્મ ઈજિપ્તમાં હતો. સંત માર્ક અહીં આવ્યો હતો. તેણે અહીંના લોકોને સુવાર્તા આપી હતી અને એની મારફતે ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયો હતો. ત્યારથી ઈજિપ્તમાં ખ્રિસ્તી ધર્મની શરૂઆત થઈ. રોમન ત્રાસથી બચવા ફાધરો રોમથી અહીં આવીને વસ્યા હતા. અહીં ૪ પ્રકારના સાધુ આ મઠમાં રહેતા હતા. આ સાધુઓ અંદરોઅંદર એકબીજાને હેરાન કરતા હતા. આ મઠમાં હેલીના આવ્યા. તેમને એક વિનંતી કરવામાં

આવી અને તેમને સાધુઓના ત્રાસથી બચવા એક મઠ બાંધી આપવામાં આવ્યો. સાથે એક ચર્ચ પણ બાંધવામાં આવ્યું. તેને હેલીનાનું ચર્ચ કહેવામાં આવે છે. ત્યાર પછી સંત પિટરે પહેલું ચર્ચ અહીં બંધાવ્યું હતું. પાછળથી મઠ અને દેવળ સાથે જોડી દેવામાં આવે છે. જેમ અગાઉ જોયું પર્વત પર હેલીનાના દર્શનવાળા સ્થળે ચર્ચ બાંધ્યું. મોનાસરીમાં પુસ્તકો અને કોપીઓ જોવા મળે છે તે રોમમાંથી લાવવામાં આવ્યા હતા. દુનિયાભરની લાયબ્રેરી અહીં જોવા મળે છે. અહીં બે લાયબ્રેરીઓ જોવા મળે છે. ૧. બળતા ઝાડવાના સ્થળ પાસે અને ૨. જે કૂવા આગળ દબોરાહ પાણી ભરતી હતી ત્યાં બીજી લાયબ્રેરી જોવા મળે છે. બળતા ઝાડવાના બી લઈને બીજા દેશોમાં લોકોએ આ ઝાડ ઉગાડવા પ્રયત્ન કર્યો પણ તેઓ નિષ્ફળ ગયા. વર્ષોથી આ બળતું ઝાડવું આજે પણ લીલુંછમ જોવા મળે છે.મરિયમની વાત તેની પવિત્રતા આ બળતા ઝાડવા સાથે મળતી આવે છે. તેને મરિયમના કુંવારાપણાં સાથે સંબંધ છે.જસ્ટીનિયને જે ચર્ચ બાંધેલું તેનું જન્મસ્થળ ૧૮મી સદીમાં ખલીફે પાછળ મસ્જિદ બાંધી દીધી હતી. કેટલાક સમય સુધી અત્યાચાર કરી ઘણાં ખ્રિસ્તીઓને અહીં મારી નાંખ્યા હતા. આજના ઈજિપ્તમાં ખ્રિસ્તી, મુસ્લિમ હળીમળીને રહે છે. અત્યારે અહીં ભાગ જેવું નથી. અહીં સુન્ની મુસ્લિમ જોવા મળે છે.શિયા નહીં. મૂસા જે કૂવાએ દબોરાહને મળેલો તે જગ્યા અહીં જોવા મળે છે. મૂસા યિથ્રોની ૭ દીકરીઓને મળેલો તે જૂનો પુરાણો કૂવો જોવા મળે છે. ઈ.સ. પૂર્વે ૧૨૯૦ પહેલા બનેલો બનાવ તેનો પુરાવો આ કૂવો છે. આ ૭ બહેનો અહીં રમત કરતી હતી અને વહેલાં લગ્ન કરવા માટે આ કૂવા પાસે આવતી હતી.

**ક્રિશ્ટીનિયન ચર્ચ :**

એસ્ટીયલના રાજવંશીએ ૫૨૫ માં આ ચર્ચ બાંધ્યું હતું. ચોથી સદીમાં બાંધેલું આ ચર્ચ  એક એન્જિનિયરે શોધી કાઢ્યું. હેલીનાએ જે રીતે ચર્ચ બાંધેલું  એ જ રીતે રોમન લોકો પણ ચર્ચ બાંધે છે. પ્રથમ મુખ્ય હોલ, પાયો, દીવીનો ભાગ અતિ પવિત્ર હોય છે. કોમ્યુનિયન વિધિ

સામાન્ય લોકો પણ જોઈ શકે એ રીતે હોય છે. આ ચર્ચમાં ૧૨ પિલ્લર જોવા મળે છે. તે ૧૨ શિષ્યો દર્શાવ્યા છે. આ પિલ્લરો પર દરેક શિષ્યનું ચિત્ર દોરવામાં આવ્યું છે. તે પ્રભુના સંતની યાદ માટે એ ચિત્ર દોરેલું છે. આ ચર્ચમાં વાળ આકારનું ઓરિજીનલ છાપરું હતું તે તારણનું પ્રતીક બતાવે છે. આ ચિત્ર ૧૮મી સદીનું છે. આ ચર્ચમાં ૨૦૦૦ વર્ષ જૂનાં મૂર્તિ જેવા પૂતળાં દાટવામાં આવ્યાં છે. આ એક જ ચર્ચ એવું છે કે ક્રોસની પાછળ કમાન દર્શાવવામાં આવી છે જેમાં ઈસુનું રૂપાંતર, પહાડ, મૂસાને એલિયાહ અને પિતર, યાકૂબ અને યોહાન ૩ શિષ્યો સાથેનું ચિત્ર તે જૂનું પુરાણું ચિત્ર છે. સંત કેથરીનનું ઓરિજીનલ કફન પાછળ મૂકવામાં આવ્યું છે. ત્યાં સોનાનું કોફીન બનાવ્યું તેમા મૂકવામાં આવેલું છે. આને લેવા રશિયનોએ પ્રયત્ન કરેલો. પણ એમાંથી તેઓ કશું લઈ શક્યા નહી. સંત કેથરીનનું શરીર ઓરિજીનલ છે. તેમાંથી સુગંધી નીકળે છે. આ સોનાની પેટીમાંથી જે સુગંધી નીકળતી હતી તેનું દર્શન મૂસાને થયું હતું. તેના મૂળિયાં પાછળ કેથરીનની પેટી શબ આગળ છે. જસ્ટીનિયને આનો મૂળ દરવાજો બનાવ્યો હતો તે જૂનો છે. અને ક્રૂઝેડરોએ ૧૨ મી સદીમાં નવો દરવાજો બનાવ્યો તે આગળ નવો છે. ખ્રિસ્તીઓના રક્ષણ માટે સાધુ લોકોએ મહંમદને વિનંતી કરી. જેથી રક્ષણ કરવા માટે મોનેસ્ટરી મહંમદના નિયંત્રણ હેઠળ છે. ત્યાં લખવામાં આવ્યું છે કે કોઈએ તેમાં દખલ કરવી નહીં. ૧૭૯૮ માં નેપોલિયન બોર્નાપાટે એક વિભાગનો નાશ કરી હતી તેને ફરી બાંધવા માટે એક ફરમાન બહાર પાડ્યું હતું. અહીં જર્નલ હાઉસમાં બધા સાધુઓનાં હાડકાં સાથે બાળેલાં તે જગ્યા જોવા મળે છે. મારેલા અને કુદરતી રીતે મરેલા બધાને આ જગ્યામાં દફનાવવામાં આવેલાં છે. તેનાં હાડકાં જોવા મળે છે. અહીં જમીન ખોદવામાં આવતી નથી. માટે તેના હાડકાં અહીં ભેગા કરેલાં છે.બાઈબલ કહે છે તે પ્રમાણે માણસના દિવસો ગણેલા છે. આ પર્વત પર ૩૫૦૦ પગથિયાં છે. આ પગથિયાં ચઢીને ટોચ ઉપર મૂસાના ચર્ચે જઇ શકાય છે. જતા એક દિવસ લાગે. અહીંના માણસો એમના ઊંટ પર લઈ જાય અને પાછા લાવે તેના તેઓ મહેનતાણા પ્રમાણે ૪૦ ડોલર લે છે.

## ઈજિપ્ત (કેરો) :

ઈજિપ્તની વસ્તી એક કરોડ સિત્તેર લાખની છે. ઈજિપ્તનું કોટન વખણાય છે. તેમાંથી શર્ટ અને ટીશર્ટ બનાવવામાં આવે છે. ઉપર ઈજિપ્તની ભાષામાં છાપવામાં આવતાં લખાણો અને પોસ્ટરો એ અલગ પ્રકારનાં હોય છે. દરેક પ્રવાસી યાદગીરી માટે અહીંથી કપડા ખરીદતા હોય છે. શર્ટ અને ટીશર્ટ પર દરેક વ્યક્તિનું નામ લખી આપતા હોય છે. અહીંનું સોનું ૧૮ કેરેટનું હોય છે. તેમાં "મેક્સ" નામનું નિશાન આપવામાં આવેલ છે. તેનું ચિત્ર લીટીમાં આપવામાં આવેલું હોય છે. આ એક ઈજિપ્તની આગવી કળા છે. અહીંના શર્ટ ૬ થી ૧૦ ડોલરમાં મળે છે. અહીંનું ચામડું પણ વખણાય છે. તેથી તેમાંથી બનતી જીવનઉપયોગી ચીજવસ્તુઓ સારી મળે છે. જેવી કે ચંપલ, બૂટ અને ચામડાનાં જેકેટ પણ સારા મળે છે.

## સુએઝ કેનાલ :

અત્યારે આપણે મુસાફરી કરતા એશિયા ખંડમાંથી આફ્રિકા ખંડમાં પ્રવેશ્યા છીએ. મધ્યપૂર્વમાંથી આ ભાગમાં આવી ગયા છીએ. આફ્રિકા ખંડનું સૌથી મોટામાં મોટું શહેર કેરો છે. ઈજિપ્ત ઉત્તર - પૂર્વ ભાગમાં આવેલું છે. દુનિયાનું સેન્ટર ઈજિપ્ત છે.બ્રિટિશરોએ ૭૦ વર્ષ સુધી ઈજિપ્તને તેમના કબજામાં રાખ્યું હતું. તેનું મુખ્ય કારણ એ હતું કે સુએઝ નહેરને કારણે જે તે સરકારને ખૂબ આવક થતી હતી. કારણ કે આ કેનાલમાં દરરોજના હજારો નાનાં મોટાં વહાણો પસાર થતાં હતાં. અને તેમાંથી ઘણી આવક ટેક્ષના રૂપમાં જે તે સરકારને મળતી હતી.અને એટલે જ બ્રિટિશરોએ લાંબા વર્ષો સુધી ઈજિપ્ત પર કબજો જમાવ્યો હતો. અહીંના સહારાના રણમાં ઈજિપ્તના પિરામિડો આવેલા છે. **ઈઝરાયેલ** સાથે ઈજિપ્તના મૃત્યુ પામેલા લોકોની યાદમાં જમણા હાથે એક સ્મારક છે. સામે સુએઝ અખાત પણ દેખાય છે. અહીંની મોટામાં મોટી પેટ્રોલિયમ માટેની રિફાઈનરી ડાબા હાથે જોવા મળે છે. ઈજિપ્ત જતાં પહેલાં ૧૫૦ કિ.મી. ના અંતરે આ રિફાઈનરી આવેલી છે. તાબાથી

૧૮૦ કિ.મી. ના અંતરે અંદર સિનાઈ પર્વત આવેલો છે. અને ત્યાંથી ૪૫૦ કિ.મી. ના અંતરે કેરો આવે છે. એટલે લગભગ ૬૫૦ કિ.મી. ના અંતરની મુસાફરી કરીને **ઈઝરાયેલથી** ઈજિપ્ત જઈ શકાય છે. આ રસ્તે પસાર થતાં સુએઝ કેનાલ આગળ જમણે અને ડાબી બાજુ જે ટનલ આવેલી છે તે હાલમાં સીલ કરવામાં આવી છે. પહેલાં આ ટનલ ખુલ્લી હતી જેથી પ્રવાસીઓને સુએઝ કેનાલ જોવાનો લાભ મળતો હતો. અત્યારે એ શક્ય નથી. જમણા હાથે ભૂમધ્ય સમુદ્ર અને ડાબે હાથે રાતો સમુદ્ર જોવા મળે છે. સુએઝ કેનાલ ઈ.સ. ૧૮૬૯ માં બનાવવામાં આવી હતી. આ કેનાલની લંબાઈ ૧૯૦ કિ.મી. છે. તેની ઊંડાઈ ૨૩ મીટર એટલે લગભગ ૮૦ ફૂટ થાય છે. તેની પહોળાઈ ૪૦૦ મીટર એટલે કે લગભગ ૧૩૦૦ ફૂટ જેટલી થાય છે. આનું પાણી કોઈ જગ્યાએ બંધ રાખવાનું શક્ય નથી. આનો પ્રવાહ ૨૪ કલાક સતત વહ્યા કરે છે. આનું બાંધકામ એક રાજવી કુટુંબ તરફથી કરવામાં આવ્યું હતું. આ સુએઝ કેનાલ બાંધવામાં નીગરેલી ઈટાલિયન એન્જિનિયરે બહુ જહેમત કરી હતી. ભૂમધ્ય સમુદ્ર અને લાલ સમુદ્રનું લેવલ સરખું હોવાથી આવી વિશાળ કેનાલ બાંધી શકાય છે. જ્યારે સિનાઈ કબજે કરવામાં આવ્યું ત્યારે ૭ વર્ષ સુધી આ કેનાલ રહી હતી. એનો કબજો **ઈઝરાયેલ** સરકાર લઈને બેઠી હતી. પછી સિનાઈ ઈજિપ્તે જીતી લીધું એટલે ઈઝરાયેલ સરકારે આ કેનાલ ૭ વર્ષ સુધી બંધ રાખી હતી. પછી પ્રેસિડન્ટ સદાતે તેને ખુલ્લી મૂકી હતી. અત્યારે આ કેનાલ મિલિટરી ઝોનમાં ગણાય છે. ૧૯૮૦માં બ્રિટન, લંડન અને ઈજિપ્તના સહયોગથી આ બાંધવામાં આવી હતી. તેનું નામ અહમદ હેનરી ટનલનું ૨ કિ.મી. સુધી રાખવામાં આવ્યું હતું પરંતુ ૧૯૭૩ માં **ઈઝરાયેલના** યુદ્ધમાં તેમને મારી નાખવામાં આવ્યાં હતાં તેથી તેમનું નામ જાળવવા ઈજિપ્ત સરકારે ૨ કિ.મી. સુધી તેનું નામ અહમદ ટનલ રાખ્યું હતું. આ ટનલને બાંધતાં ૫ વર્ષ લાગ્યા હતા. એને બાંધતા ૧૮૦ મિલિયન ડોલર ખર્ચ થયો હતો. અત્યારે આપણે જ્યાંથી પસાર થઈ રહ્યા છીએ તે સુએઝ કેનાલનું પાણી આપણી ઉપર છે અને

તેનાથી ૨૪ મીટર નીચે આપણી ગાડી પસાર થઈ રહી છે. આ એક બહુ વ્યૂહાત્મક પોઈન્ટ છે. એક બાજુ સિનાઈ એ એશિયા ખંડમાં ત્યાર પછી ઈજિપ્ત આફ્રિકા ખંડમાં આ બે ખંડોને જોડતી આ ટનલ છે. અહીંના જે પુલ છે તે મોબાઈલ જેવા છે. અત્યારે આપણે એશિયા ખંડને ગુડબાય કહી આફ્રિકા ખંડમાં પ્રવેશીએ છીએ. ડાબી બાજુ સુએઝ ગામ છે અને જમણી બાજુ કેરો તરફ જઈએ છીએ. અહીયા અત્યારે નાના રોડ પરથી પસાર થઈ રહ્યા છીએ પણ ૨૦ કિ.મી. પછી કેરો તરફ જવા હાઈ-વે રોડ આવશે.

**સુએઝ કેનાલનો ઉપયોગ અને ફાયદા :**

આ કેનાલમાંથી દરરોજનાં કેટલાંય વહાણો યુરોપથી આવે છે તેમ જ એશિયામાંથી જતા વહાણોની કસ્ટમ ડ્યુટી અહીંયા એકઠી કરવામાં આવે છે. તેમાંથી પુષ્કળ આવક ભેગી થાય છે. અમેરિકાને યુરોપથી એશિયા તરફ વહાણ લઈ જવું હોય તો અંતર ઘણું ઓછું થઈ જાય છે. દુનિયાના બધા ભાગોનો મુખ્ય પોઈન્ટ સુએઝ કેનાલ છે. આ કેનાલ બન્યા પછી ત્રણ નવાં શહેરો બન્યાં. સુએઝ કેનાલમાંથી કસ્ટમમાંથી જે નાણાંની આવક થાય તે ઈજિપ્તને ફાયદાકારક છે. આખી દુનિયામાંથી માલસામાનની હેરાફેરી વહાણ મારફતે આ કેનાલમાંથી કરવામાં આવે છે. જેથી મિસરમાં વિનિમય કરવો ખૂબ જ શક્ય અને સહેલું બની ગયું છે. આ કેનાલમાં ૨૪ કલાક સુધી વહાણોની અવરજવર થાય છે. અગાઉ જણાવ્યું તેમ બે દરિયા વચ્ચેનું લેવલ એકસમાન હોય એ ખૂબ અજાયબ વાત કહેવાય. જો કોઈપણ આરબ દેશને ઓઈલ પહોંચાડવું હોય તો વહાણ મારફતે મોકલવામાં આવે છે અને એનો સીધો ફાયદો ઈજિપ્તને થાય છે. ઈજિપ્તનો ૯૪ ટકા ભાગ અરણ્ય છે. અહીં વરસાદ ખૂબ ઓછો પડે છે. ફક્ત ૬ ટકા ભાગ નાઈલ નદીની આસપાસ જોવા મળે છે. ત્યાં થોડું વાતાવરણ ખુશનુમા અને સારું લાગે છે. અહીંના મુખ્ય પાકોમાં ઓલિવ વૃક્ષ અને તડબૂચ ઉગાડવામાં આવે છે.નાઈલ નદીના ભાગમાં જે ખીણ છે ત્યાં ઘઉં અને ફળફળાદિ પુષ્કળ પ્રમાણમાં થાય છે. મિસરનું

કોટન દુનિયાભરમાં પ્રખ્યાત છે. અહીંનો મુખ્ય પાક કપાસનો છે. અહીંની સરકારે ૧૦ વર્ષમાં ખૂબ સારી પ્રગતિ કરી છે. તેના પ્રેસિડન્ટ હુસ્ન મુબારક છે. તેમની આગેવાની હેઠળ એમની સરકારે લોકોને ખૂબ સંતોષ થાય તે રીતનો વહીવટ કર્યો છે. અત્યારે સુએઝ કેનાલને ગુડબાય કહી ઈજિપ્ત તરફ આગળ વધી રહ્યા છીએ. અહીંથી કેરો ૯૦ થી ૧૦૦ કિ.મી. છે. જમણી તરફ આગળ જતા ૯૦ કિ.મી. ના અંતરે સમુદ્રના બે ભાગ મૂસાના સમયમાં થયા હતા તે જગ્યા આગળ છે. રાતા સમુદ્રના જે બે ભાગ થયા હતા ત્યાં ભૂમધ્ય સમુદ્ર મળે છે.

**કેરો :**

કેરોને સૂર્યનું શહેર પણ કહેવામાં આવે છે. આલ્ફ્રેડના ઘરની નજીક ૨૦ લાખ લોકો રહે છે. આ વિસ્તારને સુબ્રા કહેવામાં આવે છે. અહીંયા કીડીયારાંઓની માફક માણસો ઊભરાતા જોવા મળે છે. સાથે કાર પણ એવી જ અસંખ્ય પ્રમાણમાં જોવા મળે છે. કોઈ રસ્તા પર ચાલતું દેખાય નહી. જમણા હાથે જે રાજમહેલ છે તે હુસ્ન મુબારકનો મહેલ છે. " મેક્સ" પણ અહીં રહે છે. અહીંના ધનાઢ્ય લોકો એપાર્ટમેન્ટમાં રહે છે. સાથે ફલેટો પણ એમના જ હોય છે. આ ખૂબ જ આધુનિક રીતે બાંધવામાં આવેલા ફલેટો છે. આ નવું કેરો છે. અને બાજુમાં જૂનું કેરો તેમાં સામાન્ય અને ગરીબ લોકો રહે છે. અહીંનું ફૂટબોલ રમવાનું મોટામાં મોટું મેદાન આવેલું છે. એમાં એક લાખ માણસો બેસીને ફૂટબોલની રમત જોઈ શકે છે. આ સ્ટેડિયમ દુનિયાનું મોટામાં મોટું કહેવાય છે. ૧૯૭૩ માં અહીંની વસ્તી ૧૦ લાખ લોકોની હતી. ઈઝરાયેલ સાથે છઠ્ઠી સદીમાં યુદ્ધ થયું હતું. પનોરલા યુદ્ધની યાદ દેવડાવતું આ સ્થળ છે. ઈજિપ્તે **ઈઝરાયેલને** હરાવી સિનાઈ લઈ લીધું હતું. કેરોની રેલવે અન્ડર ગ્રાઉન્ડ છે. તેથી તેને અંડર ગ્રાઉન્ડ મેટ્રો કહે છે. આવી રેલવેને લંડનમાં ટયુબ કહે છે. અહીં મિલિટરી કલબ હોવાથી આ વિસ્તાર ખૂબ જાણીતો છે. આની બીજી પણ રસિક બાબતો આગળ જોવા જેવી છે. અહીં દુનિયાનું મોટામાં મોટું કબ્રસ્તાન આવેલું છે. તેને મરેલાનું શહેર પણ

કહેવામાં આવે છે. આ કબ્રસ્તાનમાં ખલીફાઓ અને સુલતાનોને દાટવામાં આવ્યા છે. ડાબા હાથે જે ઘુમ્મટો દેખાય છે તે બધો જ વિસ્તાર કબ્રસ્તાન છે. કેટલાક ગરીબ લોકો આ કબ્રસ્તાનમાં પણ રહેતા જોવા મળે છે. એટલે મરેલાની સાથે જીવતા પણ રહે છે એવું કહી શકાય. જમણા હાથે સલાદીન શાહની મોટી દરગાહ અને કોટ આવેલા છે. પીઝાનો પિરામિડ બાંધવા અહીંના પર્વતમાંથી પિરામિડ પત્થરો લેવામાં આવ્યા હતા. અત્યારે આપણે જૂના કેરોમાં પ્રવેશ્યા છીએ. એનું નામ આયેશા પણ કહેવામાં આવે છે જે મહંમદ પયગંબરની છોકરીના નામ પરથી આયેશા નામ રાખવામાં આવ્યું હતું. આયેશાની કબર પણ જમણી બાજુના કબ્રસ્તાનમાં આવેલી છે. ડાબી બાજુના કબ્રસ્તાનમાં અકવાડોર પાણી ગુરુત્વાકર્ષણની મદદથી ઉપર જાય માટે સલાઉદીને બંધાવેલી હતી. ઈ.સ. ૬૪૨ માં મુસ્લિમો આવ્યા તેમણે કેરોને રાજધાની બનાવી. મુસ્લિમો સૌ પ્રથમ આવી આ જગ્યા પર તંબુ તાણેલો હતો. હવે આપણે જૂનું કેરો પૂરું કરીને નવા કેરોમાં નાઈલ નદી તરફ મુસાફરી કરી રહ્યા છીએ. નાઈલ નદીના કિનારે ઘણી હોટલો આવેલી છે. એમાંની એક હોટલમાં આપણે ઊતરવાનું છે. સાંજનું સૂર્યાસ્તનું દ્રશ્ય ખૂબ જ રોમાંચક લાગે છે. અહીંનો ખોરાક સારો હોય છે. નાઈલ નદીને મિસીસીપી પણ કહેવામાં આવે છે. દુનિયાભરમાં આ નદી લાંબામાં લાંબી નદી છે તેમ જ પહોળામાં પહોળી છે. આ નદી આફ્રિકાનાં દશ શહેરોમાંથી પસાર થાય છે. આ નદી લોકોનું જીવન કહેવાય છે. અહીંનું પ્રાણી સંગ્રહાલય જોવા જેવું છે.

**ઈજિપ્તના પિરામિડો :**

ઈજિપ્તમાં ૨૬ પ્રાંત આવેલા છે. તેમાં જીજા પ્રાંત પ્રખ્યાત છે. અને જીજાના પિરામિડ પણ પ્રખ્યાત છે. તેમાં કુલ ૧૧૪ પિરામિડ છે. તેમાંથી ૩ ખૂબ જ પ્રખ્યાત છે. આ પિરામિડો ૨૬૮૦ વર્ષ જૂના છે. ઈ.સ. પૂર્વે ૬૭૮માં આ પિરામિડો બાંધવામાં આવેલા હતા. ૯ કિ.મી. પછી આપણે પિરામિડ પહોંચીશું. જ્યારે સુએઝ કેનાલને ખુલ્લી મૂકવામાં આવી ત્યારે આ ભાગનું પણ ઉદઘાટન થયું હતું. ઈ.સ. ૧૮૭૯માં

દુનિયાની ૭ અજાયબીઓમાં "ક્યોસ" પિરામિડ એ અજાયબી ગણાય છે. તાજમહેલ કરતાં પણ વધારે જૂનો આ પિરામિડ છે. આ પિરામિડ એ રાજાની કબરનું સ્મારક છે. આ પિરામિડ નીચે કબર આવેલી હોય છે. જૂના મિસરમાં ૩ રાજ્યો આવેલા છે. ૧. જૂનું રાજ્ય, ૨. મધ્ય રાજ્ય અને ૩. નવું રાજ્ય. જૂના મધ્ય રાજ્યનું પિરામિડ એ કબ્રસ્તાન જ હતા. નવા રાજ્યમાં રાજાઓએ બદલીને પર્વતો ઉપર એમની કબર થાય એવું ઈચ્છયું એટલે પછી નવા કોઈ પિરામિડ બન્યા નથી. રાજા સિવાય બીજા કોઈને પિરામિડોમાં દફનાવવા દેવામાં આવતા નથી. રાજાઓએ બહુ ગુલામી કરાવી હતી એ પણ સાચું નથી. સામાન્ય લોકો રાજાને દેવ જેવા ગણતા. પિરામિડ બાંધવાનું કામ વેઠ પ્રથાથી નહીં પણ પ્રેમથી બનાવવામાં આવ્યા હતા. પિરામિડ સિવાય બીજી બાબતોમાં ગુલામગીરી ખરી પરંતુ આ પિરામિડ સનાતન રહેઠાણ ગણતા હોય રાજા માટે ઈજિપ્તના લોકો માનતા હતા કે પૃથ્વી પરનું જીવન કાયમનું નથી આના પછી પણ બીજું એક જીવન છે તે અનંતકાળનું જીવન છે. પરંતુ રાજાઓ આ વિશે કોઈ દરકાર રાખી નહી. જો એમને બીજા જીવનની ખબર હોત તો પિરામિડો કરતાં એની કાળજી વધારે રાખત. માટે પ્રવાસીઓને મહેલના બદલે ફક્ત કબરો જ જોવા મળે છે.રાજાઓ પણ કબર માટે ઉત્સુક હતા મહેલ માટે નહી. પ્રવાસીઓને આ પિરામિડ જોયા પછી આશ્ચર્ય થાય. કેમ કે એ આખરે તો એ પત્થર જ છે. અહીંયા ૩ મોટા પિરામિડ એકસાથે જોવા મળે છે. અહીંથી એલેકઝાન્ડ્રિયા જતા ૩ કલાક જેટલો સમય લાગે છે. પિરામિડ પાસે ફરતા ફેરિયાઓ પ્રવાસીઓને છેતરવામાં હોશિયાર હોય છે. પ્રથમ પિરામિડ ક્યુરોક્સ રાજાએ બંધાવ્યો હતો. તેને બાંધતા ૨૦ વર્ષ લાગ્યા હતા. તેમાં ૨૩ લાખ પત્થરો વપરાયા હતા. આ પિરામિડની ઊંચાઈ ૧૪૭ મીટર. આ પત્થરોમાંથી કેટલાક પત્થરનું વજન ૨ ટનથી ૧૫ ટન સુધીનું છે. એક લાખ માણસો આ પિરામિડ બાંધવાના કામે લાગ્યા હતા. તે અંદરથી ખૂબ જ મજબૂત છે. આમાં ૧૩ ટનલો આવેલી છે જે કબર તરફ જાય છે. બીજા પિરામિડમાં તેના છોકરાની કબર છે. અંદર ૧ રૂમ ફારૂનની

કબર માટે પણ છે. આ પિરામીડને બાંધવા ૨૧ વર્ષ લાગ્યા હતા. આ પિરામીડ બાંધવા વર્ષમાં ૪ મહિના જ કામ થઈ શક્તું હતું. કારણ કે નાઈલ નદીમાં ઘણી વખત પૂર આવતું હતું. કફેરનના દીકરાના માનમાં આ પિરામીડ બાંધવામાં આવ્યો હતો. તેની ઊંચાઈ ૬૬ મીટર હતી અત્યારે ૬૦ મીટર છે. બીજા ૩ પિરામિડો છે તે રાજાની ૩૫ પત્નીના માનમાં દરેક પિરામિડ બાંધવામાં આવ્યા છે. ઈજિપ્તનો બીજો રાજા રામશેસ હતો. તેને ૨૩ પત્નીઓ હતી. તેના બધા મળી કુલ ૧૬૮ બાળકો હતાં. અમેરિકાને શોધખોળ કરતા આ કબરો મળી આવી છે જે પિરામિડોના નામથી જગવિખ્યાત છે. આખા વિશ્વમાં સહારાનું રણ સૌથી મોટામાં મોટું છે. અહીં ક્લીનીકસનું મોટામાં મોટું સ્ટેચ્યુ આવેલું છે. આ વિશાળ સ્ટેચ્યુ એક જ પત્થરમાંથી બનાવામાં આવેલું છે. તે પિરામિડોની સાથે બનાવેલું હતું. આ સ્ટેચ્યુને કબ્રસ્તાનનો ચોકીદાર કહે છે. આ તેનું આખું એક ધડ છે. એનો આકાર સિંહ જેવો છે. જે રાજાનું માથું કહેવાય છે. પિરામિડ બનાવતા બનાવતા રાજાએ મોટો પર્વત જોયેલો અને એ જોતા એન્જિનિયરને આજ્ઞા કરી હતી કે તું એમાંથી એક મૂર્તિ બનાવ. એ જ મૂર્તિ આ સિંહનું પ્રતીક છે. તે શક્તિ, સામર્થ્ય અને સુખથી ભરપૂર છે. તેનું માથું એ જ્ઞાન સૂચવે છે. આ મૂર્તિને રંગ કરવામાં આવ્યો હતો. અહીંના દરેક મુસ્લિમને મુખ્ય દાઢી હોય છે. આવી જ મૂર્તિ લંડનમાં જોવા મળે છે. સ્ટેચ્યુ એક મૂર્તિ જ ગણાય છે. દશમી સદીમાં અહીંયા ધ્વનિ અને પ્રકાશના શો થતા હતા. બાજુના ભાગમાં મંદિર છે. તેમાં મમી મૂકવામાં આવેલું હતું. મંદિરમાં સુગંધી દ્રવ્યો ભરીને મમીમાં મૂકવામાં આવ્યાં હતાં. તે લગભગ ૪૬૬૦ વર્ષ જૂનું આ પિરામિડ છે. ઈ.સ. પૂર્વે ૨૬૦૦ વર્ષ પહેલાનું આ પિરામિડ છે.

**પરફ્યુમ ફેક્ટરી :**

આ ફેક્ટરી જાણીતી ફેક્ટરી છે. અહીંનો આલ્કોહોલ ચોખ્ખો હોય છે. અસલી કુદરતી ફૂલોમાંથી રસ કાઢીને પરફ્યુમ બનાવામાં આવે છે. અહીં બે ઋતુમાં થતા જુદાં જુદાં ફૂલોમાંથી રસ કાઢવામાં આવે છે.

બન્ને ઋતુનાં ફૂલો ઈજિપ્તમાં ભેગા કરવામાં આવે છે. અને આ ફૂલોને મશીનમાં નાખી તેનો અર્ક કાઢી પ્રોસેસ કરે છે. આમાંથી જુદી જુદી બ્રાન્ડ તૈયાર કરવામાં આવે છે. દા.ત. જાસ્મીન, રોઝ જેવી બ્રાન્ડ અસલી ફૂલોમાંથી તૈયાર કરવામાં આવે છે. મોટાભાગનું પરફ્યુમ યુરોપ અને ફ્રાન્સના દેશોમાં નિકાસ કરે છે. અહીંની ચાર્લી નામની ફલેવરમાં આલ્કોહોલ ભેળવીને તેમના નામથી વેચવામાં આવે છે. આ ફલેવરો ત્રણ ગ્રૂપમાં વિભાજિત છે. પ્રથમ ગ્રૂપમાં સોળ ફૂલોમાંથી બનાવેલ અત્તર એને ગુલાબ કહેવામાં આવે છે. બીજા ગ્રૂપમાં નવ ફૂલોમાંથી ફલેવર બનાવવામાં આવે છે. તેને કમળનું ફૂલ કહેવામાં આવે છે. એમાં એસેન્સનું મિશ્રણ તૈયાર કરે છે. એટલે કે એક અત્તરની ફલેવરમાં પંદર જાતનાં જુદાં જુદાં મિશ્રણ તૈયાર કરવામાં આવે છે. અને ત્રીજા ગ્રૂપમાં એકાવન ઝાડના લાકડામાંથી પાઉડર બનાવવામાં આવે છે અને તેમાંથી જે ફલેવર બને છે તેને સુખડ કહેવામાં આવે છે. મોટાભાગના પરફ્યુમ બીજા ભાગ અથવા પ્રદેશમાંથી આવે છે. યુરોપમાં આ પરફયુમને પોલો કહે છે. અહીંનું ઓગણીસ નંબરનું ફલેવર ડ્રકારનો આર કહેવાય છે. યુરોપેટ્રા તેને પોઈઝન પણ કહે છે. બાવીસ નંબરની ફલેવર સીક્રેટ ફલેવર કહેવાય છે. આ ફેકટરીમાં જુદી જુદી ત્રણસો જાતના અત્તર બનાવવામાં આવે છે. દા. ત. નવ નંબરનું અત્તર કમળના ફૂલમાંથી બનાવવામાં આવે છે.ઈજિપ્તના ૭૦ ટકા લોકો આ ફલેવરનો ઉપયોગ કરે છે.

**પપાઈરસની ફેકટરી :**

આ ફેકટરી ખૂબ જ જાણીતી છે તથા જોવા જેવી છે. છોડ ઉપરથી પીપરાપત્ર કેવી રીતે બનતાં એ જાણવા જેવું છે. પ્રથમ આ છોડની ઉપરનો ભાગ કાપી તેની છાલ કાઢી તેમાંથી દશ પટ્ટી બનાવવામાં આવે છે. વધારાનું પાણી હથોડીથી ટીપીને કાઢી નાખવામાં આવે છે. જેથી એ મજબૂત બને છે. પાણી નીકળી જવાથી છોડમાં ૪૦ ટકા જે મીઠાશ હોય છે તે પાણીમાં ૬ દિવસ રાખવાથી ૩૦ ટકા ઘટી જાય છે. જેથી મીઠાશ ૧૦ ટકા રહે છે. આમાંથી આડી અને ઊભી પટ્ટીઓ કોટન

કપડા નીચે મૂકવામાં આવે છે. પછી તેને પ્રેસ કરવામાં આવે છે. ૬ દિવસ સુધી આ રીતે કરવામાં આવે છે. જે ૧૦ ટકા મીઠાશ રહી, તે તાપ અને કુદરતી રીતે કપડામાં ચોંટી જાય પછી આનું કડક પેપર બની જાય છે. આ રીતે પપાઈરસમાંથી બનેલી જુદી જુદી આઈટમો સ્ટોરમાંથી ૧૦ ટકા ડિસ્કાઉન્ટમાં મળે છે. આની કિંમત ઈજિપ્શિયન પાઉન્ડમાં હોય છે. પપાઈરસમાંથી બનાવેલા ઘણાં ચિત્રો જોવાલાયક અને ખરીદવાલાયક હોય છે. જેવા કે ઈસુનું તેના શિષ્યો સાથેનું છેલ્લા ભોજનનું ચિત્ર. વધસ્તંભ પર ઈસુ ટીંગાયેલા હોય તેવું ચિત્ર. અને યુસફ તેની પત્ની મરિયમને ખોલકા પર બેસાડીને બેથલેહેમ તરફ નામ નોંધાવવા જતા હોય એવું ચિત્ર. (ઈસુના જન્મ સમયનું.) આવાં અનેક ચિત્રો પપાઈરસમાંથી બનાવેલા જોવા મળે છે જે પ્રવાસીઓ ખરીદી પણ શકે છે.

**અબુશર્ગા ચર્ચ :**

યહૂદીઓનું શિનેગોગ અને અબુશર્ગા ચર્ચ પપાઈરસ ફેકટરીથી થોડે દૂર આવેલું છે. અહીં જ્યારે હેરોદ રાજાએ બે વર્ષનાં બાળકોની ક્તલ કરવાનો હુકમ કર્યો ત્યારે યુસફ અને મરિયમ બાળ ઈસુને લઈને આ ચર્ચમાં છુપાયાં હતાં. મિસર દેશનું જૂનામાં જૂના ચર્ચમાંનું આ એક ચર્ચ અબુશર્ગા ચર્ચ કહેવાય છે. ઈ.સ. ત્રીજી સદીમાં આ ચર્ચ બનાવવામાં આવ્યું હતું. હેરોદ રાજાએ જે હુકમ બહાર પાડ્યો હતો કે ત્રણ વર્ષના બાળકને મારી નાખવા ત્યારે આ પવિત્ર કુટુંબ ચાર વર્ષ સુધી મિસરમાં રહ્યા હતા.તેમાંથી ચાર મહિના આ જગ્યામાં રહ્યાં હતાં. આને કોપ્ટીક ચર્ચ પણ કહેવામાં આવે છે. અસલ ઈજિપ્શિયનો જેઓ વટલાયા નહોતા તેવા લોકો આ ચર્ચમાં ભજન કરે છે. ઈ.સ. બાસઠની સાલમાં આલેકઝાન્ડ્રિયામાં સંત માર્ક આવેલો. તેણે સુવાર્તા આપી હતી. અને ત્યારથી અહીં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયો હતો. તેને તે સમયના લોકોએ ખૂબ સતાવ્યો હતો. અને સુવાર્તા માટે વિરોધ કરવામાં આવ્યો હતો. અહીં તેનો વધ કરવામાં આવ્યો હતો. સુવાર્તાને ખાતર સંત માર્ક અહીં શહીદ થયો હતો. એટલે સંત માર્કના નામ ઉપરથી ઈજિપ્તના આ ચર્ચનું

નામ કોપ્ટીક ચર્ચ કહેવામાં આવે છે. સૌથી પહેલા પોપ અહીંથી બન્યા હતા. તેમને પણ સંત માર્કના નામ ઉપરથી માર્ક પોપ નામ આપવામાં આવ્યું હતું. અને તેમણે ચર્ચ ઓફ એલેકઝાન્ડ્રિયાની સ્થાપના કરી હતી. હાલમાં કોપ્ટીક ચર્ચની મંડળી હયાત છે. કોપ્ટીક ઓર્થોડોક્સ ચર્ચમાં પોપ થયા હતા તેમાં હાલના ૧૧૭મા પોપ છે તેમનું નામ શેનુડા છે. આ સમયમાં રૂમી શહેનશાહ થયા હતા તેમણે આ મંડળીની ખૂબ સતાવણી કરી હતી. અને તેને લીધે પોપ શેનુડાને ખૂબ દુઃખ વેઠવું પડ્યું હતું. રોમન બાદશાહ ડિઓકિલીશિયન થયા તેમણે હજારો ખ્રિસ્તીઓનો વધ કર્યો હતો. (Badshah Dioclition) ઈ.સ. ૮૬માં આ બાદશાહે હજારો ખ્રિસ્તીઓનો વધ કર્યો હતો. ત્યાર પછી ઈજિપ્તમાં ખ્રિસ્તીઓનું કેલેન્ડર ઈ.સ. ૨૮૬ થી શરૂ થયું હતું. તેને શહીદોનું કેલેન્ડર અથવા પંચાંગ નામ આપવામાં આવ્યું હતું. ઈજિપ્તમાં ત્રણ પંચાંગ જોવા મળે છે. (૧) ઈજિપ્શિયન પંચાંગ. (૨) ગ્રેગોરિયન પંચાંગ જે સામાન્ય ગણાય છે. અને (૩) મુસ્લિમ પંચાંગ. આમ અહીં ત્રણ જુદા જુદા કેલેન્ડર અથવા પંચાંગ અસ્તિત્વમાં આવ્યાં. તેમાં અમેરિકાનું નાતાલનું પર્વ ૨૫ મી ડિસેમ્બરે અને ૭મી જાન્યુઆરીએ ઊજવે છે. આ રોમનોએ ઘણાં ખ્રિસ્તીઓને માર્યા, સતાવ્યા તેમ તેમ ખ્રિસ્તીઓની સંખ્યા વધતી ગઇ. અહીંના ખ્રિસ્તીઓનો વિશ્વાસ બહુ મોટો છે.યુરોપના ખ્રિસ્તીઓનો વિશ્વાસ રોમનનાં ખ્રિસ્તીઓ કરતાં ઓછો જોવા મળે છે. આ સત્ય આજે પણ સાચું છે. અબુશર્ગા રોમન ગેરેશીના લશ્કરી પાયદળના આગેવાન હતા. અને બીજા એક સોલ્જર પણ હતા. તેઓ બન્ને ખ્રિસ્તી બન્યા. અહીંના બધા ચર્ચની બાંધણી એકસમાન જોવા મળે છે. શરૂઆતમાં ચર્ચના ઉપરના ભાગમાં બહેનો બેસતી અને નીચેના ભાગમાં ભાઈઓ બેસતા હતા. તેમ તેઓ અલગ ભજન કરતા હતા, પણ એવું નથી. અત્યારે સ્ત્રી પુરુષો સાથે બેસીને ભજન કરે છે. ચર્ચમાં નૂહના આકારનું છાપરું હોય છે. જે તારણની નિશાની બતાવે છે. અહીંના ચર્ચમાં બાર પિલ્લરો જોવા મળે છે. એનો અર્થ એ કે આ મંડળી ઈસુના બાર શિષ્યોના પાયા

પર રચાયેલી છે. આ ચર્ચનું મહત્ત્વ એટલા માટે છે કે પવિત્ર કુટુંબ ઈસુ, યુસફ અને મરિયમ આ જગ્યામાં રહ્યા હતા. જેમાં અગાઉ જણાવ્યું તે પ્રમાણે હેરોદ રાજાની બીકથી નાસીને અહીં આવીને નીચે જે ઘર દેખાય છે તેમાં રહ્યા હતા. એ જ જગ્યાએ આ દેવળ બનાવવામાં આવ્યું છે. ભૂતકાળમાં આ ચર્ચને નુકસાન થયું હતું. નીચે પુષ્કળ પાણી હોવાથી થોડા સમય માટે પવિત્ર કુટુંબ આ ચર્ચના ભાગમાં રહ્યું હતું. અને જેમ બાઈબલમાં જણાવ્યું તે પ્રમાણે હેરોદના મરણ પછી રોમથી પેલેસ્ટાઈન પાછા ગયા હતા. ચાર વર્ષ સુધી આ પવિત્ર કુટુંબના સભ્યો જુદી જુદી જગ્યામાં ગયા હતા. આ ચર્ચમાં જુદાં જુદાં પોસ્ટરો પણ મળે છે. આ ચર્ચમાં રિનોવેશન અહીંની સરકાર અત્યારે કરાવે છે. બાજુમાં એલિએઝરા યહૂદી સભાસ્થાન જોવા મળે છે. માઈકલ નામના સંત થઈ ગયા તેમના નામનું આ  ચર્ચ ગણાતું હતું. અહમદ અગ્ની નામના સુલતાને ભારે કરવેરા નાખ્યા હતા. સાતમી સદીમાં મુસ્લિમો આવ્યા એ પહેલા  આ દેશ ખ્રિસ્તી દેશ હતો. એ પછી મુસ્લિમો ખ્રિસ્તીઓને કર આપવા માટે બળજબરી કરતા હતા. જો તમે કર આપો તો જ ખ્રિસ્તી રહી શકો અને કર ન આપો તો તેઓએ શિરચ્છેદ કરવાનું પણ કહેતા હતા. આ ચર્ચના સુલતાનને કર આપી શકે નહી તેથી એઝરાએ યહૂદી ભાઈને આ ચર્ચ વેચી દીધું. દશમી સદીથી એલીએઝરાનું જે ચર્ચ હતું તે હવે પછી યહૂદીઓનું સભાસ્થાન બની ગયું. બધા ઈજિપ્તના યહૂદી ખ્રિસ્તીઓ તેમના માટે એક કેન્દ્ર જેવું બની ગયું. એ સમયે આ ચર્ચ ઘણાં બધા ખ્રિસ્તીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હતું. દશમી સદીમાં એવું બન્યું કે બધા જ યહૂદીઓ અહીં આવી તેમના ક્રિયાકાંડો કરવા લાગ્યા. ઈ.સ. ૧૮૯૬માં બાંધકામ કરતા પુરાતન સમયની યહૂદી વસ્તુઓ મળી આવી. જે બધા દસ્તાવેજો મળ્યા તેને 'જૂનેજા' કહે છે. મધ્ય યુગનો ઈતિહાસ ખ્રિસ્તીઓ વિશે કહે છે કે મૂસા રામસેસ બીજાના સમયમાં જીવતો હતો. તે ગોસેમ પ્રાંતમાં રહેતો હતો. કહેવાય છે કે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફરતો હતો. તેથી અહીંના લોકો તેને 'પ્રાર્થના કરનાર' કહે છે. તે ઠેક ઠેકાણે જોવા મળે છે.

જે દશ આજ્ઞાઓની શિલાપાટીઓ મૂસાને દેવે આપી હતી તેમાંથી બે આજ્ઞાવાળી શિલાપાટી અહીં યાદગીરીમાં રાખી મૂકવામાં આવી છે. તેનો નમૂનો અહી જોવા મળે છે. કદાચ તે ઓરિજીનલ ન પણ હોય શકે. બારી આગળ જે 'તોરા' તે યહૂદીઓનું નિયમશાસ્ત્ર છે. 'તોરા' જૂનો કરાર કહેવાય છે. આ જગ્યામાં ભાઈ-બહેનો અલગ અલગ ભજન કરવા બેસતા. જમણી બાજુ બહેનો અને ડાબી બાજુ ભાઈઓ. થોડા વખત પહેલાં યહૂદી લોકોને સરકાર તરફથી મુશ્કેલી ઊભી થતા તેઓ બીજા સભાસ્થાનમાં ભજન કરવા માટે જતા. એનો અર્થ એવો નથી કે આજે યહૂદીઓ અહીં નથી. આજે પણ સરકારની હકૂમત નીચે યહૂદીઓ ભજન કરી શકે છે. મૂળ એ લોકો ઈઝરાલાઈટ ગણાતા હતા. અત્યારે **ઈઝરાયેલમાં** મિશ્ર લોકો જોવા મળે છે. મૂસાના સમયના અસલી યહૂદીઓ ઈઝરાલાઈટ કહેવાતા હતા. ઈજિપ્ત અને **ઈઝરાયેલ** વચ્ચે ૧૯૭૯ માં કોલકરાર થયા, માટે બન્ને મિત્ર દેશો છે. અત્યારે હવે દુશ્મન રહ્યા નથી. તે સમયે કેમ્પ ડેવિડ તેનું સુકાન ચલાવતા હતા. જીમી કાર્ટર અને સદામ હુસેન તથા અમેરિકાના વડા પ્રધાન ત્રણેય જણે સાથે મળી શાંતિ કરાર કરેલા. તેથી અત્યારે ઈજિપ્ત અને ઈઝરાયેલ શાંતિમાં રહે છે. રશિયા અને **ઈઝરાયેલ** વચ્ચે સંધિ કરાર કરવામાં આવ્યા હતા.

**ગીઝા : (GIZA)**

૧૯૦૨ માં જે મ્યુઝિયમ બનાવવામાં આવ્યું તે વિશ્વમાં મોટામાં મોટું મ્યુઝિયમ અહીં જોવા મળે છે. આ મ્યુઝિયમ જોવા જેવું છે. ઈટાલીમાં જે મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે તેને ટુરીમ મ્યુઝિયમ કહેવામાં આવે છે. અને લંડનમાં જે મ્યુઝિયમ છે તે ત્રીજા નંબરનું છે. આ મ્યુઝિયમમાં કુલ વીસ હજાર નમૂના જોવા મળે છે. આ મ્યુઝિયમ પૂરેપુરું જોઈ શકાય નહી પણ અગત્યનું બહુ જ રસિક બન્યું. જે કાળક્રમે બનેલા માસ્ટરપીસ જોઈશું. જૂના સમયના ભાગો મધ્ય રાજ્યની કલાકૃતિઓ છે. નવા રાજ્યની કલાકૃતિ મમીને લગતો ભાગ જોવા જેવો છે. અહીંયા ઈજિપ્તનો નકશો જોવા મળે છે. ઈજિપ્તનો ૯૪ ટકા ભાગ રણ પ્રદેશ કહેવાય છે.

પશ્ચિમમાં સહારાનું રણ આવેલું છે. પૂર્વમાં જે રણ છે તે ઈન્સ્ટન્ટ બેન્ડર રણ કહેવાય છે. ઉપર ભૂમધ્ય સમુદ્ર અને નીચે રાતો સમુદ્ર જોવા મળે છે. ઈજિપ્તની નાઈલ નદી સો કરોડ સિત્તેર લાખ લોકોની જીવાદોરી છે. ઈજિપ્તની હાલની રાજધાની કેરો છે. મેલફીશ તેની જૂની રાજધાની હતી. બાજુમાં નવા રાજ્યની લકશર હાવી રાજધાની છે. અહીંયા 'ઈસના હાઈ' બંધ આવેલો છે. ઉપર ગેશોન પ્રાંત જોવા મળે છે. મૂસા ત્યાંથી સિનાઈ પર્વત થઈ **ઈઝરાયેલમાં** પ્રવેશ્યો હતો. મેસોપોટેમિયાનો પ્રદેશ પેલેસ્ટાઈન વિસ્તારમાં આવેલો છે. દરિયાના બે ભાગ જોવા મળે છે. મૂસા ત્યાંથી સિનાઈ પર્વત થઈ **ઈઝરાયેલમાં** પ્રવેશ્યો હતો.મેસોપોટેમિયાનો પ્રદેશ પેલેસ્ટાઈન વિસ્તારમાં આવેલો છે. દરિયાના બે ભાગ જોવા મળે છે. રાતો સમુદ્ર તે સમયે ત્યાં હતો. બે દરિયા ભેગા કરીને કેનાલ બનાવી છે. આને લીધે ભૌગોલિક પરિવર્તન જોવા મળે છે. નીચે કડવું સરોવર જોવા મળે છે. સુએઝથી ઉપરના ભાગમાં આ સરોવરને જોડી દીધું છે. જેને કારણે અહીંથી ઈઝરાયેલ પ્રવેશી શકાય છે. અહીં જૂના રાજ્યનો પહેલો દરવાજો જોવા મળે છે. ફલીન્ટ નામના પત્થરના ટુકડામાંથી આ દરવાજો બનાવેલો હતો. આજથી ૫૧૦૦ વર્ષ પહેલા રોમન લોકો ભટકતા ભરવાડો જેવા હતા. તેઓ રાજ કરતા હતા. તેમણે આવીને બધાને ભેગા કર્યા. રખડતા લોકોને ઉત્તર - દક્ષિણ ભાગમાં ભેગા કરવાની એ ઘટના બતાવવામાં આવી છે. મ્યુઝિયમમાં ઘડિયાળ આકર્ષણનું કેન્દ્ર છે. રાજા ઘડિયાળ લઈને ઊભા છે. અને દુશ્મનને મારે છે. બાજુનો માણસ પવિત્ર પાણી લઈને રાજા પાસે જઈ રહ્યો છે. કમળના જેવી છ પાંખડીઓ બનાવી છે. તે છ હજાર દુશ્મનો બતાવવામાં આવ્યા છે. જે ગરૂડ પક્ષીનું ચિત્ર દેખાય છે તે ફાલ્કન દેવ હતો એવું દર્શાવે છે. આ દેવને યુદ્ધ અને રક્ષણનો દેવ ગણતા હતા. અહીંના લોકો ગાયને માતા ગણે છે. તેને સૌંદર્ય અને ફળદ્રુપતાની, જાતીયતાની પ્રતીક ગણાતી હતી. વચ્ચે રાજાનું નામ દર્શાવવામાં આવ્યું છે. બે દુશ્મનો જતા રહેતા બતાવાયા છે. ચિત્રમાં પહેલા ચિત્રમાં યુદ્ધ બતાવ્યું છે અને બીજા ચિત્રમાં

વિજય બતાવવામાં આવ્યો છે. એ જ રાજા બીજા ટોળા સાથે જોવા મળે છે. ચિત્રમાં ઈજિપ્તનો લહીઓ છે. તે બધી નોંધ લખે છે. જે ચાર માણસો દેખાય છે તે દુશ્મનોનો વધ કરે છે. જે બે પ્રતીક દેખાય છે તે પ્રાણીઓ છે. તે બે ભાગને જોડવાના પ્રતીક સમાન છે. એક પ્રતીક રાજા દર્શાવે છે. ચિત્રમાં કિલ્લો તોડી પાડતો બતાવે છે. બીજા ચિત્રમાં ઈતિહાસની વાત બતાવે છે. આ મ્યુઝિયમમાં 'ટીનાટુમ' રાજાનું કોફીન છે. તેમાં શબ છે. આ રાજાને મારી નાંખવામાં આવ્યો હતો. તેણો ખોટું કામ કર્યું હતું માટે તેને મારી નાંખવામાં આવ્યો હતો. એ એવું કહેતો હતો કે એક જ દેવને માનો અને એક જ ઈશ્વરનું ભજન કરો. તેને એકેશ્વરવાદી રાજા કહેતા. જૂના ઈજિપ્તમાં બહુ દેવોને માનવાની પ્રથા હતી. એટલે બધા યાજકોએ ભેગા થઈને આ એકેશ્વરવાદમાં માનનાર રાજાને મારી નાંખ્યો હતો.

આરસપહાણ જેવા દેખાતા પત્થરને કોતરીને શબમાં રસાયણો ભરીને જુદા જુદા ભાગો આ પત્થરમાં બનાવેલી કોફીન બોક્ષમાં મૂકતા હતાં. ઈજિપ્શિયન લહીઓ તે માનપાત્ર અને અગત્યની વ્યક્તિ ગણાતી હતી. જેથી ફારૂન રાજા જયાં જાય ત્યાંનુ વર્ણન આ લહીઓ કરતો. તે સમયમાં અગત્યના દસ્તાવેજ તરીકે ગણાતું આ જૂનામાં જૂનું પૂતળું છે. જે પત્ર લખીને બેઠો હોય તેવું જોવા મળે છે. તેની આંખો ઓરિજિનલ છે, પારદર્શક છે. તેને ગોઠવીને કબર કરીને મૂકવામાં આવ્યું છે. આ મમીને સાચી મૂર્તિ હોય એવી બનાવવામાં આવી છે. ખોદકામ કરતાં એવું તો લાગ્યું કે કદાચ આ જીવતો તો નથી ને. વચ્ચેનું પિરામિડ બાંધનાર આ રાજા હતો. તે સમયમાં રાજા જે રીતે બેસતો એવો જ અત્યારે આ પોશાક પહેરેલો અને આબેહૂબ બેઠેલો દેખાય છે. તેના જીવનકાળ દરમ્યાન આ પૂતળું બન્યું હતું. તેની દાઢીનો ભાગ વાંકો બતાવાય ત્યારે સમજવું કે તે મરી ગયો છે પણ આ જીવતો છે એવું દેખાય છે. એના જમણા હાથનો ભાગ વૈભવ બતાવે છે તથા ડાબો હાથ દયા દર્શાવનાર બતાવે છે. કારતૂસ સૂર્યકિરણનો રાજા હતો એવું દર્શાવવામાં આવ્યું છે.

કમળ પપાઈરસમાં બે છોડ પણ બતાવવામાં આવ્યાં છે. ઉત્તર-દક્ષિણ એ રાજ્યો દર્શાવવામાં આવ્યા છે જે બે છોડ બે સાથે જુઓ તો વિલીનીકરણ છે એવું લાગે. ગરૂડ દર્શાવતું જે પ્રતીક દેખાય છે તે જૂના ઇજિપ્તમાં યુદ્ધ અને રક્ષણનો દેવ કહેવાતો હતો. જે કેફરોનના પિરામિડ પાસેથી મળેલું પૂતળું છે. આ પૂતળું પિરામિડમાંથી મળ્યું છે. ગીઝાના પિરામિડમાંથી મળેલું પૂતળું તે મુખ્ય યાજક હતો. સાથે લાકડાનું બનેલું પૂતળું એ વહેલું ખરાબ થઈ ગયેલું દેખાય છે. તેમ છતાં એની એજ હાલતમાં અત્યારે સાચવી રાખવામાં આવ્યું છે. તેની સુન્નત થઈ હતી તેથી જૂના ઇજિપ્તમાં તે શુદ્ધ ગણાતો હતો. તેના હાથમાં છડી લઈને ચાલતો જતો દેખાય છે તેની આંખો સાચી લાગે છે. સાથે આનંદ કરતાં પક્ષીઓનું ચિત્ર એનાં મહેલમાં જોવા મળે છે. આ પૂતળું ૪૬૮૦ વર્ષ જૂનું છે. સાથે જે લાકડું દેખાય છે તેમાંથી પણ આ યાજકનું પૂતળું બનાવ્યું છે.

કિંગ ગેબ્સમાનો આ ભાગ ગણાય છે. પીઝામાં મોટો પ્રખ્યાત પિરામિડ તેનો બાંધનાર આ રાજા હતો. અહીંના પત્થરો તેમના પિરામિડમાંથી લાવવામાં આવ્યા છે. શરીરના ભાગો ત્યાં છે પણ ખુરશી, રથ જેવી દેખાય છે તેને હમણાં સમારકામ કરીને ઠીક કરવામાં આવી છે. રાણી મધરકિંગ ગણાતા એમની આ ખુરશી છે. તેઓ નીચલા ઇજિપ્તના રાણી ગણાતા. તે ગર્ભવતી બને અને બાળકોને જન્મ આપે એવી એ રોયલ મધર હતી. - જે મોટો પિરામિડ બાંધ્યો તેનું પૂતળું જોવા મળે છે. તે આઈવરીથી બનાવેલું પૂતળું છે. તે બે ભાગમાં છે. કાળક્રમે તેને વ્યવસ્થિત કરવામાં આવ્યું હતું. કિંગ કિગવીના પિતાનું આ પૂતળું છે. જે વાય આકારનું ગાદલું દેખાય છે. તેમાં તેઓ માથું ટેકવીને સૂતા હતા. આ રાજાનો ભાઈ મહાન રાજા ગણાતો હતો. તેણે તેની પત્નીનું રંગીન ચિત્ર બનાવેલું. તેના મૂળ રંગો અહીં જોવા મળે છે. આ ચિત્ર ૪૮૯૦ પહેલાનું છે. એમની રહેણીકરણી ભવ્ય હતી તે દર્શાવતું આ પૂતળું છે. તેઓ બહુ ઊંચા ન હતા. એમની પહેલાના રાજાઓમાંથી અમુકની ઊંચાઈ ૪ મીટર હતી, પરંતુ આ રાજા સામાન્ય ઊંચાઈનો હતો. એની રાણી

સુંદર હતી. પોશાક પહેરતી ત્યારે તે સુંદર લાગતી. અને એ જે પોશાક પહેરતી તે હંમેશા પારદર્શક પોશાક પહેરતી હતી. મોન્ટો હેબ્રીન્ટ્રા નામનો રાજા તે સમયમાં થઈ ગયો. તે ખૂબ સુખી રાજા હતો. અને આનો અર્થ પણ ખૂબ સુખી થાય છે. તે સૂર્યદેવ સાથે હોડીમાં જાય છે એવું ચિત્ર જોવા મળે છે. આ ચિત્ર રેતીના પત્થરમાંથી બનાવેલું પૂતળું છે. આ રાજા મમી જેવો છે. તેની દાઢી વાંકી છે. ઈજિપ્તના રાજાની દાઢી નકલી છે. ઉત્તરનો જે રાજા મુગટ પહેરતો તેવો મુગટ આનો પણ દેખાય છે. જે કાળું દૃશ્ય દેખાય છે તે મરણ બતાવે છે. ઉપરના શરીરનો ભાગ સારો છે. એના પગ જાડા હાથી જેવા દેખાય છે. તે ખૂબ ખાતો હતો તેથી તેને ખાઉધરો રાજા પણ કહેવાતો. તે હાથીપગાના રોગથી પીડાતો હતો.

**"TU TANKH AMUN"** આ એક રાજાની કબર એવી છે કે જે પૂરેપૂરી બરાબર હાલતમાં મળી. જે એલ આકારના ભાગમાં જે તે બધું આ કબરમાંથી મળ્યું હતું. ખરેખર જે મળ્યું તે મળી કુલ છ હજાર નમૂના છે. આ જગ્યા ફારૂન રાજાની દફનાવવાની જગ્યા છે. લાકડામાંથી બનાવેલ રથમાં કોફીન લઈ જવાતાં હતાં. જે બધું એકમાં જ સમાઈ જાય એવા મોટા હતા એવા ૪ કોફીન હતાં. આમાં એક પત્થરનું કોફીન હતું. તેમાં ૧૪૦ કિલો સોનું વાપરવામાં આવ્યું હતું. બીજું લાકડાંનું કોફીન હતું. તેને બિલ્ડેડ વુડમાંથી બનાવવામાં આવ્યું હતું. તેનું મહોરું રાજાનું મોં ઢાંકવા માટે રખાતું હતું. બાજુમાં નક્કર સોનું છે. એની બાજુમાં લાકડું છે. અને આ લાકડામાં સોનું મઢ્યું છે. રાજાના વધારાના ઘરેણાં અહીં જોવા મળે છે. સાથે રાજાના પગરખાં, કપડાં પણ જોવા મળે છે. શિયાળ જેવા આકારનું જે પૂતળું મળી આવ્યું તેને કબ્રસ્તાનનો દેવ કહેતા હતા. મોં ઉપર મહોરું મૂકતા ત્યારે આ પૂતળું મૂકવામાં આવતું. શિયાળ જેવા આકારનું પૂતળું મૂકવામાં આવતું. બાજુમાં રાજાના સૂવાના પલંગો જોવા મળે છે જે સિંહના બે મહોરાવાળા દેખાય છે. મુસાફરી દરમિયાન વપરાતો પલંગ જોવા મળે છે. સાથે અત્તર ભરવાની પ્યાલીઓ જોવા મળે છે. એનું મોટું પેટ દર્શાવતું ચિત્ર તે નાઈલની ફળદ્રુપતા બતાવે છે.

સાથે બૂમરંગ નામના પક્ષીઓને મારવા માટે ઓસ્ટ્રેલિયાના લોકોને બતાવવામાં આવ્યા છે. સાથે નોર્થ ઈજિપ્તના લોકો પણ જોવા મળે છે. આ જે ખુરશી દેખાય છે તેમાં તે માથું ટેકવતો નહોતો. કોઈ ચોક્કસ બનાવ વખતે આ ખુરશીનો ઉપયોગ થતો હતો. આ ખુરશી હાથીદાંત અને લાખમાંથી બનાવેલી ખુરશી છે. નીચે ૯ દુશ્મનોનું ચિત્ર જોવા મળે છે. સાયપ્રસ, લીબિયા, સિરિયા આ બધામાં ઈજિપ્તનો એક જ રાજા હોય એમ રહેતા હતા. આમાં જે રાજારામ રોયલ ફેન છે તેને હાથીદાંતનું હેન્ડલ છે. તે ઓસ્ટ્રીજના પીંછામાંથી બનાવ્યું છે. એમાં જે ધરી આપી છે તેનાથી આ પંખો ફરી શકે છે તેનું જે સિંહાસન છે તેમાં તેની રાણીનું ચિત્ર પણ જોવા મળે છે. આ ચિત્રમાં ૬ દુશ્મનો પણ દર્શાવવામાં આવ્યા છે. આ રાજા ૯ વર્ષની ઉંમરે ગાદી પર બેઠો હતો.

**નાઈલ નદી :**

નાઈલ નદીમાં બોટિંગ સાથે લંચ લેવાનો અનેરો લહાવો હોય છે. નાઈલ નદીમાં સાંજના સમયે આ બોટમાં બેસીને ઈજિપ્તની ભવ્યતા જોવા મળે છે. રાત્રે આખું શહેર રોશનીથી ઝળહળી ઊઠેલું દેખાય છે. લગભગ ૩ થી ૪ કલાક આ બોટમાં રહી નાઈલ નદીમાં સફર કરવાની ખૂબ મજા આવે છે. બોટમાં જ ખૂબ રોશની હોઈ એમાં જ ડાઈનિંગ હોલ પણ હોય અને આપણે એમાં બેસીને જમવાનું, સાથે સંગીતના પ્રોગ્રામો, અને ડાન્સ કરનાર લોકો પ્રવાસીઓને આનંદ પમાડે છે.

**બેથલેહેમ :**

તા. ૦૨-૦૯-૨૦૦૨ના રોજ પવિત્ર રવિવારે બેથલેહેમ જવાની તક પ્રભુએ પૂરી પાડી. બેથલેહેમ, પેલેસ્ટાઈન દેશમાં આવેલું છે. ત્યાંના વડાપ્રધાન તે સમયે યાસર અરાફત હતા. ઈજિપ્તના વડાપ્રધાન હુસ્નમુબારક હતા. અને ઈઝરાયેલના વડાપ્રધાન અરિયલ શેરોન હતા. આ સમયે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનમાં યુદ્ધનાં વાદળો છવાયેલાં હતાં છેલ્લા ત્રણેક માસથી આ વિસ્તારમાં કોઈ પ્રવાસી ટીમ જઈ શકી નથી.

પણ ઈશ્વરકૃપાથી આ દિવસે ગુજરાતની અમારી ટીમને પ્રભુના જન્મના સ્થળે જવાની તક મળી. આ દિવસે પણ આ શક્ય હતું નહી પણ પ્રભુકૃપાથી અમારા ગાઈડ એડવર્ડ દ્વારા એક ક્રિશ્ચિયન ભાઈનો સંપર્ક કરી સ્પેશિયલ વ્યવસ્થા થઈ શકી. અમારા માટે આ એક ચમત્કાર હતો. રામલ્લાહનો આખો વિસ્તાર યાસર અરાફતના કબજામાં હતો અને કનાન દેશનો આખો ઈઝરાયેલનો પ્રદેશ તે વખતના ઈઝરાયેલના વડાપ્રધાન એરિયલ શેરોનના કબજામાં હતો. બેથલેહેમમાં પ્રવેશતાં અમારું ચેકિંગ પણ કરવામાં આવ્યું. અને અમને બન્ને દેશોના ચેક પોંઈન્ટ પરથી તપાસીને પેલેસ્ટાઈન દેશના બેથલેહેમમાં જ્યાં જગતના તારનાર પ્રભુ ઈસુનો જન્મ થયો હતો તે જગ્યામાં જવાની તક મળી. શહેરમાં પ્રવેશતાં જે મોટા સ્ટોરોની મુલાકાત લેતાં જાણવા મળ્યું કે લગભગ ત્રણ માસ પછી તમારું પ્રથમ ગ્રૂપ અમારા શહેરમાં અને શોપિંગ સેન્ટરમાં આવી શક્યા છો. અમે તમારો આવકાર કરીએ છીએ. અને ઈશ્વરે તમને ખરેખર એ કૃપા અને બળ પૂરાં પાડ્યાં કે ખરેખર તમે આ જગ્યામાં આવી શક્યા છો. અમારા સ્ટોરમાંથી જે કાંઈ વસ્તુઓ તમે ખરીદશો તેમાં તમને સ્પેશિયલ ડિસ્કાઉન્ટ આપીશું. ઈઝરાયેલ દેશનાં ચિહ્નો તમે જાણો અને એના આધારે વસ્તુઓ ખરીદો તો તમને મઝા આવશે. ઈલાટના પર્વતમાંથી "માલેકાડ" નામના પત્થરમાંથી ઘણી વસ્તુઓ બને છે. દા.ત. તેના પત્થરમાંથી હાર બને છે. તે ખૂબ પ્રખ્યાત છે. બીજું તેમાંથી જે તારો બનાવવામાં આવે છે તેને "સિંહનો તારો" કહેવામાં આવે છે. તેને છ પાંખડીઓવાળો બનાવવામાં આવેલો છે. ઈસુના જન્મ સમયે આકાશમાં જે તારો દેખાયો હતો તેને છ પાંખડીઓ હતી તેના ઉપરથી એ નિશાની તરીકે આ છ પાંખડીઓવાળો તારો અહીંયા જોવા મળે છે તેને દાઉદનો તારો અથવા દાઉદનો સિંહ પણ કહેવામાં આવે છે. આ છ પાંખડીઓવાળા તારામાં ઈશ્વરના છ ગુણો દર્શાવવામાં આવ્યા છે. શક્તિ, પ્રેમ, કૃપા, બુદ્ધિ, દયા, ન્યાય. બીજા ષટકોણ આકારના તારા પણ જોવા મળે છે. તેમાં પણ ઈશ્વરના સાત ગુણો દર્શાવેલા છે. તે નીચે પ્રમાણે છે.

પાવર, લવ, મર્સી, જસ્ટિશ, વિઝડમ અને ગ્રેસ. અને બીજા બે ત્રણ પાંખડીઓવાળા પણ તારા જોવા મળે છે. દાઉદનો જે તારો તે ઉત્પત્તિ દર્શાવે છે. **મેનોરા જે સાત દીવીનું પ્રતીક છે તેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.**

(૧) યરૂશાલેમના ક્રોસ એ ચોથી સદીના ઇતિહાસ તરફ દોરી જાય છે. આ વધસ્તંભ અહીંની પવિત્ર ભૂમિમાં જ મળે છે. ચોથી સદીમાં નાઝરેથના નીચેના ભાગમાંથી આ વધસ્તંભ મળી આવ્યો હતો જેના ઉપર જગતના તારનાર ઈસુને જડવામાં આવ્યા હતા. ઈસુના જન્મ સમયે આ ક્રોસના દર્શન થયાં હતાં. (૨) અહીંયાં જે મોટો ક્રોસ દેખાય છે તે યરૂશાલેમના ખ્રિસ્તી ધર્મની ચોથી સદીમાં શરૂઆત થઈ તેની નિશાનીરૂપે આ ક્રોસ છે. મોટા ક્રોસની સાથે બીજા ચાર ક્રોસ જોડાયેલા છે તે ચાર સુવાર્તા અને ચાર વિભાગ દર્શાવે છે જ્યાં ખ્રિસ્તી ધર્મ ફેલાયેલો છે. (૩) અહીંથી સિક્કા, વધસ્તંભ અને જ્યુઈસ ગ્લાસ આ ત્રણેય કિંમતી નિશાનીઓ રોમન સરકાર વખતે મળી આવી હતી. અહીંના પ્રવાસે આવેલ દરેક પ્રવાસીઓને સરકાર તરફથી અધિકારયુક્ત સર્ટિફિકેટ આપવામાં આવે છે. (૪) સાત દીવીનું જે પ્રતીક છે તેને મેનોરા કહે છે. તે શરૂઆતની સાત મંડળીઓનું અસ્તિત્વ ધરાવે છે જે પ્રકટીકરણમાં સાત મંડળીઓ વિશે લખવામાં આવ્યું છે તેનું પ્રતીક છે. આ જગ્યામાં પવિત્ર મંદિર છે ત્યારનું આ સાત દીવીનું પ્રતીક છે. સાથે ઈશ્વરે જે સાત દિવસમાં જે કાંઈ ઉત્પન્ન કર્યું તે અહીં દર્શાવવામાં આવેલું છે. અહીંના યહૂદીઓ જે સાત દીવીનું પ્રતીક છે તેમાં દરરોજ એક એક દીવી સળગાવે છે. એમ છ દિવસ સુધી આ મેનોરામાં દીવી સળગાવી પ્રભુનો મહિમા ભજન કરે છે. અહીયાં જે હાથનું નિશાન છે તે તુર્કસ્થાનમાંથી મળેલો હાથ છે. અને આ આ હાથના પ્રતીક તરીકે તેની નિશાની મધ્ય પૂર્વના દેશોમાં જોવા મળે છે. ઘણાં લોકોની એવી માન્યતા છે કે એને પહેરવાથી નજર ન લાગે એવું માને છે. ઘણાં લોકો એને ગળામાં પણ પહેરે છે. પરંતુ ખ્રિસ્તીઓ આવી અંધશ્રદ્ધામાં માનતા નથી. જીવન શબ્દ હિબ્રૂ

ભાષામાં જોવા મળે છે. એ જ શબ્દ ઈસુ જીવન દર્શાવે છે. આનો બીજો અર્થ એ પણ થાય છે કે ઈશ્વર જ્ઞાન આપે છે માટે પણ આ શબ્દ વાપરવામાં આવે છે. (૫) છીપલા જેવું જે પ્રતીક દેખાય છે તે છીપલું અને સ્ટેચ્યું દર્શાવે છે આ બેથલેહેમમાં વિકસાવેલો ઉદ્યોગ છે. અહીંયા છીપલામાંથી જે જુદીજુદી વસ્તુઓ યાદગીરી માટે મળે છે. જેવી કે સ્ટેચ્યુ, છીપલા, ક્રોસ, કીચેઈન વિગેરે (૬) ઓલિવ વૃક્ષમાંથી પણ જુદાં જુદાં ચિત્રો અને વસ્તુઓ બનાવવામાં આવે છે. જેવી કે રોઝરી, પૂતળાં. આ વસ્તુઓ હાથ અને મશીનથી પણ બનાવવામાં આવે છે. ઈસુના શિષ્યો સાથેનું છેલ્લા ભોજનનું ચિત્ર તેમજ યુસફ, મરિયમ, અને ઈસુનું ચિત્ર એવા અનેક ચિત્રો ઓલિવ વૃક્ષમાંથી બનાવવામાં આવે છે. અહીં બધી જ વસ્તુઓ ડોલરમાં મળે છે. (૭) ઈસુના જન્મના સમયનું ચર્ચ અહીં જોવા મળે છે તે ખૂબ પવિત્ર ચર્ચ ગણાય છે. તેને ચર્ચ ઓફ નેટીવીટી કહે છે. જે દીવીમાં સાત દીવીનું પ્રતીક છે તે બધું વર્ણન આ મેનોરામાં જોવા મળે છે.

**ચર્ચ ઓફ નેટીવીટી :**

આ પવિત્ર ચર્ચ વિશ્વમાં પ્રખ્યાત છે. તેને ચર્ચ ઓફ નેટીવીટી કહેવામાં આવે છે. ઈસુના જન્મસ્થળનું આ ચર્ચ છે. તેના ઉપર જ આ ચર્ચ બાંધવામાં આવ્યું છે. આ જગ્યામાં ઈસુનો જન્મ થયો હતો. હેલીનાએ ચોથી સદીમાં આ ચર્ચ બાંધ્યું હતું. આ ચર્ચમાં હાલમાં જે મોઝેક છે એ ત્યારનું જ છે. એનું ફલોર પણ તે સમયનું છે. આખા ચર્ચને આવા મોજેકથી બાંધવામાં આવ્યું છે. આખા ફલોરને કવર કરવામાં આવેલું છે. આ ચર્ચમાં થોડોક જ ભાગ ખુલ્લો મૂકવામાં આવેલો છે. ૫૨૯માં સમરૂનીઓએ આ ચર્ચનો નાશ કર્યો હતો. પરંતુ જસ્ટિનિયન બાદશાહે આ જગ્યાએ બીજું ચર્ચ બાંધ્યું હતું. તે સમયનું જૂનામાં જૂના દેવળમાંનું આ એક ચર્ચ છે. પર્શિનિયનોએ તે સમયે ઘણાં બધાં ચર્ચનો નાશ કર્યો હતો પણ આ ચર્ચનો તેઓએ નાશ કર્યો નહીં. પર્શિનિયનો લોકોએ આ ભાગ જીતી લીધો ત્યારે તેમણે બહાર જે ચિત્ર ગભાણનું જોયું તેના પરથી

લાગ્યું કે ઈસુનો જન્મ આ પવિત્ર જગ્યાએ થયો હોવો જોઈએ એટલે તેઓએ આ ચર્ચને કશું કર્યું નહીં. પર્શિનિયનો પણ પૂર્વના દેશમાંથી આવ્યા હતા અને પૂર્વના માગીઓ પણ ઈસુના દર્શને આવ્યા હતા તે તેઓ જાણતા હતા. તેથી આ ચર્ચને તેઓએ કંઈ નુકસાન કર્યું નહીં. આ ચર્ચમાં હાલમાં ત્રણ ભાગમાં લોકો ઈસુનું ભજન કરે છે. (૧) રોમન લોકો (૨) ગ્રીક ઓર્થોડોક્સ અને (૩) આર્મીનિયન ઓર્થોડોક્સ. ત્રણ અલગ અલગ પંથના લોકો આ ચર્ચનો ઉપયોગ કરે છે. બેથલેહેમ દુનિયાભરમાંથી પ્રવાસીઓ આ જગ્યામાં આવે છે અને આ પવિત્ર ચર્ચની મુલાકાત લઈ ધન્યતા અનુભવે છે. અને ઈસુનું ભજન કરે છે. અહીંયાં વર્ષમાં ત્રણ વખત નાતાલ ઉજવવામાં આવે છે. ૭ મી જાન્યુઆરી ગ્રીક ઓર્થોડોકસ લોકો નાતાલ ઊજવે છે. ૨૫મી ડિસેમ્બર પ્રોટેસ્ટન્ટ અને આર.સી. લોકો ઊજવે છે અને ૧૯ ડિસેમ્બરે બાકીના લોકો રહ્યા તે નાતાલ ઊજવે છે. આ ચર્ચમાં ઉપરની જે મોઝેક દેખાય છે તે ૧૨ મી સદીના ક્રુઝેડર્સ સમયના લોકોએ આ મોઝેકનો ઉપયોગ કર્યો હતો. તે તારાઓનું નિશાન છે ત્યાં ઈસુનો જન્મ થયો હતો. ત્યારપછી ગભાણમાં જમણી તરફ સામે ઈસુને મૂક્યા હતા તે જગ્યા આ ચર્ચમાં છે.

**સેંટ કોપ્ટીક ચર્ચ :**

આ પણ ઈસુના જન્મ સમયનું ચર્ચ છે. જ્યારે ઈસુનો જન્મ થયો ત્યારે અહીં મોટી ગુફા હતી. આ જગ્યા ફ્રેંચ સરકારે ભેટ તરીકે આપી હતી. એક વખત વેદી આગળ તેલનો દીવો પડ્યો તેથી આગ લાગી હતી પણ આ પવિત્ર જગ્યાને કોઈ નુકસાન થયું ન હતું. ઈ.સ. પૂર્વે ૧૮૬૯માં આ બનાવ બન્યો હતો. આ ચર્ચમાં જે ૧૪ પાંખડીઓનું પ્રતીક છે તે ૧૪ પેઢી દર્શાવી છે અને માત્થીની સુવાર્તામાં જણાવ્યા પ્રમાણે ૧૪મી પેઢીએ દાઉદના કુળમાં ઈસુનો જન્મ થયો હતો એ ભવિષ્યકથન અહીંયાં પૂરું થયેલું જોઈએ છીએ. ૨૪મી ડિસેમ્બરે દુનિયાભરમાં આ ચર્ચમાંથી ભક્તિસભા અને ઈસુના જન્મનો સંદેશો ટી.વી. દ્વારા પ્રસારિત કરવામાં આવે છે. આ ચર્ચમાંથી ઈસુનું પૂતળું એક માસ પછી ગભાણની જગ્યાએ

લઈ જવામાં આવે છે. આ ચર્ચમાં પત્થર જેવી વેદી આગળ યૂસફને દર્શન થયું હતું કે તમે આ બાળકને લઈને દૂર જતા રહો, કેમ કે તમારા બાળકને મારી નાખવા માટે રાજા તરફથી ફરમાન બહાર પાડવામાં આવ્યું છે. જ્યારે યૂસફ આ જગ્યાએ સૂઈ રહ્યા હતા ત્યારે દૂતે તેમને દર્શન આપી એ વાત કહી હતી. ઈસુના જન્મ સમયે ફરમાન બહાર પાડ્યું હતું તેના પરિણામ સ્વરૂપે ઘણાં બાળકોની કતલ કરવામાં આવી હતી અને આ જગ્યામાં ડાબી અને જમણી બાજુમાં ઘણાં બાળકોને દફનાવી દીધાં હતાં. તે કેટલા હતાં તે ચોક્કસ આંકડો નથી પરંતુ તે વાત ચોક્કસ છે કે ઘણાં બાળકોની કતલ કરીને અહીં દફનાવવામાં આવ્યાં છે. ચર્ચની આગળનો જે ભાગ દેખાય છે તેમાં સેંટ ઈરોનિયસ જેરોમ જે એક ધર્મગુરુ હતા તેમણે ૩૬ વર્ષ આ જગ્યામાં રહીને આ સઘળાનો અભ્યાસ કર્યો હતો. તેમણે લેટીનનો તરજુમો ગ્રીક અને અરામી ભાષામાં આ જગ્યામાં રહીને કર્યો હતો તેને "વલ્ગેટ બાઈબલ" પણ કહેવામાં આવે છે. આ જગ્યામાં ત્રણ અગત્યના બનાવો જોવા મળે છે. (૧) બે વર્ષનાં બાળકોને આ જગ્યામાં પૂરી દીધાં હતાં અને દફનાવી પણ દીધાં હતાં. (૨) યૂસફને દૂત દ્વારા ચેતવણી મળી હતી કે તમે બાળ ઈસુને લઈને અહીંથી મિસર જાઓ. (૩) ઈરોનિયસ જેરોમને બાઈબલનો તરજુમો ૩૬ વર્ષ રહીને આ જગ્યામાં કરેલો, તેઓ ૩૦ વર્ષ સુધી ગુફામાં રહેલા તે જૂનું સ્થળ અહીંયાં છે.

**દીવીનું મહત્ત્વ :**

એક કૂપીમાં એક દિવસ ચાલે તેટલું જ તેલ હોવા છતાં તે આઠ દિવસ ચાલ્યું હતું આ એક મોટો ચમત્કાર છે. તેથી એ દીવીનું મહત્ત્વ છે. જે હનુખા પર્વ ઊજવવામાં આવે છે. ત્યારે આ દીવીમાં કેન્ડલ સળગાવવામાં આવે છે. અને એ કેન્ડલ આઠમી હોય છે. દીવીમાં જૈતુનની બે ડાળીઓ મેનોરા સાથે દર્શાવી છે. આ મેનોરામાં મૂસાથી માંડી હારૂન, દાઉદ રાજા, પ્રબોધકો, દશ આજ્ઞાઓ, હઝકિયેલ ૩૭મા અધ્યાયનું વર્ણન, દાઉદ, અને ગોલિયાથનું આખું ચિત્ર, યહૂદીઓ મિસરમાંથી

કનાન દેશમાં વસ્યા તેનું આ ચિત્ર જેમ બાઈબલમાં લખ્યું છે તેમ બળથી નહીં કે સામર્થ્યથી નહી પણ મારી કૃપાથી આ બન્યું છે એ વચનની સાબિતી ઝખાર્યાને દૂતે આપેલી ભવિષ્યવાણી પ્રમાણે ઈઝરાયેલી પ્રજાની જીવનગાથા આ મેનોરામાં દર્શાવવામાં આવી છે. ઈઝરાયેલી સેનેટ સામે આ ૭ દીવીનું પ્રતીક આવેલું છે. ઈઝરાયેલી પાર્લામેન્ટ જેને સેનેટ કહેવામાં આવે છે, જેમ સાહેન્દ્રીન સભા ૭૦ રાબ્બીઓની બનેલી તેને સાહેન્દ્રીન કહેતા હતા તેવી રીતે યહૂદી તંત્રમાં જે લોકો આગેવાન તરીકે પાર્લામેન્ટમાં મળતા તેને સેનેટ કહેવામાં આવે છે. ઈસુને મરણ પહેલા સાહેન્દ્રીન સભા આગળ લઈ ગયા હતા. તેમણે પિલાત પાસે ઈસુને મોકલ્યા અને મંદિરના નાશ પછીની જે સભા બની તેને સેનેટ કહેવામાં આવે છે. ૧૯૬૬માં આ સેનેટની બેઠકની ઈમારત બનાવવામાં આવી હતી. તેનો આકાર મંદિરની યાદ દેવડાવે તેવો છે. મેનોરા જે ૭ દિવસનું પ્રતીક છે તે અઠવાડિયાના ૭ દિવસ સૂચવે છે. આમાં પરમ પવિત્ર સ્થાનમાં કરારકોષની બાજુમાં તેનું સ્થાન હતું જે તિતસે યરૂશાલેમનો નાશ કરેલો. રોમની વિજયગાથા દર્શાવતું પ્રતીક અહીં જોવા મળે છે. યરૂશાલેમના મંદિરમાં જે પ્રકાર અને આકારનું મેનોરા હતું એવા જ આકારનું આ મેનોરા સેનેટની સામે જોવા મળે છે. જે યહૂદી લોકો વાપરે છે તેને હનુખા પર્વ કહે છે. યહૂદીઓ પાસ્ખા પર્વમાં આને સળગાવે છે. 'મકાબી' વંશનો આગેવાન યહૂદાહ હતો તેની સાથે આ વાર્તા સંકળાયેલી છે. ગ્રીક લોકોએ યરૂશાલેમ લૂંટીને જીતી લીધું હતું અને મંદિરનો નાશ કર્યો હતો ત્યારે એક ખૂણામાં આ દીવી અને તેલ સાથે ત્રીજી સદીમાં મળી આવ્યું હતું. ત્યારપછી આ દીવીનું મહત્ત્વ આજે પણ જોવા મળે છે.

**જૈતુન પર્વત :**

આ પર્વતને સ્વર્ગારોહણનો પહાડ પણ કહેવામાં આવે છે. જ્યાંથી ઈસુ ગગનમાં ગયા હતા. અહીં માર્ટીન લ્યૂથરની હૉસ્પિટલ આવેલી છે. આ જગ્યાએ જે ચર્ચ આવેલું તે ચોથી સદીમાં બાંધવામાં આવ્યું હતું. આ ચર્ચ બાંધનાર રોમેડિયા રોમન ભાઈઓએ બાંધ્યું હતું.અને તેનું નામ

સ્વર્ગારોહણનું ચર્ચ આપવામાં આવ્યું હતું. ત્યારપછી બારમી સદીમાં ક્રુઝેડર્સોએ આ જગ્યામાં બીજું ચર્ચ બાંધ્યું હતું. ચેપલમાં ઈસુનાં પગલાં મૂકેલાં છે. એ બતાવે છે કે ઈસુ અહીંથી સ્વર્ગમાં ચઢી ગયા તેની નિશાની પગલાંરૂપે છે તે આ જગ્યા છે. ૧૧૮૭માં મુસ્લિમોનો કબજો આ જગા પર હતો છતાં પણ ખ્રિસ્તી લોકો અહીં આવીને પ્રાર્થના કરી શકતા હતા. આ સ્વર્ગારોહણની ખાસ જગ્યા જોવા જેવી છે જ્યાંથી ઈસુ સ્વર્ગમાં ચઢી ગયા હતા.

**બેથાની :**

યરૂશાલેમની ડાબી બાજુએ આવેલું આ ગામ છે. અત્યારે એ પલિસ્તીઓના તાબામાં છે. જેથી ડાબી બાજુથી જમણી બાજુ આવી શકાતું નથી. પલિસ્તીઓ યરૂશાલેમ પણ લઈ લેવા માંગે છે પરંતુ ઈઝરાયેલે એના બદલામાં બીજા પ્રાંતો આપી દીધા અને હાલમાં યરૂશાલેમનો કબજો **ઈઝરાયેલના** હાથમાં છે. અહીંયાં દુનિયાનું મોટામાં મોટું કબ્રસ્તાન આવેલું છે. લાખોની સંખ્યામાં આ કબ્રસ્તાનમાં લોકોને દફનાવવામાં આવ્યા છે. બિશપ ફિલિપ પરમારની કબર પણ આ કબ્રસ્તાનમાં છે. આપણા ગુજરાતના એડવીનભાઈની કબર અહીં છે. તેઓ અહીં પ્રવાસે આવેલા અને અહીં મરણ પામ્યા હતા તેથી તેઓને અહીં જ દફનાવવામાં આવેલા હતા. જ્યારે ઈસુ જૈતુન પર્વત પર ઊતરશે ત્યારે ઘણાં બધાને આ કબ્રસ્તાનમાંથી પાછા ઉઠાડશે એવી માન્યતા સાથે લોકોને અહીં દફનાવવામાં આવ્યા છે.

ઈ. સ. ૧૯૪૮ સુધી આ જગ્યાનો મસ્જિદ તરીકે ઉપયોગ થતો હતો, પણ યુદ્ધ પછી યહૂદીઓનું સભાસ્થાન બનાવવામાં આવ્યું છે. આજે યહૂદીઓ આ સભાસ્થાનમાં ભજન કરે છે. આ કબર સિયોન પર્વત પર આવેલી છે. ઈસુએ છેલ્લું ભોજન આ સભાસ્થાનમાં લીધું હતું. ૧૯૪૮મા પહેલાં આ વિસ્તાર આરબના તાબામાં હતું અત્યારે આ આખી જગ્યા વિવાદમાં પડેલી છે.

**કિદરોન વેલી :**

દાઉદનું જૂનું શહેર અહીં જોવા મળે છે. અહીંયાં કિરદોનની વેલી અને ગહેન્યાની ખીણ જોવા મળે છે. દાઉદના સમયમાં આ બધું કોટની અંદર હતું પણ અત્યારે નથી. અહીંયા ગ્રીક લોકોનો મઠ છે. યહૂદાએ ઈસુને ૩૦ રૂપિયામાં વેચી દીધા પછી એને જે પસ્તાવો થયો અને મંદિરમાં આવીને એણે પૈસા પાછા નાંખી દીધા અને ગળે ફાંસો ખાધો એ જગ્યા અહીં આવેલી છે. ગહેન્યાની જે ખીણ કહેવાય છે તેમાં લોકો કાયમ કચરો નાંખતા અને તેને સળગાવતા હતા. જેમ નરકમાં સતત અગ્નિ સળગતો રહે છે તેમ આ ગહેન્યાની ખીણમાં સતત કચરો સળગતો રહે છે. જે ઈસુએ નરકની વાત કરી હતી તે અહીંયા બંધબેસતી છે.

**પિતરનાં આંસુઓનું ચર્ચ :**

આ ચર્ચ બહુ સુંદર છે. તે ૧૯૨૫માં બનેલું જોવા મળે છે. આ ચર્ચમાં ઈસુના ૧૨ શિષ્યોનાં ચિત્રો અને ૧૨ કુળોનાં ચિત્રો જોવા મળે છે. આ ચર્ચને પિતરના નકારનું ચર્ચ પણ કહેવામાં આવે છે. પિતર આ જગ્યાએ પોક મૂકીને રડ્યો હતો. પિતરે જે ૩ વખત જુદા જુદા સમયમાં નકાર કરેલો એ જગ્યા અહીંયાં જોવા મળે છે. જે રાત્રે ઈસુને પકડ્યા અને આખી રાત તેમની પૂછપરછ કરી તેમનો ન્યાય કાયાફાસે કરેલો તે આ જગ્યા છે. જે જગ્યાએ અગ્નિ સળગતો હતો ત્યાં પિતરે ઈસુનો નકાર કરેલો. બીજી વખત કાયાફાસ પાસે ગયો ત્યારે ઈસુનો નકાર કર્યો અને ત્રીજી વખત દાસીની આગળ ઈસુનો નકાર કર્યો હતો કે હું તેને ઓળખતો નથી અને ઈસુએ તેની સામે જોયું અને પિતરને તરત યાદ આવ્યું કે 'આજ મરઘો બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ.' એ વાત પિતરને યાદ આવી અને બહાર જઈને ખૂબ રડ્યો એ જગ્યા અહીં જોવા મળે છે. કાયાફાસના મહેલનું પ્રથમ પગથિયું આ ચર્ચમાં પડે છે તે બતાવવામાં આવ્યું છે. અહીંયા આ લાલ છાપરાવાળું મકાન દેખાય છે તે પાંચમી સદીનું ઓરિજિનલ છે.

**માઉન્ટ હેઝેલ યાદવાસમ મ્યુઝિયમ :**

જાયન્ટીસના ફાઉન્ડરની કબર અહીં જોવા મળે છે. બીજા પ્રધાનોનાં સ્મારકો પણ અહીં જોવા મળે છે. અહીં યાદવાસમમાં સાઠ લાખ યહૂદીઓને મારી નાંખેલા તેનું આ સ્મારક છે. ફક્ત ૩ મીણબત્તીઓથી હજારો આકાશના તારા જેવું દૃશ્ય જોવા મળે છે. જે લોકો મરી ગયા હતા તેમની યાદમાં વૃક્ષ ઉગાડવામાં આવ્યાં છે. આ યાદવાસમમાં મ્યુઝિયમ છે. આ મ્યુઝિયમ હિટલરે જે નિર્દોષ લોકોને મારી નાંખ્યા તેની યાદમાં બનાવવામાં આવ્યું છે.

**ઈઝરાયેલના પર્વતોની માહિતી અને જોવાલાયક સ્થળો :**

હાઈફા બંદર કે જ્યાંથી યૂના તાર્સિસ વહાણ મારફતે ગયો હતો. પિતરનું ચર્ચ, કાર્મેલ પર્વત પર એલિયાહની ગુફા, ગાર્ડનટુમ્બ પર્વત, ખોપરીની જગ્યા, સિયોન પર્વત, ઉપલીમેડી અને દાઉદની કબર, જૈતુન પર્વત, ચર્ચ ઓફ એગ્ની, મોરિયા પર્વત, રુદનની દીવાલ, ગીલગોવ પર્વત કે જ્યાં શાઉલ રાજાને મારી નાખ્યો હતો., એનગેદી પર્વત કે જ્યાં દાઉદ રાજા સંતાઈ ગયો હતો. કુમરાન પર્વત કે જ્યાંથી જૂના ઓળિયાં મળી આવ્યાં હતાં. માઉન્ટ ઓફ ઓલિવ પર્વત કે જ્યાંથી ઈસુનું સ્વર્ગારોહણ થયું હતું. ગોલ્ડન ગેટ કે જ્યાં ઈસુ બીજી વાર પૃથ્વી પર આવશે ત્યારે અત્યારે જે દરવાજો બંધ છે તે ઈસુ જાતે ખોલશે. સંત પિતરનું ઘર, વાયા ડોલારસા, હોલિશેફરકર, ચર્ચ, પવિત્ર જગ્યા, યોહાન બાપ્તિસ્મીનું ચર્ચ, ઈઝરાયેલનું મ્યુઝિયમ, બેનગુરીન એરપોર્ટ, ગલગથ્થાની ટેકરી, ઈસુની ખાલી કબર, મરિયમનો ઝરો, બેથસેદા કુંડ, કાના ગામ જ્યાં ઈસુએ પાણીનો દ્રાક્ષારસ બનાવી સેવાની શરૂઆતનો પ્રથમ ચમત્કાર કરેલો, નાઝરેથ ગામ જ્યાં મરિયમનો કૂવો અને કુંવારીનો ઝરો જોવાલાયક છે. દોથાન જ્યાં યૂસફને તેના ભાઈઓએ વેચી દીધો હતો. કાર્મેલ પર્વત કે જ્યાં એલિયાહે બઆલના ૪૫૦ પ્રબોધકોને હરાવ્યા હતા, હાઈફા બંદર, તાબોર પર્વત કે જ્યાં વિશ્રામવારે ઈસુએ ઉપદેશ

કરેલો અને પિતરની સાસુને અને બીજા ઘણાં બધાને સાજાં કર્યાં હતા, આ પર્વતને રૂપાંતરનો પહાડ કહેવામાં આવે છે. અહીંયાં પિતરે અને યોહાને ૩ માંડવા બાંધવાની વાત કરી હતી. એલિયાહ, મૂસા તથા ઈસુ માટે. તબઘા ગામ કે જ્યાં ઈસુએ ગિરિપ્રવચન કર્યું હતું. અહીંયા ગિરિપ્રવચનનો પહાડ જોવા મળે છે. આ જગ્યાએ ઈસુએ પાંચ હજારને જમાડ્યા હતા. દબોરાહ ગામ કે જે બાઈબલમાં પ્રબોધિકા હતી તેનું ગામ. ન્યાયાધીશ ૪:૧૬ પ્રમાણે દબોરાહ અને બારાકે સિસરાને હરાવ્યો હતો તે ગામ. મેગીદોની ખીણ, યરદનની ખીણ, યરદન નદી, મગ્દલા, ગાલીલ સરોવર, કાપરનાહુમ, બેથાની, કીદરોન વેલી, માઉન્ટ હેઝેલ, યહૂદિયાનું રણ, લાઝરસની કબર, ભલા સમરૂનીની ધર્મશાળા, ઈજિપ્તના પિરામિડો, નાઈલ નદી, ગોસેન પ્રાંત, હેંગિંગ ચર્ચ, જોપ્પા શહેર, કાઈસારિયા, બહાઈ મંદિર, તિબેરિયસ કિબુત્સ, હેર્મોન પર્વત, યરેખો, હેરોદનો દરવાજો, સ્તેફનનો દરવાજો, દુ:ખનો માર્ગ (વાયા ડોલારસા). પવિત્ર કબરનું ચર્ચ, એનકરીમ, પિટર નોસ્ટર, મસાદાનો કિલ્લો, સુએઝ કેનાલ, પરફ્યુમ ફેકટરી, ગિઝા, સેંટ કોપ્ટીક ચર્ચ આ ઉપરાંત ઘણું બધું જોવાલાયક છે.



The place of the Crucifixion

# લેખકનો પરિચય



શ્રી છોટુભાઈ જી. પરમાર ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાં રહીને ડિસ્ટ્રીબ્યુશન પ્રમોટર તરીકેની સેવા આપે છે. આ સંસ્થામાં તેઓ ૧૯૮૦માં જોડાયા હતા.

સમયની સાથે તેઓની ખ્રિસ્તીબંધુ અને બાલવાડીમાં કૃતિઓ પ્રસિધ્ધ થતી રહી છે. તેઓએ પોતાના લેખોનો સંગ્રહ "પરિશ્રમની કેડીએ" જેના ૧ થી ૩ ભાગ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી મારફતે પ્રસિધ્ધ કરેલ છે. તેઓને પ્રભુએ લેખનનું જે દાન આપેલ છે તે માટે પ્રભુનો આભાર માનીએ છીએ. તેઓએ આ પુસ્તક દ્વારા એક નવો પ્રયાસ કર્યો છે. આ લેખનું પ્રવાસ વર્ણન અવશ્ય તેના વાંચકોને માટે આશીર્વાદ લાવનારું બની રહેશે.

તેમના આ ખાસ પરિશ્રમને પ્રભુ તેના મહિમા માટે આશીર્વાદીત બનાવે એવી પ્રાર્થના અને શુભેચ્છા છે.

પ્રેમભાવથી

**રેવ. ડૉ. હેમંતકુમાર જે. પરમાર**

સેક્રેટરી


Published and Di

GUJARAT TRACT AN

Sahitya Seva Sadan, Ne

Ellisbridge, Ahmedabad

Phone : 26445281 E-mail : g

10BGP1